
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૨ || અંક: ૯ || સપ્ટેમ્બર ૨૦૨૦ || સળંગ અંક : ૫૮૭

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in

**Sophisticated Instrumentation Centre for Applied Research and Testing (SICART): A SAIF CENTRE Supported by Department of Science and Technology (GoI) Managed by Charutar Vidya Mandal Vallabh Vidyanagar- 388120, Gujarat, India**



Read about the institute on Page No: 37 in this issue




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
સપ્ટેમ્બર - ૨૦૨૦
વર્ષ: ૨૨ અંક: ૯
સળંગ અંક: ૫૮૭

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ: ૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते ।


તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે, વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ

માનદ્ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

માનદ્ સહમંત્રીઓ
• શ્રી બી.પી. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in**
પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને
પ્રતિભાવ જણાવવા વિનંતી.

**आपृच्छस्व प्रयसखममुं तुङ्गमालिङ्ग्य शैलं वन्द्यैः पुंसां**
**रघुपतिपदैरङ्कितं मेखलासु।**
**काले काले भवति भवतो यस्य संयोगमेत्य**
**स्नेबव्यक्तिश्चिरविरहजं मुञ्चतो बाष्पमुष्णम्**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

हे मेघ! जिस पहाड़ से तुम लिपटे हुए हो, इसकी ढालों पर भगवान् रामचन्द्रजी के उन पैरों की छाप जहाँ-तहाँ पड़ी हुई है, जिन्हें सारा संसार पूजता है। प्रतिवर्ष जब तुम इससे मिलने आते हौ, तब यह भी वहुत दिनों पर मिलने के कारण अपने गरम-गरम आँसू बहाकर तुम्हारे साथ अपना प्रेम प्रकट करता है। इसलिए अपने इस प्यारे मित्र पहाड़ की चोटी से जी भर गले मिलकर विदा ले लो।


।। અતીતની અટારીએથી ।।
» **ભાઈકાકા : વિદ્યાનગરના શિલ્પી ........................ ૦૩**

।। પ્રાથમ્ય ।। બ્રહ્માંડનો અદશ્ય કાયદો
» **એસ.જી.પટેલ........................................ ૦૬**

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
» **રાજ અમરસિંહ, ભોજો ભગત, ધીરો, કૃષ્ણદાસ............. ૦૯**

।। નવાં કાવ્યો ।।
» **પુષ્કર રાય જોષી, કેશુભાઈ દેસાઈ, સાહિલ, રામુ પટેલ 'ડરણકર'.......... ૧૦**

।। આપણો વૈભવ અને વારસો ।। (ગદ્ય વિભાગ)
આજનો વિદ્યાર્થી
» **કાકા કાલેલકર........................................ ૧૧**

।। ચિંતન ।। ભારત જગતગુરુ કે સુપર પાવર બનવાની દિશામાં
» **નરેશ વેદ ........................................ ૧૨**

।। અભ્યાસ ।। Phytoplankton Biodiversity from Some Estuaries of Gujarat: A Review
» **Shefali Patel & Susmita Sahoo ..................... ૧૯**

।। અભ્યાસ ।। Democratic Decentralization and need to fix the accountability of Panchayats in present time
» **Ravi Rajarshibhai Adhwaryu ....................... ૨૩**

।। આયુર્વેદ ।। યવાગૂ-એક ભૂલાયેલી વાનગી
» **સાગર ભીંડે ........................................ ૨૬**

।। વાર્તા ।। **અંકુર**
» **મનીષા રાઠોડ ........................................ ૨૮**

।। સાંપ્રત ।। જમ્મુ-કાશ્મીરમાં નવી વસંત
» **શેમલ મેવાડા ........................................ ૩૧**

।। વ્યક્તિત્વ ।। આદર્શ શિક્ષક- દાર્શનિક રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
» **ઈશ્વરભાઈ વાઘેલા........................................ ૩૩**

।। જ્ઞાન-વિજ્ઞાન ।। ભારત રત્ન સર વિશ્વેશ્વરાયા
» **શ્યામ ખંભોળજા ........................................ ૩૫**

।। સંસ્થા પરિચય ।। Sophisticated Instrumentation Centre for Applied Research and Testing (SICART)
» Dr. A. R. Jani ........................................ ૩૫

।। ટૂંકા અવલોકનો ।। કાવ્યમંત્રઃ લાલજી કાનપરિયા, તમે કવિતા છોઃ ભરત વિંઝુડા
» **ભગીરથ બ્રહ્મભટ્ટ ........................................ ૩૯**

।। રમત-જગત ।। યોગાભ્યાસથી મન પર થતી અસરો
» **પી. ડી. શર્મા ........................................ ૪૦**

।। વિદ્યાવૃત્ત ।।
» **૨૭, ૩૦, ૩૨, ૩૪, ૩૬, ૪૨, ૪૪**

# ભાઈકાકા : વિદ્યાનગરના શિલ્પી

**દિલાવરસિંહ જાડેજા**

## વિદ્યાનગરનું નામકરણ

શૈક્ષણિક વસાહત માટે દોઢસો એકર અને સમગ્ર નગર માટે ચારસો એકર જમીન ફાળવવામાં આવી હતી. આ નવી વસાહત સરદાર પટેલના ગામ કરમસદ પાસે વસાવવામાં આવી. ''વિદ્યાનગર'' એવું નામ ઈન્દુલાલ યાજ્ઞિકે સૂચવ્યું અને એ રીતે વલ્લભવિદ્યાનગર નામકરણ થયું. વિદ્યાનગરની જમીન ''એક પંથ દો કાજ''ની રીતે મળી. તેની પાછળ ભાઈકાકાના અભિપ્રાયે મનુષ્યનું ''પ્રબુદ્ધ સ્વાર્થ''નું મનોવલણ કામ કરતું હતું. એવી કંઈક યોજના થાય કે એનાથી યોજનામાં ભાગ લેનારનો સ્વાર્થ પણ સધાય તો એમાં સાથ દેનાર ઘણા માણસ તૈયાર થઈ શકે. ભાઈલાલભાઈએ ગાંધીજીને વલ્લભવિદ્યાનગરની યોજના સમજાવતી વખતે આ ''પ્રબુદ્ધ સ્વાર્થ''ની વાત કહી હતી. એ સાંભળી ગાંધીજી હસ્યા. ગાંધીજીને ગળે એ વાત ઊતરી નહોતી, ગાંધીજીએ કહેલું, વિદ્યાનગરની યોજના અમલમાં મૂકવા માટે સેંકડો સ્વાર્થત્યાગી મનુષ્યોની જરૂર પડશે. એવા અનેક સ્વાર્થત્યાગીઓ દેશમાં મળવા વિશે ગાંધીજી વાજબી રીતે સાશંક હતા.

## સો વર્ષનો શો હિસાબ?

સરદારે ૧૯૪૫ના ઑગસ્ટ માસમાં પૂરા ત્રણ દિવસ સુધી ભાઈકાકા સાથે આ યોજનાની બારીકાઈથી ચકાસણી કરી હતી. ચર્ચા દરમિયાન ભાઈલાલભાઈને પૂછવામાં આવ્યું: ''આ યોજના પૂરી થતાં કેટલા વર્ષ લાગે?'' ભાઈલાલભાઈ: ''જેવો લોકોનો સહકાર. કદાચ પચીસ વર્ષ લાગે, પચાસ વર્ષ લાગે કે સો વર્ષ લાગે. પ્રજાના જીવનમાં જો આવું પરિવર્તનનું કામ થતું હોય તો સો વર્ષનો શો હિસાબ છે?'' ભાઈલાલભાઈના આવા દૃષ્ટિબિંદુ સાથે સરદાર સહમત થયા હતા. વિદ્યામંડળ તથા ગ્રામોદ્ધારમંડળના પ્રથમ પ્રમુખ થવાની ત્યાર બાદ એમણે સંમતિ આપી હતી.

## પડકાર ઝીલ્યો

વલ્લભવિદ્યાનગરની સ્થાપનાના કાર્યને વેગ મળે તે હેતુથી ભાઈલાલભાઈ અને ભીખાભાઈ આ ભેંકાર જગ્યા ઉપર રહેવા આવ્યા. પીવાનું પાણી મેળવવાની ત્યારે તકલીફ હતી. વીજળી તો હોય જ નહીં. એક પણ પાકું બંધાયેલું મકાન નહોતું. તેથી ઝૂંપડામાં રહ્યા. એમાં બે ખાટલા રાખ્યા. વચ્ચે એક ટેબલ મૂક્યું, જે જમવા અને લખવાના બેઉ ઉપયોગમાં આવતું હતું. વિદ્યાનગરના પ્રથમ નિવાસનો દિવસ ત્રીજી માર્ચ, ૧૯૪૬ હતો. તેથી ત્રીજી માર્ચને વલ્લભવિદ્યાનગરના સ્થાપના-દિવસ તરીકે ઊજવવામાં આવે છે. વિદ્યાનગરની પહેલી વિનયન અને વિજ્ઞાનની કોલેજ સરદાર પટેલના વડીલ બંધુ, મહાન દેશભક્ત અને હિંદુસ્તાનની સંસદના પહેલા ભારતીય પ્રમુખ વિઠ્ઠલભાઈના નામ સાથે સંકળાયેલી છે. એમાં બી.એ. અને બી.એસ.સી. સુધીના વર્ગોનું ચાર વર્ષોનું શિક્ષણ એક જ તબક્કામાં શરૂ થયું હતું. ગ્રંથાલય, પ્રયોગશાળા, કોલેજનું મકાન, આચાર્ય તથા અધ્યાપકગણનાં નિવાસસ્થાન, છાત્રાલયો, રમતનું મેદાન ઈત્યાદિની પર્યાપ્ત સુવિધા ટૂંકા સમયગાળામાં ઊભી કરવાનો પડકાર શૂન્યમાંથી સર્જાતી આ સંસ્થાએ ઝીલી લીધો હતો. અને તે પણ કપરી નાણાભીડ વચ્ચે.

### ચમત્કારિક લાગે તેવું

વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયના વિશાળ ભવનની પહેલી ઈંટ તા. ૧૫-૧-૪૭ના રોજ મુકાય, તા. ૪-૪-૪૭ના દિવસે એનું અધૂરા મકાને ઉદ્‌ઘાટન સરદાર પટેલને હાથે થાય, તા. ૨૧-૬-૪૭ના દિવસે તે વખતની મુંબઈ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર જસ્ટિસ મહમદ ચાગલા મંગળપ્રવચન આપે અને ઉત્સાહવર્ધક પ્રવચનમાં એમ કહે કે ''આજે આ સંસ્થાના જોડાણથી મુંબઈ યુનિવર્સિટીને માન મળ્યું છે એમ હું સમજું છું;'' ઘનશ્યામદાસ બિરલા અહીં ઈજનેરી કોલેજ શરૂ કરવા બિરલા એજ્યુકેશન ટ્રસ્ટમાંથી રૂપિયા પચીસ લાખનું દાન આપી શૈક્ષણિક પ્રવૃત્તિને અનેરો વેગ આપે, બિરલા ઇજનેરી કૉલેજની પહેલી ઈંટ તા. ૧૫-૧-૪૮ના રોજ મુકાય અને તા. ૧૪-૬-૪૮થી કૉલેજમાં ડિગ્રી અને ડિપ્લોમાના વર્ગોનો વિધિવત્ પ્રારંભ ભારતના તે વખતના છેલ્લા બ્રિટિશ ગવર્નર-જનરલ લોર્ડ માઉન્ટબૅટન કરે; અનેકવિધ મુશ્કેલીઓ છતાં ૧૯૪૭થી ૧૯૫૧નાં પાંચ વર્ષના ટૂંકા સમયમાં લગભગ અઢારસો વિદ્યાર્થી ભાઈ-બહેનો રહી શકે તેટલાં છાત્રાલયનાં મકાનો બંધાય, અનેક વિષયોમાં સંશોધન (કે.જી. થી પી. જી.) સુધીનું શિક્ષણ આપવાની વ્યવસ્થા એક જ સ્થળે બનેઃ એ બધું જોનારને ચમત્કારિક લાગતું હતું.

ભાઈલાલભાઈ અને ભીખાભાઈનું જીવનસમર્પણ, અન્ય કાર્યકરોનો સાથસહકાર, સંસ્થા સાથે સંકળાયેલ આબાલ-વૃદ્ધ, ગરીબ તેમ જ તવંગરની પ્રેમભાવના, કૉલેજના આચાર્યો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓનો સક્રિય સહકાર, ઇજનેરી ખાતાના મુખ્ય ઇજનેરથી માંડી કામ કરનાર કારીગરો અને મજૂરોનો સખત પરિશ્રમઃ આ નવસર્જન એને આભારી હતું. નવસર્જનના ભગીરથ અને વિકટ કાર્યમાં પ્રભુની પ્રેરણા અને બળ મળતાં રહે છે તથા જનતા તરફથી પૂરેપૂરો સહકાર પ્રાપ્ત થતો રહે છે, એમ ૧૯૫૦-૫૧ના અહેવાલમાં ચારુતર વિદ્યામંડળના પ્રથમ મંત્રી ભીખાભાઈ પટેલે નોંધ્યું છે. આજે વિદ્યામંડળ હસ્તકની પ્રાથમિકથી માંડીને કૉલેજ સુધીની શૈક્ષણિક સંસ્થાઓમાં પંદર હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. એમાંનાં ત્રણ હજાર જેટલાં વિદ્યાર્થી ભાઈ-બહેનો છાત્રાલયોમાં રહે છે. શિક્ષકો અને કર્મચારીઓ માટે ત્રણસો મકાનો છે. સરદાર પટેલ યુનિવર્સિટી હસ્તકનાં નિવાસસ્થાનો અને હૉસ્ટેલો તો જુદાં. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ખાનગી મકાનોમાં પણ રહે છે.

### ખાતમુહૂર્ત નાના માણસોને હાથે

ઈ. સ. ૧૯૪૬ના ધનતેરસના દિવસે પાયો ખોદવાનું મુહૂર્ત એક બ્રાહ્મણ ઓવરસિયર પાસે કરાવ્યું હતું. એ જ રીતે કામની પહેલી ખીંટી મારવા એક હરિજનની પસંદગી કરી હતી. ઈંટના ભઠ્ઠાનું ખાતમુહૂર્ત હરિજન મુકાદમ પાસે અને વર્કશોપનું ખાતમુહૂર્ત મુસ્લિમ ફિટર પાસે ભાઈલાલભાઈએ કરાવ્યું હતું. એમણે જે કામ હાથ ધર્યું હતું એમાં કોઈ મોટા માણસને તે વખતે શ્રદ્ધા નહોતી. ફક્ત સરદારને શ્રદ્ધા હતી. એટલે ખાતમુહૂર્ત કોઈ મોટા ગણાતા માણસ પાસે નહોતું કરાવ્યું. કામ સાથે પ્રત્યક્ષ સંકળાયેલા નાના ગણાતા માણસો પાસે જ કરાવ્યું હતું.

### ઈંટ-ચૂનો ત્યાં જ બનાવ્યાં

વિદ્યાનગરની યોજના સફળ થાય એ વિશે ઘણા બધા લોકોને શ્રદ્ધા નહોતી. વિદ્યાનગરના નિર્માણ માટે જે કાંઈ સામગ્રી જોઈએ તેનું મોટા ભાગનું નિર્માણ ભાઈકાકાએ સ્થાનિક કક્ષાએ શરૂ કર્યું હતું. શરૂઆત ઈંટોના ભઠ્ઠાથી કરી. ભઠ્ઠા શરૂ કરવા પૈસા નહીં. તેથી યોજના મૂકી કે જેને ઈંટો જોઈતી

હોય તે નોંધાવી જાય અને ચોત્રીસ રૂપિયા એક હજાર ઈંટના ભાવે ભરી જાય. ૧૯૪૬માં આણંદમાં ઈંટોનો ભાવ એક હજારે રૂપિયા પિસ્તાળીસનો હતો. લોકો સારી સંખ્યામાં ઈંટો નોંધાવી પૈસા ભરી ગયા. પરિણામે ઈંટોના ભઠ્ઠાનું કામ ઝપાટાબંધ શરૂ થયું. આ વખતે આજુબાજુના લોકો કહેવા લાગ્યા કે એક બાજુ કોલેજો બાંધવાની વાત કરે છે અને બીજી બાજુ ઈંટો વેચી ખાય છે; આ કાંઈ કોલેજો શરૂ કરવાના ઢંગ નથી. આવા સંજોગોમાં સામે પૂરે તરવાનું હતું.

બહારથી ચૂનો લાવવાનું મોંઘું પડે. તેથી ચૂનો પકવવા દસ ભઠ્ઠા તૈયાર કર્યા અને સ્વતંત્ર રીતે ચૂનો તૈયાર કર્યો. દૂરનાં મકાનો ઉપર પાણી લઈ જવા માટે સિમેન્ટની પાઈપો જોઈએ. વિદ્યાનગરમાં પાઈપો બનાવવા માંડી અને બહાર વેચવા પણ માંડી. લાકડું વહેરવા એક સૉ-મિલ ઊભી કરી. વર્કશોપ અને ફાઉન્ડ્રી પણ શરૂ કરી. સ્પન પાઈપનું એક કારખાનું ઊભું કર્યું. મકાનો માટે ટાઈલ્સ જોઈએ એટલે સિમેન્ટ ટાઈલ્સનું કારખાનું શરૂ કર્યું. ૧૯૪૭માં આર્ટ્સ અને સાયન્સ કૉલેજ ચાલુ કરવાનો નિર્ધાર હતો. એટલે છાપખાનાનું મકાન પણ બાંધ્યું. સંસ્થાની જરૂરિયાતો સંતોષાય અને બહાર વેચાણ પણ થાય એવા સ્વાવલંબનના ધોરણે આ બધાં કામો ભારે નાણાભીડ વચ્ચે હાથ ધરાયેલાં.

## ''ધૂળમાંથી સોનું નિપજાવ્યું છે''

૪થી એપ્રિલ, ૧૯૪૭ના રોજ વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયના એ સમયે અધૂરા રહેલા વિશાળ ભવનનું ઉદ્‌ઘાટન કરવાનું સરદારે પ્રેમપૂર્વક સ્વીકારેલું. ભાઈલાલભાઈએ પોતાનો સાથ છે એવું જાહેરમાં દર્શાવતી વખતે સરદારે કહેલુંઃ ''મારી પાસે તો વિદ્યાલય શું ખુલ્લું મુકાવવાનું હતું?... ભાઈલાલભાઈએ પોતે વિદ્યાલય ખુલ્લું મૂકયું હોત તો વધુ યોગ્ય લાગત, કારણ મહેનત એમની છે...મેં એમને આ આડે માર્ગે બેસાડયા છે. એનો અખતરો નવા પ્રકારનો છે, જે સ્વતંત્ર હિંદુસ્તાનમાં આદર્શ ગામ કેવું હોવું જોઈએ તે બતાવશે... એને સાથ આપવા અહીં આવ્યો છું.'' સરદારે વિશેષમાં કહેલુંઃ ''ભાઈલાલભાઈએ ધૂળમાંથી સોનું નિપજાવ્યું છે....જંગલમાં મંગલ થયું ! નહીં તો અહીં આટલા બધા માણસો કયાંથી, આવવાના હતા?... અહીં તેર મહિનામાં ઊભું કરેલું કામ અદ્‌ભુત છે. એ ઉપરથી ત્રણ વર્ષ પછી સંસ્થાનું સ્વરૂપ કેવું હશે એનો ખ્યાલ આવશે.''

---

ભાઈકાકા શતાબ્દી ગ્રંથમાંથી સાભાર

## બ્રહ્માંડનો અદશ્ય કાયદો

એસ. જી. પટેલ

આપણે અનિશ્ચતતાથી ભરપુર દુનિયામાં જીવી રહ્યા છીએ. આવી દુનિયામાં ગમે તે ક્ષણે અઘટિત બની શકે છે. આવું શાથી થયા કરે છે તેનો કદી વિચાર આવે છે ખરો? શક્ય છે કે તમે કોઈક નિમિત્તે ઘરની બહાર નીકળો છો અને અકસ્માતના ભોગ બનો છો. નોકરી મેળવવા માટે ઈન્ટરવ્યુ આપો છો અને ઘણી જ સારી રીતે તૈયારી કરી હોવા છતાં તમો અપેક્ષા મુજબ સફળતા પામતા નથી. એવું પણ બને છે કે કોઈ નજીકના સ્નેહી કે મિત્ર સાથેના સંબંધોમાં કોઈક નાનકડી વાતમાં ગેરસમજ ઊભી થતાં એ વ્યક્તિ સાથેના સંબંધમાં ખટાશ, ખારાશ કે કડવાશ આવી જાય છે. કેટલાક લોકોમાં તેમની કલ્પનાશક્તિમાં અવરોધ ઊભો થતાં વિચારવાયુના ભ્રમણે હતાશામાં સરકી જાય અને પોતાની જાતને તેમજ પરિવારને સંભાળવામાં મુશ્કેલી અનુભવે. આમ જીવનમાં બનતી ઘટનાઓ હવામાન જેટલી અચોક્કસ અકલ્પનીય હોય છે.

આપણે બધા ટેલીવીઝનમાં સમાચાર જોવા ટેવાઈ ગયા છીએ અને સમાચારપત્રોમાં આવતી ઘટનાઓ વિષે વાંચીએ છીએ જેમાં ૫૦% કરતાં વધારે અણધારી બાબતોનો સમાવેશ થાય છે. આવી ઘટનાઓ આપણી આસપાસ તેમ જ સમગ્ર વિશ્વમાં થયા કરતી હોય છે. આપણે કદી એવો વિચાર કર્યો છે કે આવું બધું શાથી થયા કરે છે? શા માટે આ જગતમાં કાયમી સુખ-શાંતિ લાંબો સમય ટકતી નથી? આપણે આધ્યાત્મિક વ્યક્તિ તરીકે જેટલો લાંબો સમય આ ધરતી પર રહીએ છીએ તેમ આપણાં કર્મોની ગુણવત્તા ધીમે ધીમે ઘટતી જાય છે. પરિણામે તેમાંથી નિપજતી ઊર્જા આપણી ચારે તરફ પ્રસરતી જાય છે. વળી, તે ઊર્જા પરાવર્તન પામી આપણી તરફ વારંવાર પરત આવે છે.

સાહજિક રીતે આપણાથી નકારાત્મક ચિંતન થાય. અપશબ્દ બોલાઈ જાય કે ન કરવાનું કરી બેસીએ છીએ ત્યારે તે વિચાર, શબ્દ કે કર્તવ્ય ભૂલી જવા છતાં તેની સૂક્ષ્મ અસર અથવા સંસ્કાર આત્મા પર અંકિત થઈ જાય છે. આનાથી આપણી આસપાસના લોકોમાં અને પ્રકૃતિના તત્ત્વોમાં નકારાત્મક પરિસ્થિતિઓનું નિર્માણ થાય છે. તેની સારી કે ખોટી અસર કેટલાક દિવસો, મહિના કે વર્ષો પછી થતી હોય છે. એવું પણ બને કે એ અસર આ જન્મમાં થવાને બદલે બીજા જન્મોમાં થાય.

શાળામાં આપણે ન્યૂટનનો ગતિનો ત્રીજો નિયમ ભણ્યા હતા. તે નિયમ પ્રમાણે ''પ્રત્યેક ક્રિયા પાછળ તેની પ્રતિક્રિયા સરખા પ્રમાણમાં વિરુધ્ધ દિશામાં થાય છે.'' આ નિયમ માત્ર ભૌતિક રાશીઓમાં લાગુ પડે એવું નથી, તે આધ્યાત્મિક કક્ષાએ પણ એટલો જ અસરકારક છે.-દરેક કર્મ, સારું કે ખોટું - તેનું પરિણામ વહેલા કે મોડા, જે તે વ્યક્તિએ ભોગવવું જ પડે છે. આમ કર્મનો બદલો કોઈ સામેની વ્યક્તિ થકી, આપણા પોતાનાથી અથવા આપણી આસપાસના પરિસરમાં થતી ઘટનાઓમાંથી પ્રાપ્ત થતો હોય છે. તેથી તો કહેવત પડી છે- ''જેવું કરશો તેવું ભોગવશો'', ''વાવે તેવું લણે''. ભૌતિક રાશીઓમાં બળનું માપન થઈ શકે છે અને તે માપનની ગણતરીઓ કરી વિજ્ઞાનક્ષેત્રે બળના પ્રયોગો દ્વારા વિવિધ કાર્યો સરળ રીતે કરી શકાય છે. પણ અધ્યાત્મક્ષેત્રે કર્મની તીવ્રતાનું માપન,- કેટલું સારું કે ખોટું? કેટલું સકારાત્મક કે નકારાત્મક?- થઈ શક્તું નથી. છતાં આપણી ચર્ચામાં સકારાત્મક છે કે નકારાત્મક એ સમજી શકાય છે. આપણે જ્યારે વ્યવહારમાં કર્મ કરીએ છીએ ત્યારે એની સભાન નોંધ લેવાતી નથી, છતાં અજ્ઞાત સ્વરૂપે તે ભવિષ્યની નિયતિ માટે જમા થઈ જાય છે. આને બ્રહ્માંડનો અદશ્ય કાયદો કહેવાય છે, જને આપણે કર્મના સિદ્ધાંત તરીકે ઓળખીએ છીએ.

કર્મનું ફળ એવું નથી હોતું કે જેને આપણે ઓળખી શકીએ. દા.ત. આપણા કોઈ સાથી કાર્યકર સાથે ગુસ્સામાં ઝગડો થઈ ગયો અને બે-ચાર કલાક પછી રસ્તામાં અકસ્માત થઈ જાય તો એનો અર્થ એવો ન માની શકાય કે ઝગડો કર્યો એટલે જ અકસ્માત થયો. તે જ રીતે માનો કે આજે કલ્યાણ અર્થે કંઈક દાન કર્યુ અને બે-ત્રણ દિવસ પછી ધંધામાં સારો નફો થાય એટલે એવું નહીં કે દાન કર્યું એટલે નફો વધી ગયો. આનુ કારણ એ છે કે આપણે કર્મ તો સતત કર્યા જ કરીએ છીએ, તેમાં કેટલાંક પોઝીટીવ છે તો કેટલાંક નેગેટીવ પણ હોય જેના આધારે પોઝીટીવ અને નેગેટીવ સંસ્કાર આત્મામાં જમા થતા હોય છે. આ સંસ્કાર પ્રમાણે આપણી આસપાસ અસર ઊભી થતી હોય છે. કર્મ કેટલું પોઝીટીવ કે નેગેટીવ છે એના પ્રમાણમાં તેની પ્રતિક્રિયા પ્રતિભાવ સ્વરૂપે કાર્યાન્વિત થાય છે.

આપણા બધાની મહેચ્છા હોય છે કે આપણે એવું જીવન જીવીએ કે જેમાં નેગેટીવ પરિસ્થિતિનો સામનો કરવો જ ના પડે, ભલે તે પાછલા કર્મોનો પ્રભાવ હોય તો પણ. પાછલા કર્મો એટલે કે તે આ જન્મના તેમ જ પાછલા જન્મોના હોઈ શકે. પાછલા જન્મોના કર્મો

સપૂર્ણપણે ભૂલાઈ ગયા હોય છે. પાછલા પ્રત્યેક જન્મમાં થયેલા સંકલ્પો, બોલાયેલા શબ્દો અને આચરેલા કર્મોનો પ્રભાવ સંસ્કાર સ્વરૂપે આત્મા સાથે જોડાયેલ હોય છે. તેના કારણે જ પોઝીટીવ કે નેગેટીવ પરિસ્થિતિઓ આપણા વર્તમાન જીવનમાં દેખા દેતી હોય છે. નવો જન્મ થતાં જ પાછલા જન્મોનું કંઈ જ યાદ ન રહેવાથી વર્તમાન પરિસ્થિતિઓ પર આપણું નિયંત્રણ રહેતું નથી. આવા સંજોગોમાં નેગેટીવ સંસ્કારનો પ્રભાવ અટકાવવા કોઈ ઉપાય હોવો જોઈએ. મેડીટેશન એ એક એવી પ્રવૃત્તિ છે જેના થકી ભૂતકાળના નબળા સંસ્કારો પર વિજય મેળવી શકાય છે. ધ્યાન અવસ્થામાં કલ્પનાશક્તિના બળે શક્તિશાળી દૃશ્યો માનસપટ પર સર્જી શકાય છે. આ શક્તિ મૂળભૂત રીતે દરેક વ્યક્તિને પરમાત્મા તરફથી બક્ષીસ રૂપે મળેલી હોય છે. પણ સદ્‌વિચાર બીજમાંથી ઉદ્‌ભવેલાં કલ્પનાચિત્રો દ્વારા શક્તિશાળી વાયબ્રેશન્સ/કંપનોનું સર્જન થાય છે આ અદૃશ્ય શક્તિ થકી પૂર્વજન્મના નકરાત્મક કે નબળા સંસ્કાર ઢાંકી શકાય છે. પરમાત્મા તરફથી મળતા શક્તિશાળી વિકિરણો આપણા શરીરમાં લેઝર કિરણોની જેમ ઊર્જાનો સંચાર કરી તાજગી ભરી દે છે. નિયમિત પણે મેડીટેશન કરવાથી તમારી અગાધ શક્તિઓનાં દ્વાર ખૂલશે. તમને મળેલ સદ્‌ગુણોનો ખજાનો ભરપુર છે તેવો અહેસાસ થશે. તમારી મૂલ્યવાન આંતરિક શક્તિઓ વિશિષ્ટતા ધરાવે છે તેની અનુભૂતિ કેળવાશે. તમે મૂર્ત સ્વરૂપ પ્રેમાળ બનશો જેનાથી જ્વાળામુખ જેવા બિહામણા પ્રસંગે પણ શાંત સ્વરૂપ થઈ ધીરજવાન બની જશો. દરેક ક્ષણે, પ્રત્યેક વ્યક્તિ સાથે બધી પરિસ્થિતિઓમાં આપનું મુખારવિંદ સંબંધીઓમાં સુવાસ ફેલાવશે. તમારી ધૈર્યસભર પ્રકૃતિથી સૌના દિલ જીતી શકશો.

એક પ્રચલિત કહેવત છે કે પારસમણિના સ્પર્શથી લોખંડ પણ સોનું બની જાય છે. આપણે પારસમણિ જેવા બનવાનું છે. જ્યારે આપણા શબ્દો અને કર્મો એવા શક્તિશાળી બને કે જેથી બીજા લોકો આપણા થકી પ્રોત્સાહન મેળવી તેમનામાં સદ્‌ગુણોનો સંચાર થાય. આપણે નાની-નાની વાતમાં પણ કાળજી લેતા થઈએ તો બધાં જ કર્મો સત્કર્મો બની જશે. દરેક પ્રસંગે પ્રતિક્રિયાત્મક બનવાને બદલે પ્રતિભાવાત્મક થવાથી લાંબા ગાળે મધુરતાથી ભાવ-વિભોર બની શકીશું.

આત્મનિરીક્ષણ એટલે જ સારા માનવ બનવાની ઈચ્છા આત્મનિરીક્ષણ કરવાથી પોતાના હૃદયરૂપી દર્પણમાં પોતાની જાતનું સાચુ પ્રતિબિંબ મેળવવું. તેના થકી આપણી આધ્યાત્મિક શક્તિને સરળ રીતે કાર્યરત કરી શકાય, આ બધાને પરિણામે આપણામાં સાહજિક રીતે દૈવીગુણો સક્રીય થાય અને ભૂતકાળના નેગેટીવ સંસ્કારોથી રાહત મળે ઉપરોક્ત તમામ ચિંતનાત્મક બાબતોને સમજવા એક પ્રાસંગિક ઘટનામાં ડોકિયું કરીએ.

અમદાવાદના ભરતકુમાર ભગતે પોતાના જીવનની એક વાત સરસ રીતે લખીને ઈ-મેઈલથી મોકલી છે. આજથી ૧૪ વર્ષ પહેલાંની વાત છે. ભરતભાઈનો પુત્ર રાજિત બિમાર પડ્યો. ડોક્ટરે નિદાન કર્યું કે રાજિતને મેનેન્જાઈટિસ છે. બિમારીને કારણે રાજિતની આંખો નબળી પડી ગઈ હતી. એવો ડર હતો કે રાજિતની આંખો કાયમ માટે ચાલી જશે. ભરતભાઈ અને તેમનાં પત્નિ જાગૃતિબેન સતત ચિંતામાં રહેતાં હતાં. રાજિતને બતાવવા ભરતભાઈ દવાખાને ગયા. ખાનગી દવાખાનાના વેઈટીંગ લોન્જમાં ભરતભાઈ પોતાનો વારો આવવાની રાહ જોતા બેઠા હતા.

એવામાં એક અપંગ અને અણસમજુ દેખાતો બાળક દવાખાનામાં ઘૂસ્યો. તેના હાથમાં અગરબત્તિનાં પેકેટ્સ હતાં તે બધાને પૂછવા લાગ્યો કે અગરબત્તી લેવી છે? બાળકને જોઈને રિસેપ્સન કાઉન્ટરે બેઠેલા માણસે રાડ પાડી. તું પાછો આવી ગયો? ચાલ બહાર નીકળ. તને ના પાડી છે તો પણ ચાલ્યો આવે છે. બહુ ખરાબ રીતે તેણે બાળકને તતડાવ્યો. ભરતભાઈએ એ બાળકને પૂછ્યું, તને આટલી ખરાબ રીતે ખખડાવે છે તો પણ તું શા માટે અહીં આવે છે?

અણસમજુ દેખાતા એ બાળકે મોટી વાત કરી દીધી. બાળકે કહ્યું કે, હું મારું કામ કરું છું અને તે એનું કામ કરે છે. મારુ કામ છે અગરબત્તી વેચવાનું, એટલે હું અગરબત્તી વેચું છું. તેનું કામ છે મને કાઢી મૂકવાનું એટલે એ મને કાઢી મૂકે છે. બાળકે વાત આગળ વધારી. તેમણે કહ્યું કે હું અપંગ છું. ગઈકાલે મારે ઘેર જવામાં મોડું થયું. ઘરે પહોંચ્યો ત્યારે મારી મા રડતી હતી. મેં તેને પૂછ્યું તો કહ્યું કે- તારી ચિંતા થતી હતી. તને કંઈ થઈ જાય તો? બાળકે તેની માને કહ્યું કે એ કામ તારું નથી. તું ઘરનું કામ કરે છે, બધાનું ધ્યાન રાખે છે. બધા માટે જમવાનું બનાવે છે. તારા બદલે હું જમવાનું બનાવું તો તને ગમે? ના ગમે ને? મારી ચિંતા કરવાનું કામ ભગવાનનું છે ને ભગવાનના કામમાં દખલ કરીશ તો ભગવાનને પણ નહીં ગમે!

ભરતભાઈ કહે છે કે એ બાળક તો આટલી વાત કરીને ચાલ્યો ગયો, પણ મને આખી જિંદગી કામ લાગે એવો પાઠ શીખવાડી ગયો. હું સાવ હળવો થઈ ગયો. મને વિચાર

આવ્યો કે હું દીકરાની ચિંતા ખોટી કરું છું. એ કામ મારું નથી. મારું કામ તો તેને બેસ્ટ ટ્રીટમેન્ટ અપાવવાનું, તેનું જતન કરવાનું અને તેને પોતાના દર્દમાં રાહત થાય તેવા પ્રયત્ન કરવાનું. હું મારું કામ કરું અને બીજું કામ જેનું છે એના પર છોડી દઉં. ભગવાને તેનું કામ કર્યું.

ભરતભાઈ અને જાગૃતિબેન કહે છે કે એ બાળકની વાત અમને જીવનમાં ડગલે અને પગલે કામ લાગી છે. કર્મના સિદ્ધાંતમાં એક વાત અદૃશ્ય રીતે પણ કહેવામાં આવી છે. કર્મ કરશો એટલે ફળ તો મળવાનું જ છે. સનાતન સત્ય એ છે કે સારું કામ કરશો તો સારું ફળ મળશે અને ખરાબ કામ કરશો તો ખરાબ ફળ પણ મળવાનું જ છે. તમારા કામને ઓળખો અને એન્જોય કરો.

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

॥ શ્રદ્ધાંજલિ ॥

## સુરેશભાઈ પરિખ

**જન્મઃ ૨૬-૯-૧૯૩૩ રાજપીપળામાં** **નીરવાણઃ ૨૮-૭-૨૦૨૦ સુરતમાં**

### વિદ્યાનગરમાં સુરેશભાઈ – શ્રી મુનિ દવે

૧૯૬૯માં એન્જિનિયરિંગ કોલેજ બીવીએમની હોસ્ટેલમાં સુરેશભાઇ દર સોમવારે આવીને પ્રાર્થના કરાવે અને ગાંધી વિનોબાની વાતો કરે. પછી જે વધારે રસ લે તેની રૂમ પર આવીને વાતો કરે. વિદ્યાનગરમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓની જાણ કરે કે ત્યાં, ગીતા સ્વાધ્યાય ચાલે છે, ત્યાં શ્રી અરવિંદ વિષે વાતો થાય છે, ત્યાં વિવેકાનંદ સ્ટડી સેન્ટર ચાલે છે, વગેરે. સુરેશભાઈ અમને ગમવા લાગ્યા. દર સોમવારે સાંજે કોમર્સ કોલેજની લોનમાં થોડા વિદ્યાર્થીઓ બેસીને જે ઠીક લાગે તે વાતો કરે. તે વાતોના વિષયોમાં રાજકારણ હોય, હોસ્ટેલના પ્રશ્નો હોય, ફિલ્મો હોય. આ બધી વાતોને સુરેશભાઈ જીવન ઘડતરના ભાગ તરફ લઈ જાય. આ પ્રવૃત્તિ પછીથી જુદા જુદા સ્વરૂપો પકડતી ગઈ અને એને નવા નામો મળતા ગયા મિત્રમંડળ, માય ઑન મેસ, વિચારવલોણું, અને છેલ્લે માનવ વિકાસ કેન્દ્ર. કોઈપણ જાતનો આગ્રહ રાખ્યા વગર, કોઈ વ્યક્તિ કે ધર્મની કે વિચારધારાની કંઠી બંધાવ્યા વગર, કે બાંધેલી કંઠી છોડાવ્યા વગર, પોતાનો કોઈ વિચાર ઠોકી બેસાડ્યા વગર તેઓ અમારા જેવા વિદ્યાર્થીઓ સાથે વાતો કરતા રહ્યા અને એ રીતે અમારા વિચારો, આગ્રહોને સ્પષ્ટતા દેતા ગયા. તે ઉંમરે બંધાતા અમારા વિચારપિંડને અમારા ઘરના સંસ્કારો જાળવીને ચોક્કસ આકાર આપવામાં સુરેશભાઈનો બહુ મોટો ફાળો.

જ્યારે ભાઈકાકા અને ભીખાભાઈએ વિદ્યાનગરની કલ્પના કરી હશે ત્યારે તેઓના મનમાં જૂનું ગુરુકુળ હશે જ્યાં ગુરૂઓ, વિદ્યાર્થીઓ સાથે રહે, સાથે ભણે અને જીવનનો વિકાસ કરે. આવી જ કલ્પના નાનાભાઈએ લોકભારતી વખતે, જોબનપુત્રાએ શારદાગ્રામ વખતે અને ટાગોરે શાન્તિનિકેતન વખતે કરી હશે. આવો જીવંત સંપર્ક જાળવવો એ વિદ્યાનગરની આવશ્યકતા છે. સુરેશભાઇ જેવા અધ્યાપકોએ એ કામ કર્યું છે. આથી જ જ્યારે સુરેશભાઈએ જ્યારે કોલેજમાંથી સ્વૈછિક નિવૃત્તિ લીધી અને મંડળનું ક્વાર્ટર ખાલી કરવા માંડ્યા ત્યારે એચ એમ પટેલ સાહેબે તેમને રોકેલા અને આવું કશુંક વિચારીને જ તેમણે કહેલુંઃ ‘‘તમે કોલેજમાં જઈને ભણાવો તો જ શિક્ષણનું કામ થાય તેમ ના માનો. તમે આ કેમ્પસમાં રહો છો એટલા માત્રથી વિદ્યાનગરનો હેતુ સરે છે.’’ અને સુરેશભાઈ એ જ ક્વાર્ટરમાં રહ્યા.

❄

શ્રી સૂરેશ ભાઈ પરીખ અર્થાત ‘સુરજદાદા’ કે જેમણે નવોદિત પેઢીમાં વાંચન, વિચાર અને લેખનના સંસ્કારો સિંચ્યા અને વિક્સાવ્યા. અગણિત યૂવા મિત્રોને કપરા સમયે ઢંઢોળી ને જગાડ્યા તેવા કાર્ય ઊર્જા પ્રગટાવનારા સુરજદાદાને સદભાવ સુમન સમર્પિત..

## ભકિત ખાંડા કેરી ધાર

**રાજ અમરસિંહ**

ભગતી છે ખાંડા કેરી ધાર જી
ભગતી છે ખાંડાની ધાર
તેમાં કોઈ વિરલા સમજે સાર - ભગતી.

સમજયા તે નર થયા સુખિયા
ના'વ્યા ઉદર મોજાર એ;
સમજી બાળા વ્રજની જેણે
છોડયા નિજ ભરથાર જી. - ભગતી.

પીપો સમજયો, સજનો સમજયો
સમજી કુબજા નારજી;
શવરી સમજી બોર લાવી,
આરોગ્યા કૌશલ્યાકુમાર. - ભગતી.

મળે નહિ આવો દેહ ઉત્તમ,
સંતો વારમવાર જી;
રાજ અમર કે'એવા જન મારા
પ્રાણ તણા આધાર. - ભગતી.

## પંખીનો મેળો

**ભોજો ભગત**

આ છે પંખીનો મેળો રે
ભાઈ ! કોઈ ભવ નહીં ભેળો રે... ટેક.

ચારે દિશાથી ચાલી મળ્યાં ને ખૂબ બન્યો ખેળો રે,
જૂજવા જૂજવા ઊડી જાશે પછી દઇને દુમેળો રે....૧

નર જાણે હવે નિરભે થયા ને અવસર અધૂરો રે,
પરિ ભજ્યા વિના હાણ ઘણી છે, ડહાપણ શું ડોળો રે....૨

જન્મ ધર્યો હરિ જાણ્યા વિના ને આખર ઊભેળો રે,
ભોજે ભગત કહે ઉવટી જાશે પતંગ રંગ પીળો રે ....૩

## ક્ષણભંગુર સંસાર

**ધીરો**

મન, તુંહી તુંહી બોલ રે,
આ સપના જેવું તન તારું
અચાનક ઊડી જશે રે જેમ દેવતામાં દારુ... મન.

ઝાકળજળ પળમાં વહી જાશે જેમ કાગળને પાણી,
કાયાવાડી તારી એમ કરમાશે થઇ જાશે ધૂળધાણી,
પાછળથી પસ્તાશો રે મિથ્યા કરી મારું મારું... મન.

કાચનોકૂંપો કાયા તારી વણસતાં ન લાગે વાર,
જીવ-કાયાને સગાઇ કેટલી? મૂકી ચાલે વનમોઝાર,
ફોગટ ફૂલ્યા ફરવું રે ઓચિંતું થાશે અંધારું... મન.

જાયું તે સરવે જવાનું, નથી ઊગરવાનો ઉધારો,
દેવ, ગંધર્વ, રાક્ષસ ને માણસ, સહુને મરણનો મારો,
આશાનો મહેલ ઊંચો રે, નીચું આ કારભારું... મન.

ચંચલ ચિત્ત ચેતીને ચાલો, ઝાલો હરિનું નામ,
પરમારથ જે હાથે તે સાથે, કરો રહેવાનો વિશ્રામ,
ધીરો ધરાધરથી રે કોઇ નથી રહેનારું... મન.

મન તુંહી તુંહી બોલે રે
આ સપના જેવું તન તારું
અચાનક ઊડી જાશે જેમ દેવતામાં દારું...મન.

## આનંદમાં રે' વું રે

**કૃષ્ણદાસ (કૃષ્ણજી)**

અનુભવીને એકલું રે આનંદમાં રે'વું રે;
ભજવા પરિબ્રહ્મને બીજું કાંઈ ન કહેવું રે... ૧.

એક જાણીને આતમા કોઇને દુઃખ ન દેવું રે;
સુખદુઃખ આવી મળે સે'જમાં તે સહીને રે'વું રે... ૨.

સંસારી સુખની તૃષ્ણાથી અળગા રહેવું રે;
સમદૃષ્ટિ ને સમતા ગ્રહી આપને ખોવું રે... ૩.

આદિ અંત મધ્ય એને એકાદ્વૈત ભાસ્યું રે;
આતમાના ઉદય થકી અજ્ઞાન નાસ્યું રે... ૪.

વેદ જોયા પુરાણ જોયા સરવે જોયું રે ;
રામના નામથી મોટું સરવે સંતે કહ્યું રે ... ૫.

સદગુરુને સેવતાં મારું મનડું મોહ્યું રે ;
કૃષ્ગ કહે મહાપદમાં મારું ચિત્તડું પ્રોયું રે... ૬.

## ગીત

**પુષ્કર રાય જોષી**

આખા જગમાં જોને મનવા
ધૂમ મચ્યો હોબાળો,
પૂર હવે તો ઘરમાં પૂગ્યાં
કેમ કરીને ખાળો?
-સૌનો રામ થશે રખવાળો

સૂની શેરી, સૂનાં રસ્તાં,
ક્યાય કશો ન ઘોંઘાટ,
પિંજરમાં પુરાઈ ફફડતાં
સૌ જીવ કરે ઉચાટ
વાનર શાં નર કોઈ કરતાં
તોય લોહી ઉકાળો
-તેને કેમ કરીને વાળો

રાવણ શો એંકારી માનવ
હવે ગરીબડી ગાય;
નીચી મુંડી રખી કબૂલે
ધાર્યું ધણીનું થાય
ઘરમાં ધુંઆફુંઆ થૈને
દેશે મનમાં ગાળો
-તોયે રામ થશે રખવાળો

૪૭૯, ગુજ.હાઉસિંગ ઉપવન પાર્ક
કણકોટ પાટિયા, કલાવાડા રોડ,
રાજકોટ. મો.:૯૯૨૫૩૬૫૧૬૯

## અજગર

**કેશુભાઈ દેસાઈ**

**(સોનેટ/શિખરિણી)**

ચડાવીને મોઢું પડી રહી પૂરી રાત પડખે;
ન બોલી કે ચાલી, નવ નજર માંડી મુજ ભણી.

કરી ચેષ્ટા જ્યારે નજદીક સરીને ગુપચૂપ-
ફરીને પાસું ત્યાં હડ હડ દીધો શું અવગણી!
પડી રાત્રી આખી-હઠ હુંય હવે છોડીશ નહીં;
કરે છો કંટાળો-અવર જણ ક્યાં છે મન મહીં?

ઘણી રંગેચંગે સતત મુજ સંગે જ વિહરી-
બધા મિત્રો વચ્ચે, પરિજન તણા વર્તુળ મહીં;
વળી શૃંગો ઊંચાં ગિરિવર તણાં હાથ પકડી-
ચઢી મારી સાથે, ઊડણ ચકડોળે નભ મહીં!

કદી કોઈ બોલ્યું લવ મુજ વિશે વાંક પડતું-
વિના કો વિલંબે ખડી થઈ ગઈ ઢાલ સમ તું....

'તને શોભે આવું- પ્રિયજન થકી દૂર ખસવું?'
-અને બાઝી જાણે અજગર સમી, શીદ હસવું!

૧૩- ઐશ્વર્ય-૧ પ્લોટ:૧૩૨ સેક્ટર:૧૯,
ગાંધીનગર-૩૮૨૦૨૧ મો.: ૯૮૭૯૫૪૩૧૩૨

## ગઝલ

**સાહિલ**

શ્વાસોના ટોળેટોળાઓ ત્યાગ્યા કરે છે દોસ્ત
શું જીવવાથી જીવજી ભાગ્યા કરે છે દોસ્ત

જો શૂન્યતાનો વંશવેલો હોય ચોતરફ
તો મૌન આરપાર શું વાગ્યા કરે છે દોસ્ત

પાતાળના ઊંડાણ લાગે છીછરા છતાં
ઉંડાણ આંખના સહુ તાગ્યા કરે છે દોસ્ત

કોઈના સાથે કોઈ દિવસ ચાલ્યાં હોય ના
સથવારો કાં એ માણસો માગ્યા કરે છે દોસ્ત

લોકો અનાદિકાળથી જે આવ્યાં છોડતાં
આલાપ એ જ કાં હજી રણ્યા કરે છે દોસ્ત

આ વાતનો ઉકેલ કહો કેય લાવવો
મારો અહાંગરો મને લાગ્યા કરે દોસ્ત

'સાહિલ' ફિકર ખુદાને નથી કેમ માનું હું
હું સૂતો હોઉં ત્યારે એ જાગ્યા કરે છે દોસ્ત

'નીસા' ૩/૧૫-દયાનંદ નગર, રાજકોટ,
મો.: ૯૪૨૮૭૯૦૦૬૯

## સમય ક્યાં છે?

**રામુ પટેલ 'ડરણકર'**

સૌની છે એક જ ફરિયાદ કે સમય ક્યાં છે?
મતલબ કે આપણી વચ્ચે પ્રણય ક્યાં છે?

હું ય તે હમણાં જ નમાવી દઉં આ મસ્તક
આ સંસારમાં એવાં પુનિત ચરણ ક્યાં છે?

પારધીના તીરથી મારે પણ બચવું હતું
શીબી રાજા તણું અહીં શરણ ક્યાં છે?

મૃગજળ ગટગટાવી લઉં એવી તરસ ક્યાં છે?
એવાં રણ ક્યાં છે? ને એવાં હરણ ક્યાં છે?

ત્રણ ગોળીથી હુંય તે તન વીંધાવી લઉં પણ
રાષ્ટ્રને કાજે મળે એવાં મરણ ક્યાં છે?

બી/૪, મનોરથ, સોલારોડ, અમદાવાદ,
મો.:૯૮૯૮૪૩૨૫૨૩

# આજનો વિદ્યાર્થી

**કાકા કાલેલકર**

આજના વિદ્યાર્થીની મૂંઝવણનો પાર નથી. જીવનની શરૂઆતમાં જ તેની આગળ આકરા સવાલો ઊભા થાય છે. અને એનો જમાનો પણ કેવો ! કશું જ સ્થિર કે નિશ્ચિત ન મળે. ધાર્મિક, સામાજિક, લૈંગિક, આર્થિક, રાજદ્વારી બધા આદર્શો આજે નિર્દયપણે કસાય છે. જીવન દહાડે દહાડે જટિલ થતું જાય છે. ઘેર એક જાતની દુનિયા, ચોપડીઓમાં બીજી જાતની, શિક્ષણસંસ્થામાં ત્રીજી, સમાજમાં ચોથી અને મનોરાજ્યમાં વળી પાંચમી આવી પંચવિધ દુનિયાના રહીશ થવું એ અઘરું છે.

આવી મૂંઝવણમાં માબાપની અથવા ગુરુજનની સલાહ લેવી એ સ્વાભાવિક રસ્તો છે. પણ માબાપોએ અને ગુરુજનોએ પોતાના અસ્વાભાવિક જીવનથી એ માર્ગ લગભગ અશક્ય કરી મૂક્યો છે. માબાપો ઉપદેશ કરે છે એક જાતનો, કેળવણી આપે છે બીજી જાતની, અને બાળકો પાસે અપેક્ષા રાખે છે ત્રીજા જ પ્રકારના જીવનની. આવી સ્થિતિમાં ઉઘાડી આંખવાળો વિદ્યાર્થી કરે શું?

અને જો લોકો એના તરફ તટસ્થ ભાવે ઉદાસીન રહેત તોયે એ પોતાનું ફેડી લેત. પણ એને, 'ભવિષ્યની આશા'ને, લોકો સુખે કેમ બેસવા દે ? ગામડામાંથી આવેલ મુસાફરને સ્ટેશન પરના ટાંગાવાળા જેમ ચોમેરથી ખેંચ્યા કરે છે, તેમ ભવિષ્યકાળની ચિંતા રાખનાર બધા એને ખેંચે છે. એને જોઈએ છે કોઈ દોરનાર; પણ એના જીવનમાં રસ લેનારાઓ કાં તો એની ટીકા કરે છે, કાં તો ખુશામત કરે છે. ખુશામત બધાને પ્રિય હોય છે, તો વિદ્યાર્થી એમાં તણાય તેમાં શું આશ્ચર્ય ? પણ આખરે એ તેથી યે કંટાળી જાય છે.

મૂંઝાયેલો વિદ્યાર્થી આખરે નિરાશ થઇને કહે છે, ''હવે તો મારો રસ્તો હું જ શોધી કાઢીશ, અને તેમ કરતાં જે જોખમ વહોરવું પડે તે વહોરી લઇશ.''

વિદ્યાર્થીને ગુલામી સાલે છે. એ કહે છે, ''હું દેશની સ્વતંત્રતા ચાહું છું. એને અર્થે મારી તમામ મિલકત - મારા વિચારો, મારો ઉત્સાહ દેશને હું અર્પણ કરી દઉં.''

આવા ઉત્સાહમાં જ્યારે એ કંઈ પણ પગલું ભરવા માંડે છે ત્યારે પ્રથમ એને ભાન થાય છે કે જ્યાં ત્યાં એને રોકનારાં તત્ત્વો સજ્જ છે. તેની સાથે સમભાવ રાખનાર કોઈ જ નહીં. ન્યાતવાળાઓ તેને જરાજરામાં ન્યાતની શક્તિની બીક બતાવે છે. મા એને કહે છે. ''આમ કરીશ તો તને કન્યા નહીં મળે.'' પિતા એની આગળ 'કરીઅર'ની વાતો કરે છે અને પિતાના મિત્રો તો ''પિતાને નિરાશ કરવાને માટે'' એ 'કપૂત'ની ઝાટકણી કાઢે છે. ઉચ્ચ જીવનનો કાંઈ પણ અંકુર વિદ્યાર્થીમાં સ્ફુર્યો હોય તો તે કચરી નાખવા માટે તેને ઝટઝટ પરણાવી દેવામાં આવે છે. અથવા તેને કહેવામાં આવે છે, ''તારે માથે કુટુંબનું દેવું છે તે પહેલાં પતાવી દે. તારી બહેનને પરણાવવી છે તે માટે રૂપિયા લાવ. પછી તારે જે દેશસેવા કરવી હોય તે ભલે કરજે.''

યુવાનોનું હીર ચૂસનાર ઝેરીમાં ઝેરી કોઈ વસ્તુ હોય તો તે આર્થિક પરાવલંબન છે. એને જ કેટલાક લોકો યુવાનોને ઠેકાણે લાવવાના સાધન તરીકે વાપરે છે. યુવાનો જો પરણેલા ન હોય, તેમને માથે દેવું ન હોય, અને ખડતલ જીવન ગાળવાની એમને ટેવ હોય, તો દુનિયામાં કઈ એવી વસ્તુ છે જે એમની મહત્ત્વાકાંક્ષાને દબાવી શકે ? વ્યવહારુ દૂરંદેશી ધરાવનાર કેટલાક વાલીઓ એટલે સુધી વિચાર કરે છે કે જુવાનોને ખરચાળ ટેવો પડે તો તે ઇષ્ટ જ છે. ગમે તેમ ખરચ કરવાની ટેવ એક વાર પડી, એટલે જુવાનને કમાવાની ચાનક રહે છે. એક વાર કમાણીની જરૂર જણાઈ એટલે, ગમે તેવા ઉચ્ચ આદર્શોને તે મનમાં સેવતો હોય તોયે, તે જીવન કેવું ગાળશે એ વિશે નિશ્ચિત રહી શકાય. પછી તેનો આદર્શ ઉતારી પાડવા બીજો ખાસ પ્રયત્ન કરવાની જરૂર નહીં રહે.

આજે વિદ્યાર્થીને કાંઈ પણ ખાસ વસ્તુ જોઈતી હોય તો તેની પોતાની સ્વતંત્રતા જાળવવા જેટલો સ્વાશ્રય, ખડતલપણું અને સમભાવપૂર્વક દોરનાર કોઇ સજ્જન.

-અરધી સદીની વાચનયાત્રામાંથી સાભાર

# ભારત જગતગુરુ કે સુપર પાવર બનવાની દિશામાં

નરેશ વેદ

બસમાં, ટ્રેનમાં કે પ્લેનમાં મુસાફરી દરમ્યાન થતી ચર્ચાઓમાં, બાગ-બગીચામાં એકઠા થયેલા સિનિયર સિટીઝન્સની વાતોમાં, કલબો કે જીમખાનાઓમાં એકઠા થયેલા યુવાનોની ચર્ચામાં કે બૌદ્ધિકો, પત્રકારો અને રાજકીય-આર્થિક બાબતોના વિશ્લેષકોના લેખોમાં અવારનવાર એક વાત ચાલતી રહી છે અને તે એ કે ભારત સુપર પાવર બનવાની દિશામાં, આર્થિક મહાસત્તા બનવાની દિશામાં કે પછી જગતગુરુ બનવાની બાબતમાં આગળ ધપી રહ્યું છે. શું આ વાતમાં વજૂદ છે? આ વાત માત્ર વીશફૂલ થીકિંગ છે કે પછી અધ્યયનો અને સંશોધનોને અંતે પ્રાપ્ત થયેલ વિગતોને આધારે તારવેલો નિષ્કર્ષ છે? ભારત સુપર પાવર આર્થિક ઉપાર્જનથી થશે કે એટમિક એનર્જીથી થશે કે વસતીના વિસ્ફોટથી થશે કે જ્ઞાન શક્તિના સર્જનથી થશે કે અધ્યાત્મ અને વિજ્ઞાનના સંયોગથી થશે? કઈ રીતે, કયા અર્થમાં ભારત સુપર પાવર કે જગતગુરુ બનવાની પ્રક્રિયામાં છે?

૨૦૨૦ની સાલમાં ભારત સ્વાતંત્ર્યનો ૭૪મો જન્મ દિવસ ઉજવશે ત્યારે આ બાબતની ચકાસણી નરી ભાવુકતા, લુખ્ખી બૌદ્ધિકતા, રાજકારણી મુત્સદીગીરી કે માસ મીડિયાની અતિશયોક્તિથી નહીં, પણ નક્કર હકીકતો, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને આધારે પૂરા વાસ્તવવાદી રહીને તટસ્થપણે વિચારવી જરૂરી છે. આઝાદીના સાત દાયકામાં આપણા દેશમાં આપણે શું કરી શક્યા છીએ અને શું નથી કરી શક્યા એની વિગતોમાં ઊતરીને, ભારત જગતગુરુ કે સુપર પાવર બનવાની દિશામાં ખરેખર આગેકૂચ કરી રહ્યું છે કે ભવિષ્યમાં બની શકે એવા સૂચિતાર્થો હાથવગા થયા છે એની મુદ્દાસર, વિગતવાર અને છતાં ઝાઝું લંબાણ કર્યા વિનાની ચર્ચા શક્ય એટલી લાઘવથી આ લેખમાં કરવી છે.

તેથી આ લેખમાં પહેલાં આપણે આ દેશના નાગરિક તરીકે આપણું દર્શન (Vision) શું છે, ધ્યેય(Mission) શું છે અને આપણી ભાવના (Passion) કેવી છે તેની સ્પષ્ટતા દ્વારા આપણે હાલ કેવા છીએ, એવા કેમ છીએ, એમાંથી અપેક્ષિત લક્ષ્યાંક સંસિદ્ધ કરવા આપણે શું કરી શકીએ એની વિચારણા કરીએ.

## આપણું દર્શન (Our Vision)

સારાય વિશ્વમાં આપણું રાષ્ટ્ર એક શક્તિશાળી અને સમૃદ્ધ રાષ્ટ્ર તરીકે ગજું કાઢે, એની આન, બાન અને શાનમાં શતગુણી વધારો થાય, એની સ્વતંત્રતા, સ્વાયત્તતા અને સાર્વભૌમત્વનો સર્વત્ર સ્વીકાર અને સમાદર થાય, એની એકતા અને અખંડિતતા સંગીન બને, આ રાષ્ટ્રની પ્રજા આવાસ, નિવાસ, અભ્યાસ, આહાર, વિહાર, આરોગ્ય, ઉત્પાદન, વિતરણ, પ્રશાસન, આયોજન, નિયોજન વગેરે બાબતોમાં બધાં લક્ષ્યાંકો હાંસલ કરી ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર મુક્ત સ્થિર, દૃષ્ટિવંત અને વિકાસગામી પ્રશાસન પ્રાપ્ત કરે અને પ્રજાને સુખ, શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ મળે એવું આપણું દર્શન છે.

## આપણું ધ્યેય (Our Mission)

કોઈ પણ રાષ્ટ્રની આઝાદી, આબાદી અને સુખાકારી માટે એની પ્રજામાં પારસ્પરિક એકતા, મમતા અને બંધુતાની ભાવના હોય, રાષ્ટ્રભક્તિ અને દેશદાઝ હોય, રાષ્ટ્રીય વ્યક્તિત્વ, ચારિત્ર્ય અને ચેતનાના ઘડતર અને વિકાસની તમન્ના અને ખેવના હોય, કૃષિ, વેપારવણજ અને ઉદ્યોગોના વિકાસ વડે ઊંચી માથાદીઠ આવક અને રાષ્ટ્રીય આવક હાંસલ કરવાની કમ્મરતોડ મહેનત હોય, અને એ બધું શક્ય બને એ માટે રાષ્ટ્ર પાસે સ્વચ્છ, પ્રામાણિક, કાર્યકુશળ અને ક્ષમતાયુક્ત વહીવટીતંત્ર, સરકારીતંત્ર, ન્યાયતંત્ર અને મીડિયાતંત્ર જોઈએ. આપણું ધ્યેય એ કારણે એવું છે કે

(૧) આપણું રાષ્ટ્ર અવિભાજ્ય, સુગઠિત અને એકરાગ હોય. (૨) એમાં વસતી વધારાનો દર શૂન્યસ્તરે પહોંચ્યો હોય (૩) એમાં દેશના સૌ નાગરિકો પૂર્ણપણે રાષ્ટ્રના બંધારણને વફાદાર હોય (૪) એમાં સૌને સ્વીકૃત એવી એક રાષ્ટ્રભાષા હોય (૫) એમાં ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા હોય (૬) એમાં સંપ્રદાયનિરપેક્ષ રાજકારણ હોય (૭) એમાં અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય હોય (૮) એમાં હરવાફરવાનું સ્વાતંત્ર્ય હોય (૯) એમાં નિવાસ, આવાસ અને વસવાટનું સ્વાતંત્ર્ય હોય (૧૦) એમાં ઈચ્છાઓનું સ્વાતંત્ર્ય હોય (૧૧) એમાં ભય અને આતંકથી મુક્તિ હોય (૧૨) એમાં કાયદાકાનૂન સમક્ષ સૌ એક સમાન હોય (૧૩) એમાં સૌને વિકાસની તકો સમાનરૂપે મળતી હોય (૧૪) એમાં જાતિભેદ ન હોય (૧૫) એમાં જાહેર

જીવન સેવાઓ જવાબદેય અને હિસાબયોગ્ય હોય (૧૬) એમાં વિના વિલંબે ન્યાય આપનારું ન્યાયતંત્ર હોય (૧૭) એમાં ન્યાયતંત્ર વહીવટી અને સરકારી તંત્રથી સ્વતંત્ર અને સ્વાયત્ત હોય (૧૮) એમાં છૂતાછૂત અને એના જેવી અન્ય સામાજિક વિસંગતિઓ નાબુદ થઈ હોય (૧૯) એમાં કેવળ બે જ રાજકીય પક્ષો હોય (૨૦) શિક્ષકો, અધ્યાપકો, ન્યાયાધીશો, લેખકો, વૈજ્ઞાનિકો, કળાકારો અને લશ્કરના જુવાનો-એ સૌ સમાજમાં આદરપાત્ર અને અગ્રણી ગણાતા હોય.

### આપણી ભાવના (Our Passion)

દેશની આઝાદી અને આપણી સ્વતંત્રતા આપણી પહેલી ભાવના હતી. એ હાંસલ કર્યા બાદ આપણી બીજી ભાવના હતી દેશને આર્થિક રીતે આબાદ કરવાની. પ્રજાના નીચલા અને છેલ્લા સ્તરના માણસને અન્ન, વસ્ત્ર અને આવાસની પ્રાથમિક સુવિધાઓ મળી રહે. ગરીબી, બેકારી, બીમારી અને ભૂખમરામાંથી આપણી પ્રજા બહાર આવે. એ માટે આપણે પંચવર્ષીય યોજના (five year plan)નો પશ્ચિમી ખ્યાલ સ્વીકારી આગળ પણ વધ્યા. પરંતુ જે જોમ, જુસ્સા, પ્રતિબદ્ધતા અને ફનાગીરી દેશને આઝાદ કરવા માટે આપણે બતાવી હતી એવી ઉત્કંઠા, ઉત્કટતા અને નિષ્ઠા દેશને આબાદ કરવાની બાબતમાં આપણે દાખવી શક્યા નહીં. દેશને સામાજિક, રાજકીય, શૈક્ષણિક, આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સમૃદ્ધ અને સભર કરવાની બાબતમાં આપણે ઊણા ઊતર્યા. આઝાદ થયા પછીના સાત દાયકાઓમાં ધૃષ્ટ અને સ્વાર્થી રાજકારણીઓ, ભ્રષ્ટ અને નીંભર વહીવટકર્તાઓ, કૃતક અને દંભી બૌદ્ધિકો અને સેવકો, નિષ્ક્રિય, નિષ્ઠુર અને નધરોળ કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષાના જવાબદારો, વિવેક અને ઔચિત્યભાન ગુમાવી બેઠેલા મીડિયાકર્મીઓ વગેરે સૌએ એક સરેરાશ નાગરિક અને આમ જનસમુદાયની જે અવદશા કરી છે એમાંથી એને ઉગારવા આપણે સંગીનપણે કામ કરવું પડશે. આમાં અપવાદો જરૂર છે, તેની સંખ્યા ઘણી અલ્પ છે. આપણી પ્રજાએ પોતનું આયોયું (નિજત્વ) જાગ્રત કરવું જોઈશે. અને એ એક જ રીતે થઈ શકે. જે માટીના કણમાંથી આપણે પેદા થયા છીએ, જેના જલવાયુ અને અન્નથી આપણું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય ઘડાયું છે એ આ દેશની સભ્યતા અને સંસ્કૃતિનાં આદર્શો, મૂલ્યો, આચારો, સંસ્કારો અને પરંપરાઓમાંથી એમનો અર્ક સારવી, એમનું સત્ત્વ આત્મસાત કરી, આપણા રાષ્ટ્રના પ્રભાવ, પ્રતિષ્ઠા, ગૌરવ અને સન્માન વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરવાની, એક વૈભવશાળી રાષ્ટ્રનિર્માણ માટેની લગન જોઈશે. એ માટે આપણો જીવનમંત્ર રહેવો જોઈશે-ઊઠો, જાગો અને ધ્યેયપ્રાપ્તિ માટે સંકલ્પબદ્ધ અને કટિબદ્ધ રહો.

### હાલ આપણી સ્થિતિ કેવી છે?

માનવજાતમાં સૌથી જૂની અને સાતત્યપૂર્ણ સાંસ્કૃતિક ધરોહર ધરાવનાર આપણા દેશના એક અદના નાગરિકની જીવનસ્થિતિ કેવી છે, તેનો વિચાર કરીએ ત્યારે આપણે બહુ સંતોષ લઈ શકીએ એવી સ્થિતિ નથી. અલબત્ત, આપણી માથાદીઠ આવક, રાષ્ટ્રીય આવક અને જીડીપી વધતાં રહ્યાં છે, પણ હજુ આપણે વિકાસશીલ (developing) અવસ્થામાં છીએ, વિકસિત (developed) રાષ્ટ્રનું નિર્માણ કરી શક્યા નથી. ગરીબી હઠાવો અને મોંઘવારી હઠાવોનાં સૂત્રો આપણા રાજકારણીઓએ બહુ ઘૂંટ્યા પરંતુ આપણે ગરીબી, બેકારી અને મોંઘવારીને નાથી શક્યા નથી. શૈક્ષણિક, વ્યાવસાયિક અને આરોગ્યવિષયક સવલતોની અપર્યાપ્તતા, સમાન તક અને સામાજિક સમરસતાનો અભાવ, ભાષાવાદ, પ્રાંતવાદ, કોમવાદ અને આતંકવાદનો વધતો વ્યાપ, વહીવટી અને પ્રશાસનિક શિથિલતા અને દુરાચાર, પુખ્ત પરિપક્વ અને દૃષ્ટિવંત નેતૃત્વની ઊણપ-વગેરે સમસ્યાઓ ઉકેલવાની હજુ બાકી રહી છે. રાષ્ટ્રના ચારિત્ર્ય ઘડતરની બાબતમાં આપણે હજુ ઊણા ઊતરી રહ્યા છીએ. ચૂંટણીતંત્ર સરકારીતંત્ર વહીવટીતંત્ર ન્યાયતંત્ર અને મીડિયાતંત્રને નિષ્પક્ષ, નીડર, કાર્યક્ષમ, જવાબ દેય (answerable) અને હિસાબદેય (accountable) બનાવવાનાં બાકી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આપણે સ્વસ્થ, શાણી, સશક્ત અને સુખી પ્રજા તરીકેની પ્રતિભા (image) ઊભી કરવાનું બાકી છે. દેશના એક નાના અદના સામાન્ય નાગરિકને પોતાના આવાસ, નિવાસ, આહાર, વિશ્રામ વગેરે પ્રશ્નોના ઉકેલમાં સ્થાનિક, પ્રાંતિક કે રાષ્ટ્રીય કક્ષાએ હજુ ઘણી મુશ્કેલી હાડમારીઓનો સામનો કરવો પડી રહ્યો છે. લોકાભિમુખ, પરિણામલક્ષી અને કલ્યાણગામી સ્વરાજ્યનો પ્રજાને અનુભવ થવો હજુ બાકી છે.

### આવી સ્થિતિ કેમ છે?

આપણી પ્રજાની સ્થિતિ હજુ પણ આવી કેમ છે એનાં કારણો જાણી લેવાં જરૂરી છે. સૌથી પ્રથમ ધ્યાન આવતું

કારણ છે આપણી પ્રજાની નિર્બળતા, વિનમ્રતા અને કાયરતા. સદીઓથી આપણી પ્રજા ઉદામ નહીં વિનીત, જહાળ નહીં મવાળ રહી છે. અન્યાય, અપમાન અને અવમાનનાના પ્રસંગે પણ જેનું લોહી ઊકળી ન ઊઠે એવા ઠંડા લોહીની, વિરોધનો સૂર પ્રગટ કર્યા વિના બધું મૂંગે મોઢે સહન કરી કાયર અને કસોટી તેમ જ કટોકટીની ક્ષણે શાહમૃગી વૃત્તિ દાખવતી પ્રજા છે. પોતાના હક્ક, હિત, હિસ્સા કે ન્યાય માટે છાતી કાઢી માથું ઊંચકી, મગરૂબીથી મુકાબલો કરતી ખુમારી અને ખુદ્દારીનો એનામાં અભાવ છે. એનાં પણ અનેક કારણો છે. એક તો પ્રજાને નાના અને સ્વાર્થી જૂથમાં વહેંચી નગણ્ય બનાવી દેતી જાતિ અને જ્ઞાતિપ્રથા, કોમકોમ વચ્ચે તણાવ અને સંઘર્ષ પેદા કરતી સંકુચિત સાંપ્રદાયિક દૃષ્ટિ, નિરક્ષરતા અને પછાતપણું, અવારનવાર વેઠવાં પડેલાં વિદેશીઓના આક્રમણો, અગિયારમી સદીથી માંડી અઢારમી સદી સુધી મહમ્મદ ગઝની, મહમ્મદ ઘોરી, ચંગીઝખાન, તિમુરલેન, નાદીર શાહ અને એહમદશાહ અબ્દલી સુધીના વિદેશી હુમલા-ખોરો દ્વારા પ્રથમ લૂંટાયેલી અને શોષાયેલી અને સત્તરમી સદીથી માંડી ઓગણીસમી સદીના પૂર્વાર્ધ સુધીના અઢીસો વર્ષ દરમ્યાન ઈસ્ટ ઈન્ડિયા કું. અને બ્રિટીશ સામ્રાજ્યવાદીઓ દ્વારા દબાયેલી, રીબાયેલી અને શોષાયેલી ભારતીય પ્રજાનું અસલી ખમીર ખોખરું થઈ ગયેલું. આઝાદી બાદ આપણા પોતાના ચૂંટેલા અને નીમેલા શાસકો અને વહીવટકર્તાઓએ એની રહી સહી અસ્મિતા અને ખુમારીને હતવીર્ય કરી નાખી હતી.

આપણા ૩૨.૮૭ લાખ કિ.મી. સ્કવેર જેટલા ભૂમિવિસ્તારમાંથી ૦.૭૮ લાખ કિ.મી. સ્કવેર વિસ્તાર પાકિસ્તાનના કબજા હેઠળ છે અને ૦.૩૮ લાખ કિ.મી. સ્કેવર જેટલો ભૂમિવિસ્તાર ચીનના કબજા હેઠળ છે, જે હજુ સુધી આપણે એમની પાસેથી છોડાવી શક્યા નથી. ૬.૮૯ લાખ કિ.મી. સ્કવેરમાં પથરાયેલ વનવિસ્તાર અને ૩.૬૭ લાખ કિ.મી.સ્કવેરમાં પથરાયેલાં જંગલોની અંદર ઉત્પન્ન થતી વનસ્પતિ અને ઔષધિઓનો યથોચિત ઉપયોગ હજુ આપણે કરી શક્યા નથી. બીજી બાજુ શહેરીકરણની પ્રક્રિયાથી અને દેશદ્રોહી તત્ત્વોના રંજાડથી આ જંગલોમાં મોટાપાયે ઝડપથી વૃક્ષનિકંદન થઈ રહ્યું છે, એથી જંગલોનો વિનાશ થઈ રહ્યો છે. એ સિવાય જે વાવણી લાયક ઉર્વરા ભૂમિ આપણી પાસે છે એ પણ શહેરીકરણની પ્રક્રિયાને કારણે ઝડપથી ઓછી થઈ રહી છે. હિમાલય અને અન્ય પર્વતોમાંથી નીકળતી બારમાસી મોટી નદીઓનો અખૂટ ભંડાર દેશમાં હોવા છતાં યોગ્ય આયોજનને અભાવે એનો ૭૦% જળ જથ્થો દરિયામાં ઠલવાઈ જાય છે ચોમાસામાં નિચાણવાળા વિસ્તારોને પારાવાર નુકશાન પહોંચાડે છે. જળશક્તિ આયોજન (water management)ની દિશામાં ધ્યાન આપીને એના દ્વારા પીવાના પાણીની સુવિધા, સિંચાઈ, ડિફોરેસ્ટેશન, અને ઊર્જાનિર્માણ જેવાં રચનાત્મક પરિણામો હાંસલ કરવાનાં બાકી છે. આપણી સિંચાઈવ્યવસ્થા પણ ઘણી અપર્યાપ્ત છે. એ આપણા પાકના કેવળ ૪૦%ને જ પહોંચી વળે છે, બાકીના પાક માટે હજુ આપણે વરસાદ ઉપર જ આધાર રાખવો પડે છે. દેશને કુદરતી સંપત્તિરૂપે મળેલા દરિયાઈ જળસ્રોતની માફક રમણીય પર્વતીય પ્રદેશો પણ દેશમાં સારા પ્રમાણમાં છે. પણ આપણે એના ઉપર આર્થિક અને કળાત્મક દૃષ્ટિએ ધ્યાન આપ્યું નથી. એને આપણે અત્યંત મનોહર અને નયનરમ્ય પ્રવાસકેન્દ્રો (Tourism centres) તરીકે વિકસાવીને વિદેશી સહેલાણીઓને આકર્ષી ઘણી મોટી આવક ઊભી કરી શકીએ.

કુદરતી સંપદા (Natural resources)ની માફક આપણી માનવસંપદા (Human resources) પણ ઘણા વિપુલ પ્રમાણમાં છે. તેમ છતાં આપણી પ્રજા ગરીબ છે! એનું ખરું કારણ આપણી ખામી ભરેલી અને અયોગ્ય સરકારી નીતિઓ છે. સન ૨૦૦૦માં આપણા દેશની વસતી ૧૦૦ કરોડની હતી. આ વીસ વર્ષોમાં એ એથી પણ વધારે થઈ છે. કેમકે દેશમાં જન્મદર ૨.૨૫%નો છે. તેની સામે મૃત્યુદર ૦.૭૫% છે. પ્રતિ વર્ષ એમાં ૧.૫%ના દરે વૃદ્ધિ થતી રહે છે. આપણી પાસે વસતી (population)ની આટલી મોટી તાકાત છે. પણ એની શક્તિ અને એના બળનો યથાયોગ્ય ઉપયોગ ન થઈ શકવાને કારણે એ આપણી મોટી સમસ્યા અને જવાબદારી બની ગયેલ છે. આ વસતીમાં અભણ, બેકાર અને આર્થિક આવકથી વંચિત લોકો મોટા પ્રમાણમાં છે. વળી દેશમાં વિકલાંગતા અને શારીરિક ખોડખાંપણ ધરાવતા અશક્ત અને બીનઉત્પાદક લોકોની ટકાવારી પણ ખાસ્સી મોટી છે. આવાં બાળકો જન્મે નહીં અને તંદુરસ્ત બાળકો પેદા થાય એવી આરોગ્ય અને તબીબી સેવાઓ નિર્મવાની બાકી છે. ભલે વસતીનો મોટો ભાગ ગામડાંઓમાં વસતો હોય અને પર્યાપ્ત શિક્ષણ પામેલો ન હોય પણ એની પાસે ટેલેન્ટની કમી નથી. પ્રશ્ન ટેલેન્ટની ઉપલબ્ધિનો નથી; એ તો છે

જ, પ્રશ્ન છે એની પરખ અને સાચા વિનિયોગનો. બાકી આટલી વિપુલ માનવસંપત્તિ એ આપણા વિકાસ માટેનો સૌથી મોટો સ્રોત બની શકે.

એક તરફ હિમાલય જેવો પર્વત, ત્રણ દિશામાં પથરાયેલો લાંબો સમુદ્રપટ, અનેક ધાતુઓ, ખનીજો અને ઊર્જાસ્રોતોથી ભરીભરી સુજલામ સુફલામ ભૂમિ અને એ ભૂમિ ઉપર સદીઓથી ઊભો થયેલો કળાત્મક અને સાંસ્કૃતિક વારસાયુક્ત વૈભવ એ આપણા રાષ્ટ્રને મજબૂત, નિરામય અને સમૃદ્ધ કરવા અત્યંત સક્ષમ છે. ખેત અને ઉદ્યોગ આધારિત સ્રોત સાથે અન્ય અગણિત સ્રોતને લક્ષમાં લઈએ તો આપણી ક્ષમતાનો ખરો ખ્યાલ આવે. ઘઉં, ચોખા, તમાકુ, ચા, લીલાં અને સૂકાં ફળો, નાળિયેર, શાકભાજી વગેરેના ઉત્પાદનમાં સારાય વિશ્વમાં આપણે અગ્રણી છીએ. એ જ રીતે આપણે ડેરી પ્રોડક્ટ્સ, ફીશરીઝ, પીગરીઝ, પોલ્ટ્રી વગેરે જેવા લાઈવ સ્ટોકમાં પણ પ્રથમ ક્રમે છીએ. છતાં એક સમૃદ્ધ રાષ્ટ્રમાં વસતી ગરીબ પ્રજા છીએ આપણે. કેમકે હજુ આપણી પ્રજાનો કેવડો મોટો ભાગ તીવ્ર ગરીબી અને અભાવ- અછતમાં જીવે છે! આપણા દેશમાં હજુ લેન્ડ, વૉટર, સપ્લાય, ડિસ્ટ્રીબ્યુશન અને અક્ષપોર્ટનું યોગ્યરૂપે આયોજન કરવાનું બાકી છે. દેશમાં ૩૫ લાખથી વધુ લાર્જસ્કેલ ઈન્ડસ્ટ્રીઝ છે. સમાંતરે ખાદીઉદ્યોગ, ગ્રામોદ્યોગો અને કુટિર ઉદ્યોગોનું મોટું તંત્ર છે. આ ઉદ્યોગતંત્ર માટે પણ આપણે જો આયાત, નિકાસ, ટેકસીસ વગેરે નીતિઓનું વિચારપૂર્વકનું અને લાંબા ગાળાનું સુઆયોજિત માળખું ઊભું કરીએ તો આપણી પ્રજાને ગરીબી, બેકારી, મોંઘવારી, ભૂખ અને ભ્રષ્ટાચારમાંથી ઉગારી શકાય એમ છે.

યોગ્ય નીતિઘડતર (Policy framing) અને આયોજન (Planning)ને અભાવે આપણું અર્થતંત્ર કેટલું ડામાડોળ છે અને કેટલી ખરાબ અસરો ક્યાં ક્યાં પડી રહી છે એનો વિચાર કરીએ ત્યારે ચોંકી જવાય છે. આટલી વિપુલ કુદરતી અને માનવ સંપદા છતાં આપણી ઉપજ નગણ્ય છે! આપણી આવક નહિવત છે, જેણે રાષ્ટ્રના અર્થતંત્રને દરિદ્ર બનાવી રાખ્યું છે. એનાં કારણો અનેક છે, પણ મુખ્ય કારણો છે, સાધનોનો અભાવ, મોટા પાયે ચાલતો ભ્રષ્ટાચાર, કાળાનાણાંની રેલંછેલ. ઉદ્યોગધંધાની અને લોકોની વ્યક્તિગત આવક ઘણી નીચી છે, કેમકે નબળો વિકાસ અને કાળું નાણું નડ્યાં કરે છે. એ જીવનનિર્વાહનાં સાધનો અને તકોની અછત ઊભી કરે છે અને પરિણામે જ બેકારી ફાલીફૂલી રહી છે. એમાં વળી વ્યવહારમાં ઘૂસી ગયેલું નકલી નાણું, નકલી રેવન્યૂસ્ટેમ્પ્સ, અને નકલી સ્ટેમ્પ પેપર્સ એ આપણી આવકને ક્યાં અને કેટલું કોરી ખાતાં હશે એનો અંદાજ બાંધી શકાતો નથી. એ બધાંનાં મૂળમાં છે આપણો નપાવટ વહીવટ (Poor Governance). ઓછી આવક અને સામે દેવાને ભારે વ્યાજની ચૂકવણીનો બોજ-એમાં આપણું અર્થતંત્ર ઉલઝતું રહ્યું છે. આપણે દેવું કરી ગાડી ગબડાવ્યા કરીએ છીએ. સન ૨૦૦૧-૨માં આપણી પ્રજા ઉપર ૨૧.૪૬ લાખ કરોડનું દેવું હતું! એમાં આર્થિક વિકાસ સિદ્ધ કરવાની વાત ક્યાંથી આવે? આપણો રૂપિયો આંતરરાષ્ટ્રીય અર્થવ્યવહારમાં નબળો અને નબળો પડતો રહ્યો છે. એનાં મુખ્ય કારણોમાં બેફામ અને બેકાબૂ સરકારી ખર્ચાઓ અને સંસાધનોનો દુરુપયોગ છે. આપણા GDPના ૩૭.૯% એટલે કે ૧૩.૭ લાખ કરોડ તો સરકારી મશીનરીનો ખર્ચ છે! આથી ગ્રામોદ્ધાર અને ગ્રામવિકાસની વાતો કાગળ ઉપર જ રહે છે. શિક્ષિતો બેકાર ફરે છે. આપણી વસતીમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોની ટકાવારી ૩૪% છે. માત્ર ૧૭.૫% લોકો ગરીબી રેખાથી ઉપરની અવસ્થામાં જીવે છે! આપણે ત્યાં સાધનસંપન્ન અને અભાવગ્રસ્ત વચ્ચેનો પ્રમાણદર (Ratio) ૯૭% છે! તેથી દેશમાં થોડા લોકો દિનપ્રતિદિન માલેતુજાર થઈ રહ્યા છે અને પ્રજાનો મોટો વર્ગ પ્રાથમિક સુખાકારી માટે પણ હજુ સક્ષમ બની શક્યો નથી.

આપણી આવી જે કાંઈ સ્થિતિ છે તેમાં મુખ્ય કારણ છે આપણે ત્યાં થયેલું જીવનમૂલ્યોનું ધોવાણ. પોતાના અને અન્યોના જીવન સુખરૂપ અને સુમેળયુક્ત બને એ માટે જરૂરી એવાં વિનય, વિવેક, પ્રેમ, ઔદાર્ય, સહૃદયતા, ધૈર્ય, ક્ષમા વગેરે જેવાં માનવમૂલ્યોનું ધોવાણ થતું રહ્યું છે. પરિણામે આપણા રોજબરોજના વહેવારમાં આપણે અધીરા, બાવરા, બેચેન, ઉદંડ અને અસામાજિક બનતા જઈએ છીએ જે રીતે આપણે જાહેર માર્ગો પર આડેધડ વાહનના પાર્કીંગ કરીએ છીએ, બસસ્ટેન્ડ કે રેલ્વેસ્ટેશનમાં ટિકિટ કે જગ્યા મેળવવા માટે લાઈનમાં શિસ્તબદ્ધ ઊભા રહેવાને બદલે ધક્કામૂકી કરીએ છીએ, સરકારી, અર્ધસરકારી અને ખાનગી ઓફિસોમાં અધિકારીઓની તુમાખીનો અનુભવ કરીએ છીએ, એની સામે નારાજ થઈ બોલાચાલી, મારામારી કે ઓફિસમાં તોડફોડ કરતાં લાચાર, વિવશ અને અપમાનિત લોકોને જોઈએ છીએ

ત્યારે આપણને આપણી પ્રજામાં એકતા, બંધુતા, મમતા, સહૃદયતા, સામાજિકતા અને નાગરિકતાનો સમૂળગો અભાવ દેખાય છે. વધતી જતી વસતીની સાથે યોગ્ય આયોજન સાથેનો વિકાસ આપણે કરી શક્તા નથી. આપણે ત્યાંની અર્બનાઈઝેશન, કોલોનાઈઝેશન, હાઉસીંગ, રોડ્ઝ, ડ્રેનેજ, ટ્રન્સપોર્ટ, સ્કૂલ-કોલેજીસ-વગેરે અંગે ઊભી કરેલી વ્યવસ્થાઓ પાંગળી અને અપર્યાપ્ત પુરવાર થાય છે. કોઈ પણ સમસ્યા ઊભી થઈ તીવ્ર બને ત્યારે તેનો તત્કાળ પૂરતો (adhoc) થાગડ-થીગડ ઉકેલ લાવવાની આપણી કાર્યપદ્ધતિ ઘણી ખોટી અને નકામી છે. એમાં બદલાવ લાવવાની જરૂર છે.

દૃષ્ટિવંત અને ટેલેન્ટેડ માણસોની આપણા દેશમાં ખોટ નથી. પણ સાચી પોલીસી અને યોગ્ય આયોજનના અભાવે આપણું આ ધન પણ વેડફાઈ રહ્યું છે કે ગેરમાર્ગે વળી રહ્યું છે. હરગોવિંદ ખુરાના, અમર્ત્યસેન, સામપિત્રોડા, સુંદર પીચાઈ, શ્યામ નડેલા, ભીખુ પારેખ, સુનીતા વિલિયમ્સ, કલ્પના ચાવલા જેવાં કેટલાં બધાં ઉદાહરણો બ્રેઈન ડ્રેઈનનાં છે! સમાજમાં લૂંટ, ધાડ, ખૂન, બળાત્કાર, દાણચોરી જેવી ગુન્હાહિત પ્રવૃત્તિઓનો ઊંચો જતો આંક, આતંકવાદ, આત્યંતિક્તાવાદ, માફિયા પ્રવૃત્તિઓ, હવાલા કૌભાંડો, 'ભાઈલોકો'ના અન્ડરવર્લ્ડ વ્યવહારો વગેરેનો વ્યાપ પણ આઝાદી બાદ વધતો ગયો છે. જ્યારે વહીવટ અને આયોજનનું ક્ષેત્ર યોગ્ય અને પરિણામદાયી ન રહે અને તંત્રો નિષ્ફળ જાય ત્યારે આ જાતની અરાજક્તા ફેલાતી હોય છે. માનવસ્વભાવ એવો છે કે જ્યાં સુધી એ ઉત્તેજિત અને આક્રમક બનવાની સ્થિતિમાં મૂકાતો નથી ત્યાં સુધીએ સાચી કે ખોટી રીતે પ્રતિક્રિયાવાદી કે પ્રત્યાઘાતી બનતો નથી. આપણે આઝાદી બાદ એવું શિક્ષણ આપી શક્યા નથી જે ઉમદા રાષ્ટ્રના ઉમદા નાગરિકો તૈયાર કરે.

**આપણે આવા કેમ છીએ?**

એનાં કરણો વિચારતાં સૌ પ્રથમ જે કારણ આગળ તરી આવતું દેખાય છે તે આપણી રાજ્ય વહીવટ (Governance)ની નઘરોળ પ્રથા. આઝાદી બાદ આપણી સરકારે જે રાજવહીવટ ચલાવ્યો છે તેનું તટસ્થપણે બારીકાઈથી અવલોકન અને અર્થઘટન કરીએ છીએ ત્યારે ખ્યાલમાં આવે છે કે તે પ્રૌઢિ અને પરિપકવતા વિનાનો તરંગી અને અણઘડ રહ્યો છે. ઉદાહરણ તરીકે આપણી સરકારે રાજકીય શૈલી તરીકે પહેલાં મૂડીલક્ષી સમાજવાદનો અભિગમ અપનાવ્યો, પછી બિનસંપ્રદાયિક સમાજવાદનો, પછી વૈશ્વિકકરણ અને ઉદારીકરણનો, પછી બિનરોકાણ (Disinvestment)નો અને પછી હાથ ઉપર જે કાંઈ હોય તે વેંચી મારવાનો (Selling out)નો અભિગમ અપનાવ્યો! મતલબ કે પહેલાં અંકુશ (Control), પછી મુક્ત(Open) અને પછી વેંચી મારવાની નીતિઓ અખત્યાર કરી! રાષ્ટ્રને આબાદ અને સમૃદ્ધ કરવા માટેની લાંબા ગાળાની કોઈ સુચિંતિત નીતિઓ ઘડ્યા વિના મનસ્વી રીતે અણઘડ રાજવહીવટ ચલાવ્યો. આર્થિક બાબતની જેમ રાજકીય બાબતોમાં પણ એમ જ થયું છે. આપણે શાસનપ્રણાલી રૂપે લોકશાહી પદ્ધતિ સ્વીકારી પણ એની મૂળ ભાવના અને હાર્દ સાચવ્યાં નહીં! લોકશાહી ડહાપણ, સામુહિક જવાબદારી સાથે સાજીદારીયુક્ત શાસનપ્રણાલી છે એ વાત તો આપણે સાવ વિસારે પાડી દીધી. પક્ષોની રચના અને એમની તડજોડ, સત્તા હાંસલ કરવા કરાવાતાં પક્ષાન્તરો, નીચલા સ્તરના નબળા વર્ગના નિરક્ષર લોકોને લલચાવી ફોસલાવી અકબંધ કરાતી વૉટબેન્ક, શંકાસ્પદ પ્રચારતંત્ર, અનામત નીતિ, ધારાસભ્યો અને સંસદ સભ્યોને અપાતાં ભંડોળો અને પેન્શન તથા અન્ય લાભો, એકાઉન્ટેબીલીટી અને મોનીટરીંગના અભાવમાં નિરંકુશ અને તુંડમિજાજી થઈ ગયેલું અમલદારી તંત્ર, વહીવટના ક્ષેત્રમાં વર્કકલ્ચરનો અભાવ, ડેમોક્રસીનું બ્યુરોક્રસી અને મોબોક્રસીમાં થઈ જતું રૂપાંતર- આ બધું જોતાં વિચારતાં ખરી સ્થિતિ શી છે તેનો ખ્યાલ આવે છે.

રાજકારણમાં અને અન્ય ક્ષેત્રોમાં વિકસતો જતો ભ્રષ્ટચાર આવું જ બીજું મોટું દૂષણ છે. આપણાં તંત્રોએ તપાસ (Checks) અને અંકુશો (Controls)નું એક એવું માળખું રેશનીંગ, લાયસન્સીંગ અને પરમીટસને નામે ઊભું કર્યું છે જે વ્યક્તિઓ, વ્યાવસાયિકો, ધંધાદારીઓ, વેપારીઓ અને ઉદ્યોગપતિઓને તંત્ર અને કાર્યપ્રણાલીને નામે નમતાં ભજતાં (undermine) રાખે છે. લાચાર થયેલ એ સૌ એમની અયોગ્ય, અનૈતિક અને ગેરકાનૂની માગણીઓ સંતોષવા તૈયાર થઈ જાય છે. જ્યારે સરકારી અને વહીવટી તંત્રો આવાં ભ્રષ્ટ થાય છે ત્યારે વ્યક્તિ ઉપરાંત સારી પ્રણાલીઓ (systems) પણ ભ્રષ્ટ થતી જાય છે. લોન, સબસીડી, લાયસન્સ, પેમેન્ટ પરમીશન, કલેક્શન વગેરે મેળવવા લાંચ આપવી પડે એ કેવી સ્થિતિ છે! પોતાનાં કામો કરાવવા ઉદ્યોગ સાહસિકો, વ્યાવસાયિકો

અને ખેડૂતો-શ્રમિકોને કેટલા માનવ કલાકો (Man Hours) બગાડવા પડતાં હોય છે, એનો કોઈ હિસાબ નથી.

આપણે ઔદ્યોગિક ક્ષેત્રે પણ પૂરા સફળ થયા નથી. એનાં કેટલાંક કારણો છે. આપણે મિશ્ર અર્થતંત્ર સ્વીકાર્યું છે. એટલે કે અડધું તંત્ર સરકાર હસ્તક અને બાકીનું ખાનગી ક્ષેત્ર હસ્તક. અડધું જે સરકાર હસ્તક રાખ્યું તેને આપણે પબ્લિક અન્ડર ટેઈકીંગ સેક્ટર કહીને ઓળખીએ છીએ. પરંતુ છેલ્લા સાડા છ દાયકા દરમ્યાન આપણે આ ક્ષેત્રમાં તંત્રવાહકોના થાંથાપણું, તુમાખી, ભ્રષ્ટાચાર અને સંસાધનોના બગાડથી આ ક્ષેત્રને તદ્દન નકામું કરી નાખ્યું છે. બીજી બાજુ ખાનગીક્ષેત્રે રહેલા આપણા ઉદ્યોગો અણઘડ અને અવિચારી નીતિઓને કારણે તૂટતાં જાય છે. આવી ખામી ભરેલી નીતિઓના ઉદાહરણરૂપે ઑવર ટાઈમ પોલીસી, ઈન્ડસ્ટ્રીયલ ડિસ્ક્રીમીનેશન પોલીસી, વેઝ પોલીસી, ટેક્ષ પોલસીને ગણાવી શકાય. બીનકાર્યક્ષમતા, કાર્યસંસ્કૃતિની નબળાઈ, ફરજો અને જવાબદારીઓ પરત્વે નિષ્ઠાનો અભાવ-આ બધાં દૂષણો દૂર કરવા પડશે.

**આ સ્થિતિ સુધારવા શું કરી શકાય?**

આવી સ્થિતિ સુધારવા આપણે નીચે મુજબનાં પગલાં ભરવા પડશે. આપણા પ્રાથમિક સંસાધનો છે એનો વિનાશ અટકાવીએ. શહેરી વિસ્તારોના ગ્રામીકરણની પ્રક્રિયાને રોકીએ. આપણે હવે વિચાર અને આયોજનપૂર્વક એવાં શહેરી કેન્દ્રો વિકસાવીએ જેમાં વોટર, પાવર, ડ્રેનેજ, એજ્યુકેશન, કોમ્યૂનિકેશન, હોસ્પિટલ જેવી પ્રાથમિક સુવિધાઓથી માંડી આવાસ, નિવાસ, ઉદ્યોગ, ફાર્મીંગ, આરાધના અને અંતિમ ક્રિયા માટેની પૂરતી સુવિધાઓ હોય. સંતતિનિયમન માટે જરૂરી એજ્યુકેશન અને ઈન્સેન્ટીવ આપીને એવી અસરકારક રીતે કુટુંબનિયોજનનું પ્લાનિંગ કરીએ; જેથી વસ્તી વધારાની સમસ્યા હલ કરી શકાય. દેશની સો-સવાસો કરોડની વસતીમાં શિક્ષિતોની ટકાવારી ત્રણ ટકા જેટલી જ છે, એ ઊંચી લઈ જવી જોઈશે. શિક્ષણ લેવા યોગ્ય ઉંમરના કોઈ બાળકો શિક્ષણથી બિલકુલ વંચિત ન રહે અને જે શિક્ષણ અપાય તે નીડબેઝ્ડ અને વેલ્યૂબેઝ્ડ અપાય એવી વ્યવસ્થા કરવી જોઈશે. દુષ્કાળ, પૂર કે જળહોનારત જેવી સમસ્યાઓને નાથવા માટે વોટરસાઈકલ પૂરેપૂરી સમજી, ચોમાસાનું પાણી વેડફાઈ ન જાય એ રીતે એને સંઘરવાની અને વાપરવાની બાબતમાં વોટરમેનેજમેન્ટ વિકસાવવું પડશે. આસમાની, સુલતાની કે મનુષ્યસર્જિત જે આપત્તિઓ આવે એમને નિર્મૂળ કે બિન અસરકારક કરે એવું ડિઝાસ્ટર મેન્જમેન્ટ વિકસાવવું પડશે. આપણી એક મોટી સમસ્યા વીજઉત્પાદનની છે. એને નિવારવા માટે સોલરએનર્જી, વીન્ડ એનર્જી, બાયોમાસએનર્જી, અર્બનવેસ્ટ, બાયોગેસ, ન્યુક્લીયર એનર્જી જેવા ઓલ્ટરનેટ સાધનોના વિકાસ વડે પાવરમેનેજમેન્ટ કરવું જોઈશે. પ્રજાના આરોગ્ય ને નિરામય આયુષ્ય માટે તમામ પ્રકારનાં પ્રદૂષણો દૂર કરી પર્યાવરણને શુદ્ધ કરવું જરૂરી છે.- એ માટે હ્યુમનવેસ્ટ, મેડીકલવેસ્ટ, ઈન્ડસ્ટ્રીયલવેસ્ટ વગેરે બધાંનું ઉત્પાદક શક્તિમાં રૂપાંતર કરી લેવું જોઈશે. ટોક્સીક ગેસીજના ગળતરને અટકાવવાનો પ્રબંધ કરવો જોઈએ. વનજંગલોનો વિનાશ થતો અટકાવવો જોઈએ. બોટોનિકલ, ઝૂઓલોજિકલ અને મેડીસીનલ ગાર્ડન્સ વિકસાવવા જોઈશે. દેશનાં રમણીય અને દર્શનીય સ્થળોનો વિકાસ કરી પ્રવાસન ઉદ્યોગ ધંધાદારી ધોરણે ખીલવવો જોઈએ. એક રાષ્ટ્ર તરીકે આપણો વિકાસ ધીમો છે, એનું કારણ સંશોધનની અછત અને ટેક્નોલોજીની જાણકારીનો અભાવ છે. સંશોધન અને વિકાસને જન્ય-જનકનો સંબંધ છે. તેથી હાલ આવી જે કાંઈ પ્રવૃત્તિઓ ચાલતી હોય તેનો વિસ્તાર અને વેગ વધારવા જોઈએ. સંશોધનને સરળ અને ઝડપી બનાવવા માટે જ્ઞાનનું વિસ્તરણ કરવું જોઈએ. હાલ આપણા દેશમાં ચાર ટેક્નોલોજીનો વિકાસ કરવો અત્યંત આવશ્યક છે. તે છે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, બાયોટેક્નોલોજી, પાવર ટેક્નોલોજી અને નેનોટેક્નોલોજી.

પ્રજાને ભોગવવી પડતી દાદાગીરી અને એને સહેવા પડતાં અન્યાયો તથા શોષણોમાંથી મુક્ત કરી એને સલામત, સુરક્ષિત અને સુખી કરવા આપણા પોલીસતંત્ર અને ન્યાયતંત્રમાં પણ કેટલાક સુધારા કરવા જરૂરી બન્યા છે. જે ઝડપથી ક્રાઈમરેઈટ ઊંચો જતો જાય છે અને અદાલતોમાં કેસોનો ભરાવો થતો જાય છે, ન્યાય મળવામાં વિલંબ થતો જાય છે, તેથી પ્રજાનો ભરોસો આ બંને તંત્રો ઉપર અડગ રહે તે માટે ઝડપી પગલાં ભરવાં અનિવાર્ય છે.

આપણી સંરક્ષણ સેવાઓ (એમાં RAW, CBI અને IB)ને જરૂરી સુધારાવધારા કરી મજબૂત અને અસરકારક બનાવવાની જરૂર પણ મોટી છે. સંરક્ષણ સાધનો ઉત્પાદિત કરતી ૩૦ જેટલી ફેક્ટરીઝ આપણી પાસે છે. એ ઉપરાંત HAL, BEL, BEML, GRSE, Mazagaon Dock, Goa Shipyard, Bharat Dynamics, Misra Dhatu Nigam

એવા આઠ પબ્લિક અન્ડરટેઈકીંગ યુનિટો પણ આ કામ કરી રહ્યાં છે. છતાં એમાં જેની ઊણપ વર્તાતી હોય એવાં સાધનો સેનાને આપવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈશે. ન્યૂકિલયર પાવર વિકસાવીને આપણે એના અસરકારક ટેસ્ટ પણ કર્યા છે, પણ એ શક્તિ વડે આપણે શું અને કેટલું સંસિદ્ધ કરવું છે એનો પાકો અંદાજ બાંધી એની પ્રક્રિયા અમલમાં મૂકવી પડશે. યુનોની સ્થાયી સમિતિમાં કાયમી સદસ્યતા મેળવવી પડશે.

દેશમાં સાત દાયકા સુધીના એક પક્ષના શાસન પછી અન્ય પક્ષ સત્તા ઉપર આવ્યો છે. એને કેટલાંક ઠોસ પગલાં ભર્યાં છે. બંધારણની ૩૭૦મી કલમ રદ કરી માથાનો દુઃખાવો બની ગયેલો કાશ્મીરનો પ્રશ્ન એને કેન્દ્રશાસિત પ્રદેશમાં પરિવર્તિત કરીને હલ કરવામાં આવ્યો છે. પૂર્વોત્તર રાજ્યો જે ઈલ ફિલ કરી રહ્યાં હતાં, તેના ઉપર વિશેષ ધ્યાન આપવાથી તેમના વિકાસનો માર્ગ પ્રશસ્ત થયો છે. નકામા અને કાળગ્રસ્ત થઈ ગયેલા કાયદાઓ દૂર કરાયા છે. ફેઈક કરન્સી, કાળું નાણું, એના દ્વારા સત્તા ઉપર આવી જવાનો દુષ્ટ ખેલ દૂર કરવા આપણી કરન્સીનોટોમાંથી કેટલીકનું ડીમોનેટાઈઝેશન કરવામાં આવ્યું છે. સદીઓથી કોમી લાગણીઓને તંગ કરતો અને કાનૂની ઝાળમાં અટવાયેલો રામમંદિરનો પ્રશ્ન ઉકેલાયો છે. દલિતો, પીડિતો, શ્રમિકો અને ખેડૂતોના ઉત્કર્ષ માટે યોજનાઓ અને કાયદાઓનો અમલ થયો છે. વિદેશી વસ્તુઓનો મોહ છોડી પ્રજા સ્વદેશી વસ્તુ અપનાવે અને એ માટે જરૂરી ઉત્પાદનો આપણે ત્યાં કરી પ્રજા આત્મનિર્ભર બને એ માટે પ્રયાસો શરૂ થયા છે. રાજ્યો અને દેશના રાજમાર્ગોનું નિર્માણ અને નવીનીકરણ કરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારવામાં આવી રહ્યું છે. સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહાર ક્ષેત્રે ખાનગી સેક્ટરને સંચાલન સુપ્રત કરી એ ક્ષેત્રોની સેવાઓ સુધારવા અને વિસ્તારવાની પ્રવૃત્તિ શરૂ થઈ છે. સ્પેસ સાયન્સ અને અર્થસાયન્સને પ્રયોગો અને સુધારાઓ માટે પ્રોત્સાહન અને સગવડો આપવાની શરૂઆત થઈ છે. વિદેશી બેન્કોમાં જમા થયેલું કાળું નાણું પરત લાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. કામચોર સરકારી કર્મચારીઓને રૂખસદ આપવાનું શરૂ થયું છે. નદીઓની સફાઈના, ઝડપી મેટ્રો ટ્રેનો લાવવાના પ્રયાસો શરૂ થયા છે. વિદેશોની પ્રજા અને સરકારોમાં ભારતની ઈમેજ સુધારી એમની પાસેથી વિદેશી રોકાણો મેળવવાનું, એમના દ્વારા આપણા દુશ્મન રાષ્ટ્રોને અપાતી સહાયમાં પીછેહઠ કરાવવાનું કામ પણ શરૂ થયું છે. નવી શિક્ષણનીતિ ઘડીને ઊગીને ઊભી થતી પેઢીને સંસ્કારો-મૂલ્યોનું શિક્ષણ આપવાની હિદાયત થઈ છે. મતલબ કે આઝાદી બાદના સાત દાયકાઓ દરમ્યાન પેદા થયેલા પ્રશ્નો અને પડેલા ઘાવ, ધારા અને ખાડાઓને પૂરવાની પ્રવૃત્તિ શરૂ થઈ છે. ઈમારત હવે ચણાશે.

### સુપર પાવર ભારતનું નિર્માણ આપણે કેવી રીતે કરી શકીશું?

જેમ કોઈ ઈમારત મજબૂત ઊંડા અને ટકાઉ પાયા વિના ટકી ન શકે એમ રાષ્ટ્રની ઈમારત પણ મજબૂત અને ટકાઉ બનાવવી હોય તો એ સક્ષમ અને બુદ્ધિબળયુક્ત દૂરદર્શી શક્તિવાળા વહીવટી, પ્રશાસનિક અને વ્યવસ્થાપન તંત્રો વડે જ બને. આવાં તંત્રો એટલે કાર્યનિષ્ઠા, પ્રામાણિક્તા, સેવાતત્પરતા, સહાકારિતા, સુસંગઠિતતા અને દૂરદર્શીતા ધરાવતાં તંત્રો. રાષ્ટ્રની પ્રજાને નિર્ભયપણે મુક્ત મનથી જીવવાની, નિર્ધારિત લક્ષ્યાંકો અને સેવેલાં સપનાઓ સાકાર કરવાની અને સુખી અને સમૃદ્ધ થવાની સૌને સમાન તકો પૂરી પાડે એવું સંકલ્પબદ્ધ અને પ્રજાને વફાદાર પ્રશાસન વડે જ આપણે આ બધું કરી શકીએ. હાલ પ્રજાને આપણા પ્રશાસનમાં વિશ્વાસ પડ્યો છે. પણ આપણી પ્રજાએ જાગ્રત, વિચારવાન, રાષ્ટ્રપ્રેમી નાગરિક તરીકે પ્રશાસનને પૂરેપૂરો ટેકો આપવો જોઈશે. રાષ્ટ્ર અને સરકારની પ્રવૃત્તિઓથી અળગા કે ઉદાસીન રહેવાને બદલે રાષ્ટ્રના મુખ્ય પ્રવાહમાં પોતાની સૂઝબૂઝનો, જાણકારી અને આવડતનો લાભ આપવા સામેલ થવું જોઈશે. એ માટે રાષ્ટ્રીય ચેતના અને રાષ્ટ્રીય ચારિત્ર્યના ઘડતરમાં ફાળો આપવો પડશે પ્રશાસને પણ પ્રજાના શાણપણ અને અનુભવોનો લાભ લેવા ઉપરાંત, નિષ્ણાતપણાનો પ્રોફેશ્નાલિઝમનો, રાષ્ટ્ર પરત્વે તીવ્ર લગાવ અને પ્રજા માટે હમદર્દી ધરાવતાં તંત્રોનો સાથ લેવો જોઈશે. છેલ્લા સાત દાયકામાં આપણે કેટલુંક કરી શક્યા હતા, પણ એમાં વિસ્તાર અને વેગ ઓછો હતો. હવે એ બંને વધારીને આપણે રાષ્ટ્રનાં તમામ પાસાંઓને સમૃદ્ધ કરીને એવા રાષ્ટ્રનું નિર્માણ કરીએ, જે માત્ર વસ્તીથી નહિ, એટમિક એનર્જીથી નહિ, કેવળ આધ્યાત્મિક આદર્શોથી પણ નહિ પરંતુ સ્પિરીચ્યુયાલિટી, સાયન્સ અને ટેક્નોલોજીના સમન્વય વડે સુપર પાવર તરીકે ઉભરે અને જગદગુરુ બને.

---

૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટાબજાર, વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦
મો. ૯૭૨૭૩૩૩૦૦૦, ફોનઃ ૦૨૬૯૨-૨૩૩૭૫૦

## Phytoplankton Biodiversity from Some Estuaries of Gujarat: A Review

**Shefali Patel & Susmita Sahoo**

**Abstract:** A review on the Biodiversity of Phytoplankton in coastal and estuarine waters across Gujarat was undertaken to consolidate our understanding of the distribution of these organisms in the region. In broad terms, it has been highlighted that water suitability and sustainability have impact on the abundance and composition of phytoplankton. The diversity and density of Phytoplankton and primary production in both coastal and fresh water ecosystems showed fluctuations with the varied temporal and spatial situations. Gujarat has 1600 km long coastline stretch which is the longest coastline in India. There are major coasts such as Gulf of Kuchchh, Saurashtra Coast and Gulf of Khambhat in Gujarat which belong to west coast of India. The Diversity of Phytoplankton in the estuaries of this coast fluctuates spatially and temporally.

**Key Words:** Phytoplankton Diversity, Estuary, Gujarat

### Introduction:

An intermediate zone between the fluvial and marine environments called estuary is a focal point of the maritime activities. The constitutive areas of coastal environment have semi-enclosed water frame recognized as Estuaries. It is the place from where export and import for commercialization occurrs and utilized for other activities such as industrial and recreational. An estuary is a dynamic habitat having noteworthy biodiversity. Alteration in the condition of the ocean such as temperature, precipitation and circulation is anticipated by the interchanges in the atmosphere over the next century which has impact on primary production and phytoplankton continuation stock. Coastal eutrophication and other forms of pollution along with fishing pressure superimpose additional stresses on marine ecosystems. The aggregation of these stress developers fluctuate the abundance, richness of phytoplankton and thereby alter the marine food web and nutritive and ecological cycling (White et. al., 2004). Diversity of Marine ecosystem is affected by many variables viz. topography, water quality, sediment quality, tidal waves, sea depth, intertidal zone influence, tidal amplitude etc. Hydrochemical properties play a major role in determining the occurrence, diversity and density of phytoplankton in both marine and freshwater ecosystem. The temporal and spatial patterns as well as quality and quantity of phytoplankton have been successfully implicated in the quality of water and its capacity to sustain heterotrophic communities (Devassy and Goes, 1988). Phytoplankton is very good indicator to assess the environmental condition of water body marine or freshwater, coastal or pelagic, lotic or lentic. The variation of phytoplankton succession is strongly linked to meteorological and water stratification mixing processes in a tropical estuary (Thakur et. al. 2015). According to Robertson and Blabber (1992) there is about 20 % to 50 % of total fish biomass contributed by the plankton across mangrove ecosystems. Diatoms and dinoflagellates commonly predominate in phytoplankton. The motile plants which are extremely reduced in size known as microflagellates also belong to phytoplankton community. The rich diversity and density of phytoplankton is the indication of biological wealth of aquatic ecosystem and fabricate a significant link of aquatic food chain.

### Gulf of Kuchchh:

The length of Gulf of Kuchchh is 170 km from Okha to inner Gulf having width of 75 km at its mouth. This Gulf has 42 islands (Rathoure, 2018). Some of them are very sensitive because they support coral reefs, mangroves, mudflats and associated flora and fauna. Due to this bio-richness, southern Coast of Gulf from Okha to Jodiya has been declared as a Marine Sanctuary and Marine National Park. Biologically, the Gulf of Kuchchh is recognized as one of the most luxurious ecosystem along west coast of India due to the prosperity in marine wealth.

Phytoplankton diversity has been estimated from Poshitra, Narara and Pirotan by Thakur et. al., (2015). Total 78 species have been recorded belonging to 27 families and 38 genera. Of these Bacillariophyta (72), Dinophyta (3),

Cyanophyta (2) and Chlorophyta (1) are the main groups. As per site, 42 species belong to 23 genera and 19 families registered from Pirotan; 40 species recorded from Narara, belong to 23 genera and 19 families and from Poshitra 51 species belong to 31 genera and 22 families have been documented. Three divisions have been reported from Pirotan site; Bacillariophyta has the highest contribution (88%) followed by, Dinophyta (10%) and Cyanophyta (2%). There are only two groups Bacillariophyta (97%) and Cyanophyta (3%) distributed at Narara site. From Poshitra site four divisions have been recorded; Bacillariophyta has the highest contribution (94%) followed by, Dinophyta (2%), Chlorophyta (2%) and Cyanophyta (2%). At Pirotan and Narara stations Naviculaceae and Nitzschiaceae families have highest contribution and at Poshitra station Naviculaceae, Nitzschiaceae, Bacillariaceae and Fragillariaceae have recorded more individuals.

Biodiversity of Phytoplankton from creek waters of western mangrove reported total 103 species from across three sites namely Jakhau – Babber Creek, Sanghi – Kharo Creek, Medi-Sinthodi creek. Diatoms have highest percentage species composition (79.61%) followed by dinoflagellates (15.53%), blue green algae (2.92%) and green algae (1.94%). Spirulina sp., Cerataulina bergonii, Cosinodiscus radiates and Hemidiscus hardmanianus showed greater population. Spatially, Medi – Sinthodi has highest abundance; more in monsoon and less during winter. Generally richness is higher during monsoon and lower during winter season. The pre-monsoon and post-monsoon periods have minimum species evenness while maximum is reported during monsoon. Early winter period revealed lowest abundance (Saravanakumar et. al., 2008).

In the year of 2018 Rathoure measured the phytoplankton diversity with other marine organisms from selected sites such as Okha, Ajad, Dholio Gugar, Bural reef, Dona, Dhani, Boria, Kalumbhar reef, Mangunda, Narara reef, Savaj, Goose reef, Paga, Pirotan island and Manmarudi (Langamarudi). Total 31 genera belong to 41 species of Phytoplankton have been observed. The reported major taxa include Navicula, Biddulphia, Skeletonema, Nitzschia, Rhizosolenia, Coscinodiscus, Pleurosigma, Chaetoceros, Synedra, Stauroneis and Thalassiothrix.

The phytoplankton biodiversity from Northern Gulf is documented from Mundra, Mandvi and Sanghi stations (Kardani, 2011). Total 88 species with 45 genera recorded under four major groups' namely pennate and centric diatoms, dinoflagellates and cyanobacteria. The maximum species richness is recorded from Mundra followed by Sanghi and Mandvi. Both groups' centrales and pennales of diatoms are the dominant during all three seasons followed by dinoflagellates. Biddulphia, Ceratium, Chaetoceros, Coscinodiscus, Nitzschia, Pleurosigma and Rhizosolenia are dominant in terms of individuals in all the stations. Among 88 species of phytoplankton, 39 species (44.32%) exhibit considerable temporal distribution. The floristically assemblages of Phytoplankton are better at Sanghi and Mundra.

Mithapur is located on the southern basin of Gulf near port Okha. Ram et. al. (1989) stated that there has been moderately rich biodiversity of phytoplankton in Mithapur. The highest and lowest population is reported in the month of March and April respectively and later increased in December. 52 species has been recorded belonging to 20 genera. The utmost density of phytoplankton reported at the low tide during March might be due to incorporate efficacy of the contamination of ammonium and temperature.. Commonly the enumeration of individuals is found less during high tide. Nitzschia is the dominant (63-83%) genus and Nitzschia closterium has highest contribution followed by Chaetoceros genus.

**Saurashtra Coastline:**

The Saurashtra coastline peninsula comprises Veraval. This site has huge diversity of phytoplankton so it is very productive and supportive for fish production and also for other marine biodiversity. Coastal stations Jaleshwar and Sagareshwar Mandir, Veraval have total 162 species. Diatom is the dominant group (133 spp.) followed by Dinoflagellates (12 spp.), Blue-green algae (5 spp.), Brown or Orange Chromatophores (2 spp.) and Green algae (1 spp.). Of the list of

genera and species of Diatoms, 23 genera with 70 species belong to centrals and 25 genera with 63 species belong to pennales. The highest and lowest population observed in January and March respectively with greater diversity during winter. The higher density reported during winter (January). The primary production and more species diversity confirmed that the water is not polluted to have any significant adverse impact on fishery. Bharadiya (2008) had an unpublished earlier record of diatoms along Veraval coast highlighted the presence of 21 taxa of diatoms. Among them 8 taxa viz. Nitzschia, Cheatoceros, Melosira, Coscinodiscus, Biddulphia, Rhizosolenia, Thalassiothrix longissima and Thalassionema nitzschioides were the dominant; the lowest and highest cell density found during September (monsoon) and March (summer) respectively. The density of diatoms has been more during summer (Temkar et. al., 2015).

The coastal water of Porbandar is very productive during March. There are 28 genera belong to 71 species of algae. Nitzschia is the dominant species. Chaetoceros's species are very common along the middle and western transects. The species belonging Cyanophyceae and Pyrrophyceae are very few in numbers whereas the species of Bacillariophyceae recorded to be dominant. Of this Nitzschia, Stauroneis, Biddulphia, Chaetoceros, Thalassiosira and Thalassionema are abundant during the ebb period. Pleurosigma, Coscinodiscus, Gyrosigma, Rhizosolenia and Tropidoneis found with higher abundance during flood. Remarkably, the high diversity and density is observed during March. Higher population of individuals and lower diversity enumerated at the near shore waters as compared to the waters of the seaward side (Jiyalal Ram et. al., 1988).

**Gulf of Khambhat:**

Among the Arabian Sea, the perforation of Gulf of Khambhat is linking the Saurashtra peninsula and the mainland of Gujarat on the western ledge of India. This gulf has 131 km length and 70 km width.

The Mahi river estuary is situated near Kamboi. Distribution of phytoplankton studied at different locations within the Mahi estuary. The uncontaminated site revealed more diversity. The contaminated or polluted station has greatest abundance of Oscillatoria tenuis while at unpolluted site Oscillatoria chlorina, O. jormosa and O. limosa have higher contribution but at this station during monsoon Nitzschia palea, N. bifobata and N. sigma showed higher abundance. During monsoon cell counts is higher but diversity decreased with the dominancy of Oscillatoria. Fragilaria islandica and F. crotonensis formed the bloom during October (monsoon). Oscillatoria spp. exhibit excessive growth during summer due to suitable environmental circumstances constructed by lack of Nitzschia spp.; then this biological situation is restored during monsoon (October) by Fragilarial contribution. In August (monsoon), the population of Oscillatoria showed the decreasing trend with an increasing population of Melosira and Phormidium. The hardy species such as Oscillatoria tenuis, O. chlorina, O. formosa, O. limosa, Nitzschia palea and N. sigma could have excessive growth in the highly contaminated water (Jiyalal, 1991).

The Narmada estuary has 48 taxa (species) of Phytoplankton assemblage. The utmost diversity observed in the post-monsoon and pre-monsoon periods. Based on forthcoming industrial framework and anthropogenic stress, there had been 3 investigation sites selected namely, Zadeshwar, Bhadbhut and Ambata. From this tropical estuarine region total 31 genera has been listed. Bacillariophyceae (13) form the dominant group followed by Chlorophyceae (7), Cyanophyceae (6), Dinophyceae (3) and Euglenophyceae (2). From Zadeshwar, Bhadbhut and Ambata a total of 35, 31 and 26 species are listed. The members of Cyanophyceae, Chlorophyceae, Bacillariophyceae, Euglenophyceae and Dinophyceae are present throughout the year. The peak level diversity and richness reported during post monsoon and lowest during monsoon and pre-monsoon period have median level. Temporally, the highest growth showed in post-monsoon season followed by pre-monsoon and monsoon season. Bacillariophyceae is relatively abundant (21 species), followed by Chlorophyceae (11), Cyanophyceae (10), Euglenophyceae (3)

and Dinophyceae (3). Prominant density of Cyanophyceae observed during post-monsoon season followed by pre-monsoon and monsoon seasons. Chlorophyceae is the best represented in terms of density during post-monsoon season, followed by monsoon and pre-monsoon season. The density of Bacillariophyceae is encountered higher in post monsoon in lower and middle reaches. Euglenophyceae is mainly found from middle and upper reaches which is an indicator of organic pollution. The maximum density of Euglenoids registered during post-monsoon and pre-monsoon period (George, 2010).

The Tapi tropical estuary possesses a total of 37 taxa with 66 species of phytoplankton. The genera represent by five groups namely Cyanophyceae (6), Chlorophyceae (7), Bacillariophyceae (19), Euglenophyceae (2) and Dinophyceae (3). The greatest richness, density and diversity have been reported in the period of post-monsoon followed by pre-monsoon and monsoon. Cyanophycean and Chlorophycean species represented maximum number at freshwater receiving site. Bacillariophyceae observed abundant near coastal water station. During the post-monsoon Bacillariophyceae has found as denser in the middle and lower reaches. Euglenoids are reported from where the freshwater is much in amount and they are absent in coastal water. Dinophycean species listed maximum in numbers from marine water than freshwater. The phytoplankton composition is observed higher at Tapi estuary than Narmada estuary (George, 2010).

The Phytoplankton biodiversity is found highest from coastline area of Bhavnagar while lowest from coastline areas of Surat and Valsad. Ahmedabad and Anand coast comprise average phytoplankton diversity (Bhavsar and Pandya, 2018).

**References:**


1. A. Saravanakumar, M. Rajkumar, G.A Thivakaran and J sesh Serebiah (2008) Abundance and seasonal variation of phytoplankton in the creek waters of western mangrove of Kachchh-Gujarat. Journal of Environmental Biology, 29(2), pp 271-274.
2. White, D. L., Porter, D. E., & Lewitus, A. J. (2004). Spatial and temporal analyses of water quality and phytoplankton biomass in an urbanized versus a relatively pristine salt marsh estuary. Journal of Experimental Marine Biology and Ecology, 298(2), 255-273.
3. Devassy, V. P., & Goes, J. I. (1988). Phytoplankton community structure and succession in a tropical estuarine complex (central west coast of India). Estuarine, Coastal and Shelf Science, 27(6), 671-685.
4. Thakur, B., Chavda, C., & Salvi, H. (2015). Phytoplankton diversity at some selected sites of the Gulf of Kachchh, Gujarat, India. Bulletin of Environmental and Scientific Research, 4(4), 7-12.
5. Saravanakumar, A., Rajkumar, M., Thivakaran, G. A., & Serebiah, J. S. (2008). Abundance and seasonal variations of phytoplankton in the creek waters of western mangrove of Kachchh-Gujarat. Journal of environmental biology, 29(2), 271.
6. Rathoure, A. K. (2018). Marine biodiversity of Gulf of Kutch located in North-eastern Arabian Sea. Int J Avian & Wildlife Biol, 3(4), 312-318.
7. Kardani, H. K. (2011). Ecological assessment of northern coast of gulf of Kachchh with special reference to planktonic forms.
8. Jiyalal Ram, M., Nair, V. R., & Desai, B. N. (1989). Distribution of phytoplankton off Mithapur (Gujarat). Journal of the Indian Fisheries Association, 19, 49-57.
9. Temkar, G. S., Azeez, P. A., Sikotaria, K. M., Brahmane, V. T., Metar, S. Y., Gangan, S. S., & Desai, A. Y. (2015). Correlation of phytoplankton density with certain hydrological parameters along the coastal waters of Veraval, Gujarat. J. Marine Bio. Assoc. Ind, 57(2), 2.
10. Jiyalal Ram, M., Gajbhiye, S. N., & Desai, B. N. (1988). Phytoplankton distribution in the coastal waters off Porbandar (Saurashtra). Journal of the Indian Fisheries Association, 18, 357-367.
11. Jiyalal Ram, M. (1991). Algae and water pollution in Mahi Estuary. Journal of the Indian Fisheries Association, 21, 31-37.
12. NARMADA, R. T. E. V. O. (2015). An evaluation of phytoplankton assemblage in relation to environmental variables of Narmada Estuarine Region of Gulf of Khambhat, Gujarat, India. Applied Ecology and Environmental Research, 13(1), 115-131.
13. Bhavsar, D. O., & Pandya, H. A. (2018). Phytoplnkton Diversity And Physico–Chemical Analysis Of Water In Coastal Talukas Of Gulf Of Cambay, Gujarat. Journal of Global Biosciences, 7(9), 5685-5694.



Department of Biological and Environmental Sciences,
N. V. Patel College of Pure and Applied Sciences,
Vallabh Vidyanagar, Gujarat- 388120
E-mail: drsusmitasahoo@gmail.com

## Democratic Decentralization and need to fix the accountability of Panchayats in present time

**Ravi Rajarshibhai Adhwaryu**

"What is really needed to make democracy function is not knowledge of facts but right education."

**- Mahatma Gandhi**

- **Introduction**

In a democratic country like India, there is direct participation of people in governance. Generally, it is at three levels: National level (Central Government), State level (State Government) and Grass root level (Panchayati Raj and Municipality System). As far as Grass root level is concerned, it provides representation of local community in participation of decision making of their area. 73rd and 74th amendment in Constitution of India inserted 11th and 12th schedule respectively for Rural Local Self Government (Panchayati Raj) and Urban Local Self Government (Municipality System).

Democratic decentralization is the process of devolving the functions and resources of the state from the centre to the elected representatives at the lower levels so as to facilitate greater direct participation of citizens in governance. That means the village would handle its affairs by own. The purposes of decentralization are maintenance of law and order, development of the area, discharge of administrative and regulatory functions. The state supervises and controls it.

- **Panchayati Raj Institutions under Constitutional law of India**

Article 40 provides that village panchayats are unit of self government. States are required to take steps to organize it and also confer powers and authority to help it to self govern. Panchayat is also part of local authority in definition of "State" under article 12. It is enumerated in entry 5 of list-II (State list) which means that state legislature has the power to make law in respect of Panchayats situated within their territory.

As mentioned above, 73rdamendment has inserted 11th schedule in which Articles 243, 243(A) to 243(O) describes provision about Panchayats. It has three levels: Zila Panchayat (District Level), Taluka Panchayat (Block Level) and Gram Panchayat (Village Level). In less than 20 lakh population, bodies such as Gram Sabha, Panchayat Samiti and Zilla Parishad are created.

In each body, there is one Chairperson (called Sarpanch) and other members. The members are directly elected and afterwards, chairperson is elected by them. In the election, 1/3 of total number of seats are reserved for woman and in proportion to population, the seats are reserved for scheduled caste and schedule tribes. The term for holding position for the elected personals are fixed for 5 years. A person shall be disqualified from election if so disqualified under law of state legislature or if so disqualified under law of state legislature relating to election (election rules) but not on the ground of age less than 25 years if he has completed 21 years. It is important to note that the local election is conducted by the State Election Commission.

- **Subjects under Panchayati Raj Institutions**

The main subjects to function by Panchayats are agriculture, employment, irrigation, poverty elimination, establishment of schools, toilets and their cleanliness, pramotion of khadi clothes etc. State and central government institutions are often too remote from the people to look after local affairs. Hence, Panchayati Raj can make governance more efficient.

- **Source of Income**

Grants released by the government and tax collection are the major source of income for local rural self government. The taxes are collected from pilgrimage, local temples, markets, parks etc. For the stability and durability, the state finance commission provides finance to it. It recommends the governor about measures to improve financial position of Panchayat as well as determine taxes, tolls, fees and duties which are applicable to Panchayat.

- **Advantages and disadvantages of Panchayati Raj Institutions**

There are certain advantages of local self government, such as faster decision making, transparency in administration and participation in decision making as having familiarity with local

problems. On the other hand, there are certain disadvantages, such as non effective working due to inadeauate education and training, dirty politics for power, influence for seats, inadequate financial resources etc.

- **PESA, 1996**

The Parliament has enacted the Panchayats (Extension to the Scheduled Areas) Act, 1996 to cover Schedule V Areas of the nation under 73rd Constitutional Amendment. It includes Tribal areas (scheduled areas) in 9 states of India namely Andhra Pradesh, Jharkhand, Gujarat, Himachal Pradesh, Maharashtra, Madhya Pradesh, Chattisgarh, Orissa and Rajasthan.

- **E-Panchayat**

E-panchayat is the project of central government to make panchayats more effective and modern. The 21st century is all about Information and technology. It would help the local self government to access the information fast, easily and make the system transparent. In it, total 11 Software applications are made under consideration of planning. Two of such are National Panchayat Portal and Local Governance Directory.

- **Need to fix accountability of Panchayats**

In India, there is immense need to fix the accountability of workings and abide by the functions entrusted to Panchayati Raj Institutions. Accountability means answerability or responsibility. Still after so many years of independence, India is a developing country and most of the people are living in village. Therefore, it is required to develop the villages the most, in first preference.

In local elections, it is apparent that the caste system is prevalent. The villagers are generally voting for the candidates of their caste even though he/she may not be competent. This system needs change. It's all over India more or less the same.

Another issue is that people in the rural areas are still very less literate. Many government schools are in worse situation about education imparting. Some teachers in the school are not interested in the development of students of rural area. It is the duty of the elected representatives to check that schools are properly working in best interests of the students but lack of accountability on their part makes them irresponsible towards their discharge of the service.

Corruption is also key element that requires elimination at earliest in grass root democracy for speedy development and imposing liability. Criminal elements and contractors are attracted to local government elections, tempted by the large sums of money now flowing to them. A market chain of corruption operates, involving a partnership between elected representatives and officials at all levels.

There exists system of Panch-Pati in local self government. By 73rd amendment in Constitution, the attempt was made to have representation of women but their husbands (Panch-Pati) always work and the woman who is elected as chairperson or member of sabha remains only puppet. This requires to be controlled. It is due to patriarchal system of society as well as gender based bias.

The Constitution has established the local self government but the delegation of powers, functions and finances are not fixed by it. Such works are to be decided by the concerned state. This makes the things critical as it is seen that there is insufficient funding by the states as well delegation to levy taxes by the Panchayats are also not given in many cases.

During campaign of election, the candidates used to promise the people of the territory to caste vote on their side and after winning the election, they would do the welfare of people by development of village in all aspects of life and living. But the harsh reality is that not even half of promised works are fulfilled by them in most of the cases. This also happens in state and central election but the case of village is different. The area of village is small and population is also very less as compared to entire state or nation. So, the accountability of elected representatives should be fixed which is possible and also need of an hour.

The elected representatives should not have any kind of fear or favour of anyone. They should devote their total time in best interest of villagers. There are various problems that they face like lack of infrastructure or staff but they should not lose hope rather continuously make representation to state and authorities about release of grant or

providing adequate manpower. But it is seen that there is no statutory mandate enacted by state legislature in this regard to impose liability to them for how much work for welfare of people is done by them in one year or five years and that is why need to fix accountability is emerged in present time. If this only thing is implemented, India would become developed country in next 15 years for sure.

- **Conclusion**

India's efforts in decentralisation represent one of the largest experiments in deepening democracy. Mahatma Gandhi believed in foundation of ideal Gram Swaraj. Constitutional amendment is also on the same line but still after many years, the change is little. Therefore, state governments should look into this matter by making adequate efforts to provide funds as well as supervision. So that they can effectively plan economic development and social justice schemes.The structure of local self government is admirable but the practice is deplorable. The change in practice would lead to fulfill India's vision of becoming developed country.

- **Suggestions**

Following are a few suggestions which may help fix the accountability of Panchayats in present time:

- The elected representatives should be restricted to contest an election again if they fail to work and render services at least half of the promises made during canvassing. This makes them accountable towards their work and people.
- In case of female elected representative, the Panch-pati should be debarred from entry in the offices of Panchayat. Also, during her tenure, the Talati should be female.
- There should be at least minimum qualification of higher secondary education to take part in election. The literate personal can implement the welfare policies of government more effectively and in this modern time, even the post graduation degree holders are numerous. So, this should be made compulsory as condition.
- Two children norm policy should be implemented. It means that in case of a person having more than two children, the candidature for contesting election is liable to be rejected. This would make control of population explosion.
- Audit committee should be established to check the devolution of funds by the state government to local self government and the usage of grants by them. In case of any irregularity, the case of criminal nature should be instituted by it with the help of independent investigation commission.
- Training should be given time to time to the elected representatives about effective implementation of the government policies to the villagers. Also, the outcome of the training should be analyzed effort in terms of made by them to implement the policies. This would make them accountable.

- **References**


1. Dr. Kailash Rai, Constitutional law of India, (Central Law Publications), 11th Ed.2013,129-133
2. Malik &Raval, Law and Social Transformation in India, (Alahabad Law Agency), 4th Ed. 2014, 344, 354
3. Drishtiias, Retrieved from https://www.drishtiias.com/important-institutions/drishti-specials-important-institutions-national-institutions/panchayati-raj-institution-pri(Accessed on 24 July, 2020)
4. Civilsdaily Retrieved fromhttps://www.civilsdaily.com/panchayati-raj-institution-evolution-features-composition-powers-functions/(Accessed on 24 July, 2020)



19, Tulipvatika, Opposite Hero Showroom, Ahead Jay Jalaram International school, Anand-Lambhvel Road, Lambhvel- 387 310, Mo. 72848 26813
E-mail: raviadhwaryu@yahoo.com

## યવાગૂ- એક ભૂલાયેલી વાનગી

સાગર ભીંડે

મને ચોક્કસ પણે વિશ્વાસ છે કે . ઓછામા ઓછા ૮૦% વાંચકો આ શબ્દ 'યવાગૂ'ને પહેલી વખત વાંચતા હશે. પરંતુ જ્યારે આ લેખ પૂરો વાંચી લેશે ત્યારે એવું થશે કે -અરે હાં! આવું તો કાંઈક આપણે ક્યારેક (વરસના વચલા દિવસે!) ખાધું છે. હા! આ 'યવાગૂ' એક વાનગીનું નામ છે. ખીચડીની નાની બહેન કહી શકાય (એટલે હવે પાછી ગેસ પર ચઢાવવા કરતા. કાંઈક નવી વાનગી ખાઈએ છીએ એમ સમજીને મોજથી ખાજો.)

અફસોસની વાત એ છે કે જ્યારે પણ આપણે Dieteticsની વાત કરીએ અથવા તો કોઈને મનપસંદ વાનગી વિશે પૂછીએ છીએ ત્યારે આહારના બધા ગુણો/અવગુણોને અભેરાઈએ ચઢાવીને ફક્ત સ્વાદને જ પ્રાધાન્યતા-પ્રાથમિક્તા આપીએ છીએ. એટલે જ લોકો મનપસંદ વાનગીની કોલમમાં સહજતાથી દાબેલી, બર્ગર, પીઝા, પાણીપુરી, ફ્રેન્ચફ્રાય વગેરે વગેરે લખતા હોય છે. (કોઈક જ એવા વિરલા હશે જે ખીચડી, દૂધી ચણાનું શાક, રીંગણા, ભાખરી, થેપલા વગેરે લખતું હશે.)

એટલે જ, સમાજની આવી માનસિકતામાં થોડો ઘણો ફેરફાર થાય અને લોકો વાનગીને સ્વાદની નહિં પરંતુ સ્વાસ્થ્યની દૃષ્ટિએ મૂલવતા શીખે એ હેતુથી આપણી સાંસ્કૃતિક ધરોહર એવી 'યવાગૂ' વિશે આ લેખ લખી રહ્યો છું.

પાકશાસ્ત્રના ગ્રંથોમાં તો ખરો પરંતુ જીવન જીવવાની કળા શીખવતા આયુર્વેદના મૂર્ધન્ય ગ્રંથોમાં પણ યવાગૂનો વિસ્તૃત ઉલ્લેખ કૃતાન્નકલ્પના આહારિય દ્રવ્ય, પથ્ય કલ્પના કે અન્નકલ્પનાનાં સંદર્ભમાં જોવા મળે છે. આયુર્વેદ પ્રમાણે Edible (ખાવાયોગ્ય) દ્રવ્યોને બે ભાગમા વિભાજિત કરી શકાય. ઔષધિય અને આહારીય. પરંતુ યવાગૂ કલ્પના એવી છે કે જે સંસ્કાર વિશેષથી બન્ને કાર્યો કરી શકે છે. આ લેખમાં તેના આહારીય કાર્ય વિશે જ વિસ્તૃત વાત કરીશું. (ઔષધિય ગુણ ફરી ક્યારેક)

આચાર્ય ચરકે તેમના ગ્રંથના બીજા જ અધ્યાયમાં યવાગૂ વિશે વિસ્તૃત ચર્ચા કરેલ છે. જેના સંદર્ભમાં આચાર્ય ચક્રપાણી વધુ સ્પષ્ટતા કરતા અન્નકલ્પનાને ૫ ભાગમાં વિભાજીત કરે છે.

| ક્રમ | વાનગીનું નામ | બનાવવાની રીત |
|---|---|---|
| ૧. | વીલેપી | અનાજથી ૪ ગણુ પાણી લેવું. |
| ૨. | અન્ન | અનાજથી (ખાસ કરીને ચોખાથી) ૫ ગણુ પાણી |
| ૩. | યવાગૂ | ચોખાથી ૬ ગણુ પાણી |
| ૪. | પેથા | ચોખાથી ૧૪ ગણુ પાણી |
| ૫. | મંડ | ચોખાથી ૧૪ ગણુ પણી |

અલગ અલગ ગ્રંથોમા પાણીના પ્રમાણના થોડો ઘણો ફેર પણ છે. પરંતુ यवागू बहुसिक्था स्याद् દ્વારા એ સ્પષ્ટ છે કે યવાગૂમાં થોડું પાણી અને અનાજના દાણા વધુ હોવા જોઈએ. વળી યવાગૂમાં મૂખ્ય આધાર ચેખાવા હોય છે તે यवागूस्तण्ड्लः सह। દ્વારા કશ્યપ આચાર્યએ સ્પષ્ટ કરી આપ્યું છે.

### યવાગૂ બનાવવાની રીતઃ

ચોખાને ધોઈને પલાળી રાખવા, પલાળીને પછી ૬ ગણા પાણીમાં ધીમી આંચે ખૂલા વાસણમાં પકાવવા. જ્યારે પાણી સાવ થોડું જ બાકી રહે અને ચોખા પાકી ગયેલા જણાય ત્યારે તેને ગેસ પરથી ઉતારી લેવા.

નોંધઃ અહીં જે ખુલ્લા વાસણમાં લખ્યું છે તેને ખાસ વાંચવું. કારણ કે આજ કાલ કુકરમાં બનાવવામાં આવતા ભાત, ખીચડી અગ્નિના તાપના કારણે ઓછું પણ વરાળના પ્રેશરના કારણે પાકતા હોય છે. જે પચવામાં ભારે સાબિત થાય છે જ્યારે ખુલ્લા વાસણમાં પકાવવાથી અગ્નિના કારણે જ વ્યવસ્થિત પાકવાથી પચાવામાં હળવા રહે છે.

### સ્વાદ અને જરૂરિયાત પ્રમાણે Value addition (ગુણ વૃદ્ધિ):

આ તૈયાર થયેલ વાનગીમાં પીરસતી વખતે અલગ અલગ આહાર દ્રવ્યો ઉમેરી શકાય છે. કોઈને ગળ્યુ ભાવતું હોય તો ખાંડ, ગોળ નાખી શકાય. ખાટું ભાવતું હોય તો લીંબુ, આંબલી કે કોકમ નાખી શકાય. ખારું ભાવતું હોય તો સીંધાલુણ, મીઠું, સંચળ અને તીખું ભાવતું હોય તો કાળા મરી અથવા અજમો નાખી શકાય આમ તો કોઈને કડવું, તુરૂ ભાવતું ન હોય પરંતુ જરૂરિયાત હોય તો હળદર, મેથી કે લવિંગ વગેરે પણ ઉમેરી શકાય.

**માત્રાઃ** આહારના રૂપમા જ્યારે યવાગૂ લેતા હોઈએ ત્યારે તેને માત્ર ભૂખ લાગી હોય તેના કરતા ૧/૪ ભાગ રાખવી. જો કોઈને જઠરાગ્ની મંદ હોય તો આહારમાં બીજું કાંઈ ન લેવું અને જો અગ્નિ બરાબર હોય તો ભૂખનું ૨/૪ બીજી વાનગીઓ લઈ શકાય.

**ગુણઃ** યવાગૂ સામાન્ય રીતે ગ્રાહી (પાચન કરે, ઝાડા થતા અટકાવે). બલ્ય (શરીરને બળ આપે), તર્પણ (પોષણ આપે) અને વાતનાશીની (વાયુના રોગો થાતા અટકાવે/મટાડે) છે. આની સાથે સાથે યવાગૂમાં ઉમેરેલા ઉપરોક્ત મસાલા અને ઔષધોના ગુણ તો ખરા જ.

**કેવી યવાગૂ ન ખાવી?** ખૂબ ઘટ્ટ, ખૂબ પ્રવાહી, ઠંડી, વધારે પ્રમાણમાં ચોખાના દાણા વાળી, અને હૃદયને અપ્રિય (સ્વાદમા ન ભાવે તેવી) યવાગૂ ન ખાવી.

घना विशीर्णा शीता च न चावक्षीणतण्डुला ।
पिच्छिला विशताहृद्या यवाग्वादोषसंग्रह ।। काश्यप

આમ, આ વાનગીનો સમાવેશ દરરોજ નહી તો અઠવાડિયામાં ૨-૩ વખત તો ખાસ કરવો. જે લોકોને પાચન સંબંધી તકલીફ હોય તે સાંજના જમવામાં દરરોજ યવાગૂ લ્યે તો તેને અવશ્ય સ્વાસ્થ્ય લાભ સાંપડે છે.

---

આસીસ્ટન્ટ પ્રોફેસર IPGTRA જામનગર
Email: sgrbhinde@gmail.com,
મો.: ૯૬૬૨૫૧૨૧૫૮

।। વિદ્યાવૃત્ત ।।

**ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ૪ ઘટક સંસ્થાઓ તથા ચારુતર વિદ્યામંડળ ટ્રસ્ટ સંચાલિત ૨ સંસ્થાઓનો GSIRFની ટોપ-૨૦ યાદીમાં સમાવેશ.**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટીંગ ફ્રેમવર્ક (જી.એસ.આઈ.આર. એફ.) દ્વારા શૈક્ષણિક ગુણવત્તાના વિવિધ માનાંકો જેવા કે ટીચીંગ કવોલિટી, રીસર્ચ, પ્લેસમેન્ટ, રીઝલ્ટ સ્ટુડન્ટ સ્ટ્રેન્થ વિગેરેને અનુલક્ષીને સમગ્ર ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓના કરાવેલા સર્વેમાં ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ચાર કોલેજોનો ગુજરાતની ટોપ-૨૦ કોલેજોની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશનલ રેટીંગ ફ્રેમવર્ક દ્વારા હાથ ધરાયેલ આ સર્વે પ્રમાણે આધુનિક શિક્ષણ અને રીસર્ચનો પર્યાય બની ચૂકેલી આઈસ્ટાર સંસ્થા ૪ સ્ટાર સાથે પ્રથમ ક્રમાંકે જ્યારે પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝના શિક્ષણમાં છેલ્લા અઢી દાયકાથી અગ્રેસર એવી એન.વી.પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝ ૪ સ્ટાર સાથે છઠ્ઠા ક્રમાંકે જ્યારે બાયોટેકનોલોજી તથા સંલગ્ન વિષયોના શિક્ષણ સાથે સંકળાયેલી ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત એરીબાસ સંસ્થા ૪ સ્ટાર સાથે ૧૧મા ક્રમાંકે જ્યારે કોમર્સ અને મેનેજમેન્ટ જેવા વિષયોમાં ગુણવત્તાયુક્ત શિક્ષણનો પર્યાય બની ચૂકેલી સેમકોમ કોલેજ ૩ સ્ટાર સાથે ૨૦મા ક્રમાંકે સ્થાન પ્રાપ્ત કરે છે.

આ ઉપરાંત ચારુતર વિદ્યામંડળ ટ્રસ્ટ સંચાલિત વિજ્ઞાનના વિવિધ વિષયોના શિક્ષણમાં અગ્રેસર વી.પી.સાયન્સ કોલેજ ૪ સ્ટાર સાથે ૮મા ક્રમાંકે જ્યારે ગૃહશિક્ષણના વિવિધ પાસાઓનું સચોટ શિક્ષણ આપતી એસ. એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સે ૩ સ્ટાર સાથે ૧૫મો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.

વિવિધ સંસ્થાઓની આ સિધ્ધિને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી એન્જિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી.પટેલ, સહમંત્રીશ્રીઓ પ્રિ. આર. સી. તલાટી, શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા સમગ્ર ચારુતર વિદ્યામંડળ પરિવાર બિરદાવે છે અને ગર્વની અનુભૂતિ કરે છે.

॥ વાર્તા ॥

## અંકુર

મનીષા રાઠોડ

‘‘મેડમ, અંકુર ક્લાસમાં આવવાની ના પાડે છે.’’ નિકુંજ બોલ્યો.

ચશ્માંની ફ્રેમ સહેજ ઊંચી ચઢાવી, ડોળા ફાડીને ક્ષમા મેડમ નિકુંજને જોઇ રહ્યા. ડ્રોવરમાંથી ફાઈલ કાઢી તેની હાજરી તપાસી. દસમાંથી હજી માંડ એક ક્લાસમાં અંકુર હાજર હતો. બાકીના નવ ક્લાસમાં એ શું કરતો હતો?

‘‘ક્યાં છે અંકુર? તું ફોન લગાવ એને.’’ ગુસ્સાથી તેઓનો ગોરો ચેહરો લાલઘુમ લાવા જેવો થઈ ગયો. નિકુંજ ડરનો માર્યો જલ્દી જલ્દી પોતાના મોબાઇલમાં અંકુરનો નંબર શોધવા લાગ્યો. પણ પછી યાદ આવ્યું કે તે તો સૂતો હતો રૂમ પર.

‘‘મેડમ, એ સૂતો છે. એને બહુ ઊંઘ આવે છે. એટલે ક્લાસ ભરવા નહી આવે એવું કેતો’તો.’’

આ સાંભળીને મેડમની ફટકી અને જોરથી ટેબલ પર હાથ પછાડતા બોલ્યા, ‘‘આ તો કોઈ કારણ છે? એને ઊંઘ આવે છે એટલે ક્લાસમાં નહી આવવાનું.’’

‘‘મેડમ, સાચું કારણ તો આ જ છે.’’ નિકુંજ પોતાના મિત્રની તરફદારી કરતા બોલ્યો.

‘‘તું ચાલ મારી સાથે. મને એના રૂમે લઇ જા.’’

‘‘મેડમ, બોય્સ હોસ્ટેલમાં?’’

‘‘હા, તો શું વાંધો છે?’’

‘‘મેડમ, છોકરાઓના રૂમ વેર વિખેર હોય.. કેટલાક તો વળી અઠવાડિયામાં એકવાર ન્હાય...આખા શરીરે પચાસ વાર પરફ્યુમ છાંટે પણ ડોલ ભરીને પાણીથી ન્હાતા જોર આવે એવા આળસુ. તમે રૂમ પર આવશો તો એમના હાલ હવાલ જોઈને ગભરાઈ જાશો. તમે અંકુર ઉઠે એટલે એની હારે ફોનમાં જ વાત કરી લેજો. તમારે જેટલો ખખડાવવો હોય એટલો ખખડાવી નાખજો, પણ રૂમ પર ના આવશો મેડમ. મારી રિક્વેસ્ટ છે. પ્લીઝ.’’

‘‘આજે તેની ખેર નથી.’’ મેડમનો પારો સાતમા આસમાને હતો. અંકુરના કારણે પ્રિન્સિપાલ સાહેબે મેડમને ઘણું સંભળાવ્યું. ક્લાસ ટીચર કમ કાઉન્સેલર ક્ષમા મેડમ અંકુરથી ત્રાસી ગયા હતા. આટલા વર્ષોમાં આવો આળસુ વિદ્યાર્થી તેમણે નહોતો જોયો.

લગભગ બે વાગ્યાની આસપાસ અંકુર નાહીને વ્યવસ્થિત વાળ ઓળીને ક્ષમા મેડમને મળવા આવ્યો.

અંકુરને જોઈને તેમની અંદર રહેલો ક્રોધનો જ્વાળામુખી ફાટવાની તૈયારીમા જ હતો કે તેમનો ફોન રણક્યો... દીકરા અંશનો ફોન હતો. મોબાઇલની સ્ક્રીન પર પોતાના વ્હાલા દીકરાની છબી જોઈને તેઓનો ગુસ્સો ઓગળી ગયો.

વાત પતાવી અંકુર સામે જોઈને તેને ખુરશીમાં બેસાડ્યો. પછી બોલ્યા, ‘‘બોલ અંકુર, જે હોય તે સાચું કહી દે. તું કેમ ક્લાસમાં નથી આવતો?’’

‘‘મેડમ, રાતના બે અઢી વાગ્યાં સુધી હુ ટેનિસ રમતો હોઉં છું. પછી રૂમે આવું પછી સવારના ચાર વાગે મને નીંદર આવે. એટલે રોજ બાર એક વાગે ઉઠું છું. એમાં જ મારા સવારના ક્લાસ મિસ થઈ જાય છે..’’

અંકુરનો પ્રામાણિક જવાબ સાંભળી ગુસ્સો ગળી જઈ તેને પૂછ્યું, ‘‘પણ આટલી મોડી રાતે કેમ રમવા જાય છે?’’

‘‘મેડમ, સિનિયરો રમવા નથી દેતા.. એ લોકો રમી લે પછી જ અમને ટેનિસ કોર્ટ ખાલી મળે.’’ અંકુર બોલ્યો.

‘‘સિનિયર જુનિયરથી શું ફર્ક પડે? ગેમ તો ગેમ છે. આ બધા બહાના બંધ કરી ભણવામાં ધ્યાન દે. સમય વીતી જશે પછી પસ્તાવા સિવાય કઈ નહી મળે.’’

મેડમની વાત સાંભળી તેને શું થયું કે અચાનક ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો... અંકુરને રડતો જોઇ પ્યુન પાણી લઈને આવ્યો. પાણી પીધા પછી ફરી પાછો જોરજોરથી રડવા લાગ્યો. મેડમ આ જોઈને બઘવાઈ ગયા.. આ છોકરાને શું થયું છે? શું કામ આવા ગાંડા કાઢે છે?

‘‘રડવાનું બંધ કર અને મને માંડીને વાત કર. શું તકલીફ છે તને?’’ મેડમ અંકુરને પોતાની પાસે પડેલી ખુરશીમાં બેસાડીને બોલ્યા.

''મેડમ, બ્રેકપ.''

''શું બકે છે? શાનું બ્રેકપ?''

''મેડમ, શિવાની....'' બોલતા બોલતા વળી પાછો અંકુર ગાંડાની જેમ રડવા લાગ્યો.

''શિવાનીનું શું છે? શું કર્યું એણે? હુ ઓળખું છું એને. બહુ હોશિયાર છે.''

''મેડમ, મને છોડીને હવે પેલા રિધમ સાથે..'' અંકુર આગળ બોલી ના શક્યો.

''કોલેજમાં લફરાં કરવા આવો છો એમ ને! આના માટે તમારા મા બાપ અહીં મોકલે છે?''

''લફરાં નહી મેડમ, લવ. લવ કરું છું શિવાનીને. અને તે મને છોડીને રિધમ સાથે.....''

''બેસબેસ લવવાળી... માર્કશીટ જો તારી.. પાંચ બેકલોગ ક્લિયર કરવાની બાકી છે. શિવાની તો શું તને કોઈ છોકરી નહી મળે, જો તું આવું ને આવું કરીશ.''

અંકુરના ખિસ્સામાં રહેલી સિગરેટ પર નજર પડતા મેડમ પોતાની ખુરશી પરથી ઉભા થયા અને શર્ટના ખિસ્સામાંથી સિગરેટ કાઢીને બોલ્યા, આ શું છે?''

''મેડમ, સિગરેટ છે?''

''એ તો મને પણ ખબર છે, પણ તેં હવે વ્યસન પણ ચાલુ કરી દીધા એમ ને !!''

''મેડમ, બિયર પણ પીઉં છુ. અને ક્યારેક ક્યારેક....''

આ સાંભળીને મેડમની કમાન છટકી અને રાડો પાડતા બોલ્યા, ''બેશરમ, એક શિક્ષકની સામે આવું બોલતા શરમ નથી આવતી તને? ભણવા સિવાયના તમામ ધંધા તેં ચાલુ કરી દીધા છે. તારા જેવા છોકરાઓ જ આ કોલેજને બદનામ કરે છે.''

અંકુર નીચે જોઈને ચુપચાપ બેસી રહ્યો. થોડીવાર પછી મેડમ શાંત થઈને તેને સમજાવવા લાગ્યા.

''જો અંકુર, શિવાની જોઈએ છે ને તારે.''

''હા મેડમ, હું એના માટે કંઈ પણ કરવા તૈયાર છું. બસ શિવાની મને મેળવી આપો.''

''હું કહું એમ કરીશ તો ૧૦૦% શિવાની તારી પાસે પાછી આવશે તેની હું ખાતરી આપું છુ. હું પોતે તેને સમજાવીશ. પણ શરત એ કે હું જે કહું એ તારે કરવું પડશે..''

આ સાંભળીને અંકુરની આંખોમાં ચમક આવી ગઈ.. ખુશીનો માર્યો ખુરશી પરથી ઊભો થઈ ગયો.મેડમને તેની નબળી કડી હાથ લાગી ગઈ. હવે તેને કેવી રીતે ભણવામાં પાછો વાળવો એ સમજાઈ ગયું.

''તારો મોબાઈલ આપ.'' મેડમ અંકુર સામે જોઈને બોલ્યા

''કેમ મેડમ?''

''તારે શિવાની જોઈએ છે ને !''

''હા.''

''બસ તો પછી હું કહું એમ કર. મારી સામે જ મોબાઈલમાંથી તેના બધા ફોટા ડીલીટ કર.''

અંકુરે કચવાતા મને બધા ફોટા મેડમની સામે જ ડીલીટ કર્યા.

''હવે ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ ડીલીટ કર.''

''મેડમ, એ કેમ?''

''શિવાની જોઈએ...''

''હા હા મેડમ. કરું છું ડીલીટ''

એકલવ્ય જેમ અંગુઠો કાપીને પોતાના ગુરુને અર્પણ કરે એમ અંકુર મેડમને તમામ સોશ્યિલ મીડિયા અર્પણ કરી રહ્યો હતો.. સૌથી મોટું આધુનિક જમાનાનું સૌથી કપરું બલિદાન અંકુરે આપ્યું.

''જો અંકુર, હવે ભૂલથી પણ ફરી આ બધું ચાલુ ના કરીશ. હું તને સામેથી ન કહું ત્યાં સુધી આ બધું બંધ સમજ્યો.''

મેડમની આજ્ઞા માથે ચડાવી એક આદર્શ શિષ્યની જેમ અંકુર પાછો ગયો. ચોટલી બાંધીને કમર કસીને અભ્યાસમાં મચી પડ્યો.

પૂરા છ મહિના પછી મેડમની કેબિનમાં પાછો આવ્યો. તેની આંખોમાં આત્મવિશ્વાસ અને સ્વમાન છલકાતું હતું. છ મહિનામાં તેનું સંપૂર્ણ વ્યક્તિત્વ બદલાઈ ગયું. તેનામાં આવેલો બદલાવ જોઈને મેડમ પણ એક ક્ષણ ઓળખી ના શક્યા .

''મે આઇ કમ ઈન મેમ.''

''આવ આવ અંકુર, બેસ બેસ. આ હાથમા શું છે?''

''મેડમ, આ મીઠાઈ તમારા માટે.''

''કેમ? કઈ ખુશીમાં?''

''તમે જ જોઈલો.'' મેડમના હાથમાં માર્કશીટ આપતાં અંકુર બોલ્યો.

માર્કશીટ જોઈને મેડમની આંખો ફાટી ગઈ. તેઓ કયારેય કલ્પના પણ નહોતા કરી શક્યા કે અંકુર આવું રિઝલ્ટ લાવી શકે. ડિસ્ટીંકશન સાથે પ્રથમ આવ્યો અને સાથે સાથે કેમ્પસ ઇન્ટરવ્યૂમા પણ સિલેક્ટ થઈ ગયો. ખૂબ સારા પેકેજ સાથે તેને જોબ પણ મળી ગઈ.

''આ બધો ચમત્કાર થયો કેવી રીતે અંકુર.''

''મેડમ, તમે કહ્યું તું એમ, મે મારૂ બધું ફોકસ માત્ર ભણવામાં લગાવી દીધું. મને બીજું કંઈ જ સૂઝતું પણ નહોતું. છ મહિનાથી નથી તો ફેસબુક જોઇ નથી, ઇન્સ્ટાગ્રામ કે નથી બીજું કોઈ પણ સોશિયલ મીડિયા. બસ મને એક જ વસ્તુ દેખાતી. એક્ઝામમા ટોપ કરવું તે. અને મેડમ પરિણામ તમારી સામે છે.''

અંકુરની સફળતા જોઇ મેડમ ખૂબ રાજી થયા. અને ધીરેથી બોલ્યા.

''હવે શિવાનીને વાત કરું ને તારા માટે.'' મેડમ અંકુર સામે જોઈ હસતાં હસતાં બોલ્યા.

''ના મેડમ, હવે મને મારી કરિયર દેખાય છે. ફરીથી એ બધા ચક્કરમાં નથી પડવું. એ જ્યાં હોય ત્યાં ખુશ રહે. હવે મને તેના પ્રત્યે કોઈ ફરિયાદ નથી.''

''આ તું બોલે છે? છ મહિના પેહલા દેવદાસ બનીને આવ્યો'તો. હવે બાહુબલી જેવો શૂરવીર થઈ ગયો. શું વાત છે??''

''આ જે કાંઈ થયું તે તમારા લીધે. થેન્ક યુ મેડમ ફોર એવરીથિંગ. તમે મને સમયસર ના ચેતવ્યો હોત તો કદાચ હજુ પણ હું બેકલોગના ચક્કર અને વ્યસનના વળગણમાંથી મુક્ત ન થઈ શક્યો હોત.'' ભાવુક થઈને અંકુર મેડમને પગે લાગતા બોલ્યો.

અંકુરનું પરિવર્તન જોઇ મેડમની આંખો પણ ભીની થઈ. કંઠ રૂંધાયો અને તેના માથે હાથ રાખી બોલ્યા, ''ખૂબ સફળ થાઓ અને સુખી રહો. જીવનના દરેક ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરો. એક શિક્ષકના આશીર્વાદ સદાય તારી સાથે છે.''

પ્રાધ્યાપિકા, મીકેનીકલ એન્જિનિયરીંગ વિભાગ, એ.ડી.આઈ.ટી.
કોલેજ ન્યૂવલ્લભવિદ્યાનગર, મો.: ૯૯૦૪૨૩૭૮૪૭

॥ વિદ્યાવૃત્ત ॥

## સીવીએમ યુનિવર્સિટી, એરિબાસ કોલેજમાં ઓન-લાઇન ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ચારૂતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત ન્યુ વિદ્યાનગરની અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંન્ટ્રીગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ એલ્લાઈડ સાયન્સ (એરીબાસ) કોલેજનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે ઓન-લાઇન ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રથમ વર્ષના એમએસસી ઇંટ્રીગ્રેટેડ ઈન બાયોટેકનોલોજીનાં વિદ્યાર્થીઓનો આવકાર સંસ્થાનાં ઈન-ચાર્જ હેડ ડો. ભક્તિ બાજપાઈએ કર્યો હતો અને બાયોટેકનોલોજીનું મહત્ત્વ, દેશ અને પરદેશમાં રોજગારીની વિપુલ તકો અંગેની સમજ આપી હતી. સમગ્ર વર્ષ દરમ્યાનની શૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી કે ટીચિંગ પ્લાન, પરીક્ષાલક્ષી બાબતો, અભ્યાસકીય બાબતો અને યુનિવર્સિટીનાં નિયમ મુજબ ૮૦% હાજરી વગેરેની સમજ એમ.એસ.સી ફાર્માસ્યૂટિકલ સાયન્સ વિભાગના હેડ ડો. રીતુ દીક્ષિત દ્વારા આપવામાં આવી હતી. ડો. કિન્નરી મિસ્ત્રી દ્વારા સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓની માહિતી, અભ્યાસક્રમ અને તેનાં વિષયો અંગેની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. વર્ચ્યુયલ ટુર થકી સંસ્થાના વિવિધ વિભાગોનું નિદર્શન કરાયું હતું. ડો. નિશા દક્ષિણી અને સોહિલભાઈ પટેલ દ્વારા ગૂગલ મીટનાં માધ્યમ થકી સમગ્ર ઓન-લાઇન ઓરિએન્ટેશનનું સફળ આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.

## જમ્મુ-કાશ્મીરમાં નવી વસંત

શેમલ મેવાડા

તાજેતરમાં કલમ ૩૭૦ હેઠળ જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો રદ કરવાની ઘટનાને વર્ષ પૂરું થયું. ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીરના નાગરિકો ને દરેક વસ્તુને જોવાની નવી દ્રષ્ટી મળી.

ગૃહ પ્રધાન અમિત શાહે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ અને કલમ ૩૫-એ રદ કરી અને રાજ્યને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજીત કર્યાને તેની જાહેરાતના એક વર્ષ પછી જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વિકાસની સાથે ખીણમાં શાંતિ પ્રવર્તે છે. આ ઐતિહાસિક બનાવની પ્રતિક્રિયા રૂપે રાજ્યમાં હિંસા ને અરાજકતાનું વાતાવરણ ઊભું થાય એવો ભય હતો. પરંતુ રાજકીય કુનેહ તેમજ નિયંત્રણને કારણે આમ થયું નહિ. પ્રજાએ આ પરિવર્તનને સ્વીકાર્યું એવું સાબિત થયું.

કાશ્મીરની સ્વાયત્તતાના અંતના એક વર્ષ બાદ, કેન્દ્રએ શાસનની સરળતા અને લોકશાહી વિકેન્દ્રિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરતા વ્યાપક વિરોધ અને હિંસાને સફળતાપૂર્વક કાબુમાં રાખી છે.

પથ્થરમારાના આંકડા હિંસાના ઘટતા વલણને દર્શાવે છે. વર્ષ ૨૦૧૮માં પથ્થરમારાની ૫૩૨, ૨૦૧૯માં ૩૮૯ અને ૨૦૨૦માં ૧૦૨ ઘટનાઓ નોંધાઈ છે. વર્ષ ૨૦૧૮ની તુલનામાં ૨૦૧૯માં પથ્થરમારાની ઘટનાઓમાં ૨૭ ટકાનો ઘટાડો થયો હતો અને ૨૦૨૦માં ૭૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો થયો છે. આમ,જમ્મુ-કાશ્મીરમાં કલમ ૩૭૦ના રદ થયા પછી હિંસાના ઘટતા વલણના મુખ્ય કારણ તરીકે જમ્મુ-કાશ્મીરમાં પથ્થરમારાની ઘટનાઓમાં ઘટાડો, જમ્મુ-કાશ્મીરમાં અલગતાવાદી નેતાઓ પર સતત ચાંપતી નજર, સુરક્ષાના પ્રભાવક પગલાં અને સૈન્યની વિશાળ હાજરી એ મુખ્ય કારણો છે.

શ્રી સૂર્ય પ્રકાશ (ભૂતપૂર્વ અધ્યક્ષ, પ્રસાર ભારતી) લખે છે કે, આ સમયગાળામાં રાજ્યનાં બંધારણીય મુખ્ય પ્રવાહ અને સાત દાયકાથી ગણ્યા ગાંઠ્યા લોકો દ્વારા અમલી ભેદભાવ પૂર્ણ અને બિનલોકશાહી નીતિઓનો અંત આપ્યો છે. પાછલા ૧૨ મહિનામાં થયેલા પરિવર્તનને જોતા શ્રી પ્રકાશ જણાવે છે કે, કેન્દ્રિય સરકારે બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં રહેતા દરેકને ભારતના બંધારણનાં લાભોનો એક સરખો અહેસાસ થાય તે માટે તમામ અવરોધોને દૂર કર્યા છે તે સ્પષ્ટ છે. તેઓ કહે છે, ''આ વિકાસ સામાજિક અને રાજકીય સમાનતા, શિક્ષણ, નોકરીઓ, આરક્ષણો અને દેશના બાકીના ભાગમાં વંચિત લોકોને મળતા અન્ય અધિકારો જેવા વિવિધ મુદ્દાઓ સુધી વિસ્તરે છે.''

વધુમાં, આજે સાત દાયકા પછી પ્રથમ વખત, ભારતીય બંધારણ અને તમામ ૮૯૦ કેન્દ્રીય કાયદા જેવા કે જમ્મુ અને કાશ્મીર માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૫૪, વ્હિસલ બ્લોઅર્સ પ્રોટેક્શન એક્ટ-૨૦૧૪, સફાઇ કર્મચારીઓ અધિનિયમ-૨૦૧૪, જેવા પ્રગતિશીલ કાયદા સહિત વધુ ૧૭૦ કેન્દ્રીય કાયદાઓની અરજી. અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વન નિવાસીઓ (વન અધિકારની માન્યતા) અધિનિયમ-૧૯૯૩, લઘુમતી અધિનિયમ માટેનું રાષ્ટ્રીય કમિશન-૨૦૦૭, અને બાળકો માટે મફત અને ફરજિયાત શિક્ષણ અધિનિયમ-૨૦૦૯ સંપૂર્ણ રીતે લાગુ છે.

ઉપરાંત છેલ્લા ૧૨મહિનામાં બીજા ઘણા મહત્ત્વપૂર્ણ વિકાસના કાર્યો થયા છે. આમાંનું પ્રથમ કાર્ય કાશ્મીરી પંડિતોનું પુર્નવસન છે. એમને ૩૦ વર્ષ પહેલા આતંકવાદીઓ તથા અલગતાવાદીઓ દ્વારા ખીણમાંથી ભાગી જવા મજબુર કરવામાં આવ્યા હતા. વધુમાં, રોજગારી માટે થઈને, ગત વર્ષે ૪૦૦૦ યુવાનોને કેન્દ્રશાસિત પ્રદેશમાં નોકરી મળી છે અને બીજા ઘણાને રોજગાર માટે સૂચિબદ્ધ કર્યા છે. વળી, પશ્ચિમ પાકિસ્તાનના ૨૦,૦૦૦થી વધુ શરણાર્થી ઓ, કે જેમના તમામ હકનો પાકિસ્તાન સરકાર દ્વારા અસ્વીકાર કરવામાં આવ્યા, તેમને પરિવાર દીઠ ૫.૫૦ લાખની આર્થિક સહાય આપવામાં આવી છે. ડોમિસાઇલ સર્ટિફિકેટ આપવા માટે સરળ નિયમો ઘડવામાં આવ્યા છે કે જેથી બધાને સરખી તક ઉપલબ્ધ થઇ શકે.

જમ્મુ અને કાશ્મીરની સ્થાનિક સરકારમાં ૧૦,૦૦૦ ખાલી જગ્યાઓ ભરવા માટે મોટા પાયે ભરતી અભિયાન પણ શરૂ કર્યું છે; ૨૫,૦૦૦ પોસ્ટ્સ ભરવાની બીજી

ઝુંબેશ પ્રક્રિયામાં છે. અનુસૂચિત જનજાતિ, ઓબીસી અને આર્થિક રીતે નબળા વર્ગ જેવા રોજગાર મેળવવા માટે અને વંચિત જૂથોને સક્ષમ બનાવવા માટે સુધારેલા નિયમો બનાવવાની પ્રક્રિયા ચાલુ છે.

જમ્મુ-કાશ્મીરના મુખ્ય પ્રવાહને સુનિશ્ચિત કરતા અન્ય પગલા આ પ્રમાણે છે. માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ની અમલવારી, ભ્રષ્ટાચાર વિરોધી કેસો સંદર્ભે કેન્દ્રીય તકેદારી આયોગની સીધી દેખરેખ અને કેન્દ્રીય વહીવટી ટ્રિબ્યુનલ (સીએટી)ની ૧૮મી બેંચની સ્થાપના).

રાજકીય વિવેચકો તેમજ વિરોધપક્ષના મત મુજબ કાશ્મીરમાં હજુય ઘણું કરવાનું બાકી છે. સાત દાયકા પછી અપેક્ષિત પરિવર્તનની ગતિ મંદ રેહવાની શક્યતાઓ રહેજ. પરંતુ એક સુખદ પ્રારંભ થયો છે અને કેન્દ્ર સરકારના અનેક પગલા જમ્મુ-કાશ્મીર અને લદાખ ને ભારતના અન્ય રાજ્યોની સમકક્ષ બનાવશે એવી આપણે આશા રાખીએ.

E-mail: shemalmevada@gmail.com

**।। વિદ્યાવૃત્ત ।।**

## ADIT કોલેજના વિદ્યાર્થીઓએ વિકસાવી અદ્યતન સિસ્ટમ

(ડિજિટલ ઇન્ડિયા તરફ દેશ આગળ વધી રહ્યો છે, ત્યારે સરકાર દ્વારા પણ સરકારી કચેરીમાં થતા કામ ડિજિટાઇઝ કરવામાં આવી રહ્યા છે. આણંદની ADIT કોલેજના વિદ્યાર્થીઓ એ એક એવી સિસ્ટમ વિકસાવી છે, જે સરકારને સીધા લાભાર્થી સુધી પહોંચવામાં સરળતા ઊભી કરશે.)

કેન્દ્ર સરકાર દ્વારા ડિજિટલ ઈન્ડિયા'ને પ્રોત્સાહન પૂરું પાડવા માટે એમએચઆરડી તેમજ એઆઈસીટીના સંયુક્ત ઉપક્રમે ૧૭ યુનિયન મીનીસ્ટ્રી, ૭૫થી વધુ ઇન્ડસ્ટ્રી અને રાજ્ય સરકારના ૩૦૦થી વધુ ડિજિટલ પ્રોબ્લેમના સોલ્યુશન માટે સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્માર્ટ ઇન્ડિયા હેકાથોન ૨૦૨૦માં સિક્કિમ ગવર્મેન્ટ દ્વારા મૂકવામાં આવેલા પ્રોબ્લેમ માટે ૧૯ સોલ્યુશન એપ્લિકેશન દાખલ કરવામાં આવી હતી. જેમાંથી સરકાર દ્વારા પાંચ વિદ્યાર્થીઓને ફાઇનલમાં પસંદગી આપવામાં આવી હતી, જેમાંથી આણંદ સ્થિત CVM યુનિવર્સિટી સંચાલિત ADIT એન્જિનિયરિંગ કોલેજના આઇટી વિભાગના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવી એક ખૂબ જ સુરક્ષિત તેમજ હ્યુમન લેસ ડિજીટલ સિસ્ટમ વિકસાવી, સરકાર તેમજ લાભાર્થીને સીધા સંપર્કમાં લાવી શકાય તે પ્રમાણેની નવીનતમ પદ્ધતિ વિકસાવી હતી.

ADIT કોલેજના ૬ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાંથી પંડ્યા કેવિને સમગ્ર પ્રોજેક્ટ વિશે માહિતી આપતા ETV ભારતને જણાવ્યું હતું કે સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી લોકહિતની યોજનાઓ લાભાર્થી સુધી સીધી રીતેના પહોંચી શકે અને લાભાર્થી સરળતાથી આ યોજનાનો લાભ મેળવી શકે તે પ્રમાણેની સરળ પદ્ધતિ આ પ્રોજેક્ટમાં વિકસાવવામાં આવી છે. સામાન્ય રીતે કોઈપણ યોજના જ્યારે સરકાર દ્વારા જાહેર કરવામાં આવે છે, ત્યારે તેનો લાભ મેળવવા માટે લાભાર્થીને રૂઢિગત પદ્ધતિમાંથી પસાર થવું પડે છે, જે માટે ઘણું બધું પેપરવર્ક અને ઘણી બધી કચેરીઓની ફાઈલ પહોંચાડવાની જરૂર ઊભી થતી હોય છે, પરંતુ ADITના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલી આ પદ્ધતિ થકી આધારકાર્ડને મોબાઈલ નંબરના ઉપયોગથી લાભાર્થી કોઈપણ સરકારી યોજનાનો લાભ એક ક્લિકથી મેળવી શકશે. જેથી સરકાર અને લાભાર્થી આ પ્લેટફોર્મની મદદથી સીધા સંપર્કમાં આવી શકશે. સાથે જ જે પ્રમાણે ગેરરીતિ થતી હોય છે તેને પણ અટકાવી શકાશે.

એક જ યોજનાનો એક કરતાં વધુ વખત લાભાર્થીને લાભ ન મળે તે પણ ચોક્કસ કરી શકાશે. જેથી લાભાર્થીને સરકારી કચેરી અને ફોર્મ માટે મુશ્કેલી નહીં થાય. બીજી તરફ સરકારને પણ સરકારી યોજનાનો લાભ કોને મળી રહ્યો છે, તેની સીધી માહિતી પ્રાપ્ત થઇ શકશે. જે સરકાર અને પ્રજા બંને માટે એક સુખદ સમાધાન સ્વરૂપ સાબિત થઈ શકે છે.

ચારૃતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત ADIT કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવેલા આ ડિજિટલ સિસ્ટમ તેમના જણાવ્યાં મુજબ ખુબ જ સુરક્ષિત છે, સાથે જ આ સિસ્ટમમાં સરકાર લાભાર્થીને કોઈપણ યોજનાનો લાભ સરળ રીતે પહોંચાડી શકે તેમ છે. સિક્કિમ ગવર્મેન્ટ દ્વારા ADIT કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવેલા પ્રોજેક્ટને પ્રથમ પસંદગી કરી એક લાખ રૂપિયાની માતબર રકમનું પ્રોત્સાહન ઇનામ પણ આપવામાં આવ્યું છે.

આ પ્રસંગે ADIT કોલેજના આચાર્ય વિશાલ સિંહે જણાવ્યું હતું કે, ADIT કોલેજ વિદ્યાર્થીઓને એમ્પ્લોય બનવા માટે નહીં પરંતુ એમ્પ્લોયમેન્ટ ઊભી કરવા માટે પ્રોત્સાહિત કરે છે. જેથી આવનાર વર્ષોમાં વિદ્યાર્થીઓ નાના સ્ટાર્ટઅપ સાથે દેશમાં નવી નોકરી અને રોજગારીની તક ઊભી કરી શકે. સિક્કિમ ગવર્મેન્ટ દ્વારા પસંદગી પામેલા ડિજિટલ સિસ્ટમ માટે આ સ્પર્ધામાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી દ્વારા નવું સ્ટાર્ટઅપ વિદ્યાર્થીઓના હિતમાં ઊભું કરવામાં આવશે. વિદ્યાર્થીઓની આવી ઝળહળતી સફળતા બદલ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મનીષભાઈ પટેલ, માનદ્‌મંત્રીશ્રી ડૉ. એસ. જી. પટોલ, માનદ્ સહમંત્રીશ્રીઓ તથા સમસ્ત ચારુતર વિદ્યામંડળ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# આદર્શ શિક્ષક- દાર્શનિક રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

ઈશ્વરભાઈ વાઘેલા

૧૯૨૧માં મહારાજા કૉલેજ, મૈસુરના એક શિક્ષક કૉલેજ છોડી કલકત્તા જઈ રહ્યા હતા. બપોરે વિદાય સમારંભ પૂરો થયો. શિક્ષક સભાગૃહમાંથી બહાર નીકળ્યા. વિદ્યાર્થીઓએ એક બગ્ગી ફૂલોથી સજાવી તૈયાર રાખી હતી. તે બગ્ગીમાં વિદ્યાર્થીઓએ તેમને બેસાડ્યાં. શિક્ષક ઘોડા જોડાવાની રાહ જોતા હતા, ત્યાં જ વિદ્યાર્થીઓની એક જોડી આવીને બગ્ગી ખેંચવા લાગી. એક પછી એક જોડી આવતી ગઈ અને બગ્ગીને ખેંચીને મૈસુર રેલવે સ્ટેશને લઈ ગયા. ત્યાં શિક્ષકને નીચે ઉતારીને રેલ્વે ગાડીમાં બેસાડ્યાં. અદ્વિતીય શિક્ષકને અદ્વિતીય વિદાયમાન અપાયું. તે શિક્ષક હતા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્.

રાધાકૃષ્ણન્‌નો જન્મ ૫ સપ્ટેમ્બર ૧૮૮૮ના રોજ તમિલનાડુના ધાર્મિક ગામ તિરુતનીના નિયોગી બ્રાહ્મણ-મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. તેમણે ૮ વર્ષનું પ્રાથમિક શિક્ષણ હરમંસબર્ગ ઈવેન્જિકલ મિશનરી સ્કૂલમાં અને ૪ વર્ષ વેલ્લોરના એલિઝાબેથ રેડમેન વોરિસ કૉલેજમાં મેળવ્યું હતું. નાનપણથી જ અંગ્રેજી વાતાવરણમાં શિક્ષણ મળ્યું હોવાથી અંગ્રેજી ભાષા પર સારી પકડ જમાવી હતી. તેઓ વિજ્ઞાન ભણવા ઈચ્છતા હતા પણ દર્શનશાસ્ત્રનું પુસ્તક વાંચતા. તેમનામાં દર્શનશાસ્ત્ર ભણવાની ભૂખ જાગી ઊઠી આથી મદ્રાસ કૉલેજમાં પાંચ વર્ષ સુધી ભારતીય તત્ત્વચિંતન અને પશ્ચિમી તત્ત્વચિંતનનો સમાંતર અભ્યાસ કર્યો. પ્રો. આલ્ફ્રેડ જ્યોર્જે તેમને પશ્ચિમી દર્શનનો પરિચય કરાવ્યો હતો. મદ્રાસ ક્રિશ્ચિયન કોલેજમાં (૧૯૦૪-૧૯૦૬) એમ.એ.નો અભ્યાસ કર્યો તે દરમ્યાન પ્રૉ. એ.જી રોગના નિર્દેશનમાં પ્રાશ્ચાત્ય વિચારોનો ઊંડો અભ્યાસ કર્યો. ૧૯૦૮થી આ જ કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. દરમિયાન સંસ્કૃત શીખ્યા. ૧૯૧૧માં 'ધ એથિક્સ ઓફ ધ ભગવદ્‌ગીતા એન્ડ કેન્ટ' લેખ પ્રસિદ્ધ થયો. આ લેખે તેમને પશ્ચિમ અને પૂર્વ વચ્ચે સેતુરૂપ કામગીરી કરવા સક્ષમ એવા વિચારક તરીકે પ્રતિષ્ઠા અપાવી.

વિશ્વયુદ્ધના કપરા દિવસોમાં ૧૯૧૪ થી ૧૯૨૦ દરમિયાન રાધાકૃષ્ણન્, કવિવર રવીન્દ્રનાથ ટાગોરના વિચારોથી ખાસ્સા પ્રભાવિત થયા અને તેમણે અનેક દાર્શનિક- રાજકીય લેખો લખ્યા. ૧૯૨૧માં કોલકતા યુનિવર્સિટીની પ્રતિષ્ઠિત જ્યોર્જપંચમ ચેર તેમને સોંપવામાં આવી. ૧૯૨૯માં ઓક્સફર્ડ યુનિવર્સિટીની હેરિસ માન્ચેસ્ટર કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે નિયુક્ત થયા. ૧૯૨૬માં હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ 'ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઑફ ફિલોસોફી'માં ભાગ લઈ વક્તવ્ય આપેલું તે અખબારોની લીડ બન્યું. ભારતનો કોઈ માણસ પશ્ચિમના દર્શનને આટલી બારીકાઈથી સમજે છે, એ જાણીને પશ્ચિમના દાર્શનિકો ચકિત થયા હતા. ૧૯૨૬માં 'હિંદુ વ્યૂ ઓફ લાઈફ' પુસ્તક ઓક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા પ્રકાશિત થયું. ૧૯૨૯માં 'એન આઈડિયલિસ્ટ વ્યૂ ઓફ લાઈફ' પ્રકાશિત થયું. આ બન્ને પુસ્તકોએ એમને પશ્ચિમમાં ખૂબજ પ્રસિધ્ધિ અપાવી. પરિણાપ સ્વરૂપે ૧૯૩૧ થી ૧૯૩૫ સતત પાંચ વર્ષ સુધી તેમને સાહિત્યના નોબેલ પારિતોષિક માટે નોમિનેશન મળ્યું હતું.

૧૯૩૧માં ભારત પરત આવી આન્ધ્ર યુનિવર્સિટીમાં કુલપતિ તરીકે જોડાયા. ૧૯૩૧માં 'નાઈટ હુડ'ની ઉપાધિ મળી. ૧૯૩૬માં પુના ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ગયા. ત્યાં તેમને એમ.એન સ્પેલ્ડિંગ ચેટ ઓફ ઈસ્ટને રિલિજન્સ એન્ડ એથિક્સ પર પદસ્થાપિત કરાયા. આ કામમાં ઈન્દિરાબેન ગાંધી તેમના વિદ્યાર્થી હતા. મદનમોહન માલવિયાજીના આમંત્રણે ૧૯૩૯માં ભાગી આવ્યા. બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલયના કુલપતિ બન્યા. અહીંથી તેમના જાહેરજીવનની શરૂઆત થઈ. બંધારણ સભાના સભ્ય પણ બનાવાયા. ૪ નવેમ્બર ૧૯૪૮ના રોજ ડૉ. રાધાકૃષ્ણન્‌ના અધ્યક્ષપદે યુનિવર્સિટી શિક્ષણપંચની રચના કરવામાં આવી હતી. ભારતીય યુનિવર્સિટી શિક્ષણ પર અહેવાલ તૈયાર કરી તેમાં સુધાર તથા વિસ્તાર સંદર્ભે ભલામણો કરવા માટે રચાયું હતું. તેમણે સઘન અભ્યાસ કરીને અહેવાલ રજૂ કર્યો હતો. બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયાના બે ધ્રુવો અમેરિકા અને સોવિયેત રશિયાના જૂથો વચ્ચે ઠંડુ યુદ્ધ શરૂ થયું હતું. ભારત બિનજોડાણવાદી હતું. વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ તટસ્થ રહેવાનું પસંદ કર્યું હતું. અને ભારતને મળેલી સ્વતંત્રતા બાબતે કોઈ સમાધાન કરવા માગતા નહોતા ત્યારે સોવિયેત સંઘ સાથે સંબંધોમાં ઉષ્મા ટકાવી રાખવા નહેરુએ રાધાકૃષ્ણનને ૧૨ જુલાઈ ૧૯૪૯ના રોજ વિશેષ રાજદૂત તરીકે સોવિયેત સંઘ (રશિયા) મોકલ્યા હતા. આ માટે તેમણે સંવિધાન સભાના

સભ્યપદેથી રાજીનામું આપ્યું હતું. છ મહિના સુધી તેઓ સ્ટાલિનને મળી શક્યા નહીં. ૧૪ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ સ્ટાલિને રાત્રે નવ વાગે તેમને મળવા બોલાવ્યા. રાધાકૃષ્ણન્ ક્રિમલિનમાં પ્રવેશ્યા અને ભુલભુલામણી જેવા રસ્તેથી પસાર થઈ સ્ટાલિનની ચેમ્બરમાં પહોંચ્યા. પ્રથમ પ્રશ્ન હતો, તમને મળવાનું શા માટે? સ્ટાલિને જવાબ આપ્યો. મને મળવું અઘરું છે? જુઓ તમે મને મળી રહ્યા છો. ધીમે ધીમે બન્ને વચ્ચેની ઔપચારિક્તા ઓગળી. થોડી મિનિટો માટે નક્કી થયેલી બન્ને વચ્ચેની મુલાકાત ત્રણ કલાક ચાલી.

વાતચીત દરમ્યાન રાધાકૃષ્ણને સ્ટાલિનને તેમના જીવનમાં આવી રહેલાં પરિવર્તનનો ક્રમ દાર્શનિક ઢબે સમજાવ્યો હતો. સમ્રાટ અશોકનું ઉદાહરણ આપીને યુદ્ધમાં માનવીય રક્તને વેડફ્યા સિવાય બીજું કશું જ નથી. શક્તિના જોરે હાંસલ કરેલી સત્તા જતી પણ રહે તેવું સમજાવેલું. બન્ને વચ્ચેની ચર્ચાના પરિણામે ભારત અને રશિયાની મિત્રતાનાં બીજ વવાયા હતાં. સ્ટાલિન સાથેની રાધાકૃષ્ણન્‌ની ઐતિહાસિક મુલાકાત સમગ્ર વિશ્વમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી.

૧૯૫૭માં તેઓ ઉપરાષ્ટ્રપતિ તરીકે ત્રણ સપ્તાહની વિદેશયાત્રાએ ગયા હતા. તેમાં ચીનયાત્રા પણ સામેલ હતી. તેઓ માઓને મળવા માટે તેમના નિવાસસ્થાન ‘ચુંગ નાન હાઈ’ ગયા હતા. માઓ તેમને સત્કારવા સ્વયં બહાર આવ્યા હતા. બન્નેએ હાથ મિલાવ્યાં હતા. માઓ સાથેની મુલાકાત પણ સ્ટાલિન સાથેની મુલાકાતની જેમ વિશ્વમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી. શિકાગો યુનિવર્સિટીમાં તેમણે તુલનાત્મક ધર્મ શાસ્ત્ર પર ભાષણ આપેલું.

રાજેન્દ્રપ્રસાદે ૧૯૫૭માં પુનઃ રાષ્ટ્રપતિ બનવા તૈયાર થયા તેનાથી નારાજ થઈ રાધાકૃષ્ણન્‌ને ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપવા વિચાર્યું હતું. અબ્દુલ કલામ આઝાદે તેમને મનાવ્યા હતા. ૧૯૬૨માં રાધાકૃષ્ણન્ ભારતના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. તેઓ રાષ્ટ્રપતિ બન્યા એટલે બટ્રાન્ડ રસેલે કહ્યું, ‘ડૉ. રાધાકૃષ્ણન્ ભારતના રષ્ટ્રપતિ બન્યાને દર્શનશાસ્ત્ર માટે ગર્વની વાત છે. એક દાર્શનિક તરીકે મને આ વાતની ખુશી થઈ છે. પ્લેટોની ઈચ્છા હતી કે દાર્શનિકને રાજપદ મળે. ભારત ભાગ્યશાળી છે કે તેને દાર્શનિક રાષ્ટ્રપતિ મળ્યા છે.’

રાષ્ટ્રપતિ તરીકે તેમણે પાંચ વડાપ્રધાન સાથે કામ કર્યું હતું. જેમાં જવાહરલાલ નહેરુ, ગુલઝારીલાલ નંદા, લાલબહાદુર શાસ્ત્રી અને ઈન્દિરાબેન ગાંધી. આ કાળમાં વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને લાલબહાદુર શાસ્ત્રીના નિધન થયા હતા. તેમણે બે યુદ્ધો ચીન સાથે ૧૯૬૨માં અને પાકિસ્તાન સાથે ૧૯૬૫માં કમાન્ડર તરીકે નેતૃત્વ કર્યું હતું. જો કે તેમણે દેશની લોકશાહીના પાયા સહેજેય હલવા કે નબળા પડવા દીધા ન હતા. તેઓ રાષ્ટ્રપતિ તરીકે ચોથા ભાગનો પગાર લેતા હતા.

એક વખત કેટલાંક લોકોએ તેમનો જન્મદિવસ ઉજવવાની મંજૂરી માગી. તેમણે ઈન્કાર કરી દેતા કહ્યું, ‘મારો જન્મદિવસ ઉજવવો હોય તો શિક્ષકોનું સન્માન કરો. તેઓ માનતા કે સૌથી હોંશિયાર વિદ્યાર્થીએ શિક્ષક બનવું જોઈએ.’ આમ તેમનો જન્મ દિવસ ‘શિક્ષકદિન’ તરીકે ઉજવાવા લાગ્યો.

નિવૃત્ત એસો. પ્રોફેસર, ૧૦, વૃંદાવન બંગ્લોઝ ધારાનગરી રોડ,
વલ્લભવિદ્યાનગર, તા.જિઃ આણંદ

।। વિદ્યાવૃત્ત ।।

## ગો.જો. શારદામંદિરની એન. સી.સી. કેડેટ્સની સિદ્ધિ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદામંદિરની ધો-૯માં અભ્યાસ કરતી બે NCC કેડેટ્સ પટેલ ખુશી શૈલેષભાઈ અને પુવાર સેજલ પુષ્પેન્દ્રસિંહને શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન શાળામાં શૈક્ષણિક મૂલ્યાંકનમાં તેમજ NCCની વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્તમ દેખાવ બદલ ફોર ગુજરાત ગર્લ્સ હેઠળ 'Cadet welfare society' અંતર્ગત રૂ. ૬૦૦૦ લેખે કુલ રૂ. ૧૨૦૦૦ શિષ્યવૃત્તિ પ્રાપ્ત થયેલ છે. જે બદલ આ બંને કેડેટ્સને ચારુતર વિદ્યામંડળનાં ચેરમેનશ્રી ભીખુભાઈ પટેલ સાહેબ તથા માનદમંત્રી શ્રી ડૉ. એસ. જી. પટેલ સાહેબ, શાળાના આચાર્યાશ્રી રીટાબેન પટેલ, NCC Officer રેશ્મા પરમાર તથા શાળા પરિવારે અભિનંદન પાઠવી શુભેચ્છા વ્યક્ત કરી હતી.

# ભારત રત્ન સર વિશ્વેશ્વરાયા

શ્યામ ખંભોળજા



ઈ.સ. ૧૯૬૭ થી દરવર્ષે તા. ૧૫ સપ્ટેમ્બરને ભારતના અદ્વિતીય એન્જિનિયર ભારત રત્ન મોક્ષગુંદમ વિશ્વેશ્વરાયાની યાદમાં ઈજનેરી દિવસ તરીકે ઉજવવામાં આવે છે. સર એમવી ના ટૂંકા નામથી ઓળખાતા મોક્ષગુંદમ વિશ્વેશ્વરાયાનો જન્મ તા. ૧૫ સપ્ટેમ્બર, ૧૮૬૧ના રોજ તેલુગુ બ્રાહ્મણ પરિવારમાં હાલના કર્ણાટક રાજ્યમાં થયો હતો. તેમના પૂર્વજો આંધ્ર પ્રદેશના મોક્ષગુંદમ ગામના વતની હતા. નાની ઉંમરે પિતાની છત્રછાયા ગુમાવનાર સર એમવીએ સૌપ્રથમ બેંગ્લોરમાંથી આર્ટસમાં ડીગ્રી મેળવી હતી. ત્યારબાદ પુનાની કોલેજમાંથી ઇજનેરીની ડીગ્રી મેળવી હતી. નવેંબર ૧૮૮૩ માં ૨૩ વર્ષની ઉંમરે અભ્યાસ પૂર્ણ કરીને પીડબ્લ્યુડી વિભાગમાં આસીસ્ટન્ટ એન્જિનિયર તરીકે સરકારી નોકરી મેળવી હતી.સર એમવીની પ્રથમ નિમણૂક નાશિક જીલ્લામાં થઇ હતી, જ્યાં મહાદેવ ગોવિંદ રાનડે અને અન્ય શુભેચ્છકોએ તેમને સ્થાયી થવામાં મદદ કરી હતી. નવી નિમણુંક પામેલા તમામ અધિકારીઓએ કાયમી થતા પહેલા એન્જિનિયરિંગ અને સ્થાનિક મરાઠી ભાષાની પરીક્ષા પાસ કરવી ફરજીયાત હતી. એમવીએ નિમણૂક બાદ ફક્ત ૨૦ મહિનામાં પરીક્ષા પાસ કરીને ફર્સ્ટ ગ્રેડ કક્ષાની નોકરી મેળવી હતી. ત્યારે તેમનો માસિક પગાર રૂ. ૫૦૦ થયો હતો. ત્યારબાદ થોડો સમય અન્ય જગ્યાએ ફરજ બજાવીને ગુજરાતના સુરતમાં વોટર વર્કસના કાર્યની શરૂઆતના સમયમાં તેમનું પોસ્ટીંગ થયું હતું. સુરત અને ભરૂચ જીલ્લામાં તેમનો કાર્યકાળ આશરે ૧૧ મહિના રહ્યો હતો.

મહારાષ્ટ્રના માથાભારે જમીનદારો ખેતીમાં પાણીનો બેફામ ઉપયોગ અને બગાડ કરતા હતા. આ બગાડ રોકવાનું તથા પાણીના ઉપયોગ માટે નિયમો બનાવવાનું કામ એમવીએ કર્યું હતું. ઈ.સ. ૧૯૦૪માં સેનેટરી એન્જિનિયર તરીકે મુંબઈ સરકારમાં કાયમી નિમણૂક મેળવીને સેનેટરી વિભાગમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી. આ ઉપરાંત પુનાની ઇજનેરી કોલેજમાં અભ્યાસક્રમ સુધારણા સમિતિના સભ્ય તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. એમવીએ પુનામાં નિવાસ દરમિયાન શ્રીગોપાલકૃષ્ણ ગોખલેની સાર્વજનિક સભા દ્વારા પ્રકાશિત જર્નલમાં દેશહિતના કાર્ય સંબંધિત આર્ટીકલ લખવાનું શરૂ કર્યું હતું. દેશદાઝ ધરાવતા એમવીને બ્રિટીશ સરકારી તંત્રમાં પોતાની પ્રતિભા વિકસાવવાનો ભરોસો ન રહેતા તેમણે સરકારી નોકરી છોડવાનું પસંદ કર્યું હતું. તેમની નોકરી પેન્શન લાયક ન હોવા છતાં તેમની ઉત્કૃષ્ટ સેવાઓને કારણે મુંબઈ સરકારે ૧૯૦૮માં તેમના રાજીનામાંનો સ્વીકાર કરવા સાથે પેન્શનની ભલામણ પણ કરી હતી. આ સાથે તેમનો મુંબઈ સરકારમાં નોકરીનો કાર્યકાળ પૂર્ણ થયો હતો.

૨૮ સપ્ટેમ્બર, ૧૯૦૮ના રોજ હૈદરાબાદમાં એક દિવસમાં આશરે ૧૩ ઇંચ જેટલો ભારે વરસાદ થતા મુસી નદીમાં વિનાશક પુર આવ્યું હતું, જેના કારણે મોટાપાયે તારાજી સર્જાઈ હતી. આ વિનાશક પુર બાદ હૈદરાબાદ સરકારને વિનાશનો અંદાજ મેળવવા તથા ભવિષ્યમાં આવી હોનારતો ટાળવા એક બાહોશ એન્જિનિયરની જરૂર હતી. ૨૯ ઓકટોબર, ૧૯૦૮ના એક પત્રથી હૈદરાબાદ સરકાર દ્વારા સર એમવીને પોતાની સેવાઓ આપવા અનુરોધ કરવામાં આવ્યો. તેમણે અમેરિકાથી પરત આવીને ૧૫ એપ્રિલ, ૧૯૦૯ના રોજ હૈદરાબાદમાં સેવાઓ આપવાનું શરૂ કર્યું. તેમનું કાર્ય હૈદરાબાદનું પુનઃનિર્માણ, પુર જેવી હોનારતો સામે રક્ષણ મળે તે માટેનો પ્લાન તૈયાર કરવો તથા ગટર વ્યવસ્થા અંગેનું હતું. ટૂંકા ગાળામાં પોતાનું કાર્ય પૂર્ણ કરીને હૈદરાબાદમાંથી રજા લેનાર એમવીએ હૈદરાબાદ નગરની ગટર રચના ને વ્યવસ્થિત કરવા શ્રેષ્ઠ આયોજન કર્યું હતું. ત્યારબાદ મૈસુર રાજ્યના આમંત્રણથી ૧૫ નવેંબર, ૧૯૦૯ના રોજ મૈસુરના મુખ્ય ઈજનેર તરીકે કાર્ય શરૂ કર્યું હતું. આ પદભાર સંભાળતી વખતે તેમણે મૈસુર

રાજ્યના રાજા સમક્ષ ઉદ્યોગો અને ટેકનીકલ શિક્ષણને પ્રોત્સાહન આપવાની શરત રાખી હતી, જે મૈસુરના રાજાએ મંજુર રાખી હતી. નખશિખ એન્જિનિયર ટેકનિકલ શિક્ષણ વધારવા પર ભાર મૂકે તે સહજ છે.

વર્તમાન સમયમાં ઔદ્યોગિક જગતની જરૂરિયાત મુજબ અભ્યાસક્રમની રચના પર ભાર મુકવામાં આવે છે, તે વિચારના ભારતમાં જન્મદાતા ક્યાંક ને ક્યાંક સર એમવી રહ્યા હશે તેવું લાગે છે. મૈસુર રાજ્યમાં જોડાયા બાદ સર એમવીએ સૌપ્રથમ કાર્ય ઇકોનોમિક કોન્ફરન્સના માધ્યમથી શિક્ષણ પર ભાર આપવાનું કર્યું હતું. આ ઉપરાંત કાવેરી નદી ઉપર બાંધવામાં આવેલા કૃષ્ણરાજ સાગર ડેમના નિર્માણમાં તેમનો અગત્યનો ફાળો હતો. આ ઉપરાંત વિશાખાપટ્ટનમ પોર્ટના નિર્માણમાં તથા બિહારમાં ગંગા નદી પર બાંધવામાં આવેલા પુલના નિર્માણમાં ૯૦ વર્ષની ઉંમરે સર એમવીએ યોગદાન આપ્યું હતું. મૈસુરમાં સોપ ફેક્ટરી, આયર્ન સ્ટીલ વર્કસ, એગ્રીકલ્ચર યુનિવર્સિટી, પોલીટેકનીક સંસ્થાઓ, સ્ટેટ બેંક ઓફ મૈસુર, મૈસુર ચેમ્બર ઓફ કોમર્સ, યુનિવર્સિટી વિશ્વેશ્વરાયા કોલેજ ઓફ એન્જિનિયરીંગ વગેરે શ્રેષ્ઠ સંસ્થાઓની રચનામાં સર એમવીનું મુખ્ય યોગદાન રહ્યું છે. મૈસુર રાજ્યના દિવાન તરીકે તેમણે તિરૂમાલા અને તિરૂપતિ વચ્ચે પાકા રસ્તા બનાવવાનું કાર્ય પૂર્ણ કરાવ્યું હતું. તેમના કાર્યકાળ દરમિયાન મૈસુર બેંક અને બેંગ્લોર પ્રેસની રચના થઇ હતી. ઉપરાંત પોતાની માતૃભાષા કન્નડને સાચવી/જાળવી રાખવાના હેતુથી કન્નડ પરિષદની રચના કરી હતી. મૈસુર રાજ્યના સર્વાંગી વિકાસના કાર્ય કરવા બદલ તેમને 'ફાધર ઓફ મોર્ડન મૈસુર સ્ટેટ' ગણવામાં આવે છે.

ઈજનેરી સિવાય શિક્ષણક્ષેત્ર અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં તેમનું મુખ્ય કાર્ય રહ્યું. તેમને મળેલા મુખ્ય સન્માનોમાં સીઆઈઈ, કેસીઆઈઈ તથા આઝાદી બાદ ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન હતા. આ ઉપરાંત દેશની આઠેક યુનિવર્સિટી દ્વારા તેમને D.Sc., LL.D અને D.Lit. જેવી અનેક માનદ્ ડીગ્રીથી સન્માનવામાં આવ્યા હતા. વિશ્વેશ્વરાયા નેશનલ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા તેમના વતન નજીક એક સર એમવીના સન્માનમાં એક મેમોરીયલની રચના કરવામાં આવી છે.૧૨ એપ્રિલ, ૧૯૬૨ના રોજ ૧૦૦ વર્ષની ઉંમરે તેમનું અવસાન થયું હતું. એન્જિનિયર્સ ડે ના અવસરે સર એમવી ના આ શબ્દો યાદ કરવા અને તેનો શક્ય એટલો અમલ કરવો સાર્થક ગણાશે.

"If any good is to come out of independence, a speedy change has to take place in people's habits, education, knowledge and world affairs, and working capacity. They have to work more and produce more. The economic policies of Government have to undergo a radical change if the struggle for existence is to be less severe, and prospects for the future more hopeful."

પ્રાધ્યાપક, બી એન્ડ બી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી,
વલ્લભ વિદ્યાનગર, મો.: ૯૯૯૮૮૮૩૮૬૯

Success in life depends on actions that are, on what you do and not what you feel or think and the price of success is hard work. To work, to initiate, to get results and get results quickly is the Keynote of the modern age. Concentration, Self-reliance, a resolute will, added to the integrity of character are the chief passports to success and these are within the reach of every active brain.

- Sir M. Visvesvarya

**।। અભિનંદન ।।**

સ્થપતિશ્રી આશિષ ચંદ્રકાંત સોમપુરા અત્રે વલ્લભ-વિદ્યાનગર સ્થિત અને પરિસર ટ્રસ્ટ, વડોદરા દ્વારા સંચાલિત અરવિંદભાઈ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ એન્વાયરમેન્ટલ ડીઝાઇન (એ.પી.આઈ.ઈ.ડી.)ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. આ સંસ્થા સરદાર પટેલ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે તથા ચારુતર વિદ્યામંડળ ટ્રસ્ટની દેખરેખ ધરાવે છે. જયારે ભવ્ય રામમંદિરના નિર્માણકાર્યનું ભૂમિપૂજન રાષ્ટ્રના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના હસ્તે કરવામાં આવ્યું ત્યારે સંસ્થા તેમના એક ભૂતપૂર્વ વિદ્યાર્થીની સફળતાને બિરદાવે છે. ગૌરવાન્વિત કરતી આવી ઘટનાએ, એ.પી.આઈ.ઈ.ડી. પરિવાર શ્રી આશિષ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને દેશનું નામ દુનિયામાં રોશન કરે તેવી અભિલાષા પાઠવે છે. તેઓનો પરિવાર વિવિધ મંદિરોના સ્થાપત્ય અને બાંધકામ કાર્યો સાથે સંકળાયેલો છે.

## Sophisticated Instrumentation Centre for Applied Research and Testing (SICART): A SAIF CENTRE

**Supported by Department of Science and Technology (GoI)**
**Managed by Charutar Vidya Mandal**
**Vallabh Vidyanagar- 388120, Gujarat, India**

**Dr. A. R. Jani**

Sophisticated Instrumentation Centre for Applied Research and Testing (SICART) was established in 1998 under the Governance of Charutar Vidya Mandal. This was sponsored by Department of Science and Technology (DST), New Delhi under its RSIC scheme. At that time with well defined objectives MOU was signed by DST and Charutar Vidya Mandal (CVM) valid for a period of five years. This centre was formally and jointly inaugurated by Dr. V. S. Ramamurthy, DST Secretary and H.D.H. Pujya Pramukh Swami Maharaj on 15th December, 2000. At present SICART is undertaking multifold academic activities and programmes. As per DST norms, now there is a Sophisticated Analytical Instrumentation Facility (SAIF) in SICART. During last two decades DST has been supporting this centre through various plan periods and so far it has provided a partial support for the procurement of sophisticated instruments and their maintenance. CVM has also contributed more than this amount for creating this centre which was the brain child of former chairman late Dr.C.L.Patel while providing several other facilities and infrastructure including independent building space.

The major equipments available are HR-TEM, FEG-SEM with EDAX, Transmission Electron Microscope (200 kV), X-ray Diffractrometer, Thermal Analysis Instruments (DTA/TGA/DSC), Gas Chromatograph, GC-Mass Spectrometer, HPLC, C-H-N/O/S Analyzer, Laser Particle Size Analyzer, UV-VIS-NIR, FT-IR, ICP-OES Spectrometers, Universal Testing Machine, Liquid Nitrogen Plant, Liquid Chromatography with MS, WD-XRF, TOC Analyzer, Water purification system, FT-NMR, GPC, HPTLC, Mobile Air Monitoring Instrument, Environmental Analysis laboratory etc. and usual sample preparation accessories associated with these instruments.

In the context of new policies of DST, a fresh MOU is also signed by CVM and DST in February, 2018 which will remain valid for further five years. As far as the authorization of SICART is concentrated, it has Sophisticated Analytical Instrumentation Facility (SAIF) sponsored by Department of Science & Technology (DST, Govt. of India), recognized as a research centre by Department of Scientific & Industrial Research (DSIR), New Delhi, recognized by Gujarat Pollution Control Board (GPCB) as a schedule- I environmental auditor, Accredited by Nation Accreditation Board for Testing and Calibration Laboratories (NABL) and also recognized by Sardar Patel University as a research centre for Ph.D. study. Due to this, so far about 180 students have obtained their Ph.D. degree in science and technology and at present 30 students are pursuing. In addition, every year SICART is undertaking environmental auditing work from GPCB for 15 major Industrial units.

During last 20 years, Sophisticated Analytical Instrumentation Facility in SICART is providing extremely useful support across the nation for research & development activities in almost all the disciplines of science and technology. The cardinal approach of this centre is for testing/ characterization/ analysis of samples in solid, semi- solid, soft matter, liquid, gaseous, etc. from using sophisticated instruments which

can not be usually afforded by users. At present, this centre of the country with the help of 13 qualified and competent technical persons is involved in making study of more than 18,000 samples per annum from about 2200 users of the country and eventually this is resulting into good number of publications every year in national and international reputed journals. The users from universities, colleges, industries, research organizations/ laboratories, R & D units of small scale, medium as well as large scale industries, entrepreneurs, etc. are regularly utilizing instrumentation facility. As far as students are concerned, UG, PG, Ph.D., Post-doc etc. candidates from all the branches of science and technology are highly benefited while availing facilities of this SAIF centre for progressing in their research work. Even looking to its wide utility in the present context of development programmes of Federal Government of India, this SAIF centre is rendering significant services for start-ups as well as Make in India drive for young researchers in the state which is creating innovative ideas among them.

SICART is also offering solution to analytical problems, including sample preparation, development of analytical methods for specific needs and interpretation of results, etc. It also organizes training courses/workshops/seminars etc regularly on the use and applications of various instruments and analytical techniques. The trained scientist/ technicians for operation of sophisticated instruments provide consultancy/R&D facilities to the industries in the region and help them in measurement and testing of quality of raw materials and end products. These activities are within provision of MOU between CVM and DST.

The instruments/facilities at SICART are useful in chemical, pharmaceuticals, environmental and material analysis/testing and characterization, including qualitative and quantitative, elemental molecular/ compound analysis, structure determination, surface/topographic studies, study of physical, mechanical, optical and electrical properties of materials and various tests such as tensile, fatigue, compression, impact strengths and environment tests, etc. Purity of inputs, chemicals, natural and synthetic products and raw materials as well as purity of end products can be tested and verified. Apart from the users from academic and R&D institutions, the facilities at SICART are helpful to a variety of other agencies/ organizations also. The services provided at SICART are available to any user from anywhere in the country as well as abroad to fulfill the VISION and MISSION laid down by the management.

It is a matter of pride for the centre to put on record that at present over and above all the academic activities, SICART is generating good amount of revenue every year from the analytical work with limited manpower. **Thus, it is one of the productive and leading center among such total 17 centers of the country sponsored by Department of Science and Technology, Government of India, New Delhi. During last two years only under the dynamic leadership of present Chairman of CVM Er. Shri Bhikhubhai B.Patel we could fetch the fund of more than 11 Crores rupees from DST, New Delhi and established latest facilities of FEG-TEM, D-8 Advance powder XRD and ICP-OES.** For other details one can visit www.sicart.res.in any time.

---

Hon. Director
SICART, Vallabh Vidyanagar

## કાવ્યમંત્રઃ લાલજી કાનપરિયા

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

લાલજી કાનપરિયા ગુજરાતી ભાષાના નોંધપાત્ર ગીત કવિ છે તેમની ગીતરચનાઓએ અભ્યાસીઓનું ધ્યાન સંગ્રહ 'ઝલમલ ટાણું' (૯૪) થી ખેંચેલું, તેમનો 'કાવ્ય મંત્ર' નામનો નવો કાવ્યસંગ્રહ ૨૦૧૯માં પ્રવીણ પ્રકાશન દ્વારા પ્રકાશિત થયો છે. આ સંગ્રહમાં ૧૧૬ જેટલી રચનાઓ છે જેમાં ગીત, ગઝલ, છાંદસ અને અછાંદસ રચનાઓનો સમાવેશ થાય છે. તેમનાં ગીતોમાં સફાઈદાર લય અને ગ્રામ પરિવેશ તરત ધ્યાન ખેંચે છે. કવિ રમેશ પારેખના ગામના આ કવિ એ ઘરાનાના પણ છે-'ઓરા આવો તો વાત કહુ પટલાણી' એમ કહીને ખેતર બતાવતો આ કવિ વાચકોને પણ કૃષિ, પ્રકૃતિ અને ગ્રામ પરિવેશનો નિતાંત પરિચય કરાવવામાં ખૂબ સફળ રહ્યા છે તેમ અવશ્ય કહી શકાય....

ગીતના કાવ્ય સ્વરૂપની લાક્ષણિકતાઓ ઝીલતી તેમની રચનાઓ આસ્વાદ છે. લય, બાની અને ભાવની કુમાશ તેઓ જાળવે છે.

'હું ડોસો, તું ડોસી
કાળની આ લીલા કેવળ નથી આપણે દોષી.'

જેવી પંક્તિઓમાં ઈશ્વરી લીલાનો સ્વીકાર સહજ પણે થયો છે. ઈશ્વરને ઝરમરતો વરસાદ પીનારા કહી માનવજાતને 'બળતો વૈશાખ' દીધાની ફરિયાદ પણ કરે છે. 'ચાડિયો' અર્થ ફેરે માણસ છે તે પ્રકૃતિને યથાતથ જાળવવાને બદલે ચેડાં કરે છે તેવો સંકેત છે 'ઘૂઘરિયા લાલ'માં લોકાંતતનો લય છે. એક નિમંત્રણ ગીત પણ પ્રેમપત્રરૂપે પ્રગટ કરે છે. 'ચાંદરણે દલડું વીંધાય છે' જેવી ઉક્તિમાં પ્રણયભાવના સંકેતો ઝીલ્યા છે. 'સ્મરણોની બારી' ગીતમાં ચીબરી અને ખિસકોલીનો ઉપયોગ સ્મૃતિ સાહચર્ય માટે સ-રસ કરે છે. આ કવિની અન્ય રચનાઓ પણ આસ્વાદ્ય હોઈ, 'કાવ્યમંત્ર'ના કાવ્યજગતને આવકારીએ. તેમની પાસેથી 'સ્વપ્ન નગર દરવાજે' ગીતસંગ્રહ પણ મળે છે. તેની વાત સ્વતંત્ર રીતે પછી કરીશું.

પ્રવીણ પ્રકાશન રાજકોટ 'સ્વપ્નનગર દરવાજે'

## તમે કવિતા છોઃ ભરત વિંઝુડા

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

ભરત વિંઝુડા આપણા નવયુવાન ગઝલ કવિ છે તેમનો 'તમે કવિતા છો' કાવ્યસંચય ૨૦૧૯માં પ્રગટ થયો છે આ સંગ્રહમાં ૧૦૨ જેટલી ગઝલ રચનાઓ છે. તેમને ગુજરાત સાહિત્ય અકાદમીનાં બે પારિતોષિક અને ગઝલ માટેનો 'શયદા' એવોર્ડ આ અગાઉ મળી ચૂક્યો છે તેમની ગઝલોમાં પ્રણય, પ્રકૃતિ અને ચિંતનને અવકાશ છે, તેથી તેમનું સર્જનકર્મ ધ્યાનપાત્ર બને છે 'તમે કવિતા છો' નામની સ્વતંત્ર ગઝલ છે તેમાં શેર છે. તેઓ લખે છે.

સરસ્વતીનું છે વરદાન કોઈના ઉપર
તમે બધાને મળો નહીં, તમે કવિતા છો.

આજકાલ નવોદિત સર્જકો પોતાના શબ્દોમાં શ્રધ્ધા રાખવાને બદલે અન્યના અભિપ્રાયો ઉપર આધાર રાખે છે ત્યારે સર્જન કરનાર પ્રત્યેક સર્જકનું આ ગઝલ દ્વારા સન્માન કરે છે....

તરસ લાગે નહિં ને પ્યાસ જાગે....

આવી અપૂર્ણ ઉત્કટતાની નોંધ લઈને મહોબત નહિ, પણ મહોબતનો અહેસાસ થાય છે તેવું સ્પષ્ટ કહી શકે છે.

એક માણસ છે પ્યારનો માણસ
કે બધાના શિકારનો માણસ?

સાંપ્રત સ્થિતિ-પરિસ્થિતિનાં પ્રતિબિંબ તેમની ગઝલોમાં અભ્યાસીઓ જોઈ શકશે...

ગુર્જર પ્રકાશન અમદાવાદ

## યોગાભ્યાસથી મન પર થતી અસરો

પી. ડી. શર્મા



આજના આ આધુનિક યુગમાં 'યોગ' એ ખૂબ જ લોકપ્રિય બનેલી વિદ્યા છે. વિશ્વના અણમોલ ખજાના જેવી પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તરફથી મનુષ્ય જાતિને મળેલી આ સૌથી અમૂલ્ય ભેટ છે. 'યોગ' શબ્દ 'યુજ' ધાતુ ઉપરથી બન્યો છે. જેનો અર્થ થાય છે 'જોડાણ' કે 'સંધાન'. આત્માનું પરમાત્મા સાથે મિલન એટલે યોગ. યોગ આપણી દૈહિક અને માનસિક તંદુરસ્તીમાં સુધાર લાવે છે. યોગને લીધે શરીર અને મનનું સમતોલન એકસૂત્રતામાં બંધાય છે.

### મન સ્થિર નથી

મન વિશે લોકો એવું કહેતા હોય છે કે ''મન સ્થિર રહેતું જ નથી, મનમાં ખૂબ જ વિચારો આવે છે. જેટલા એને રોકવાના પ્રયત્નો કરવામાં આવે છે, તેટલા વધુ વિચારો આવે છે.'' પરંતુ આ માન્યતાઓ સાચી નથી. વાસ્તવિકતા એ છે કે મન, જડ પ્રકૃતિથી બનેલ જડ વસ્તુ છે. તે ચેતન નથી એટલા માટે મનમાં આપમેળે કોઈ વિચાર આવતા નથી. આ જડ મનને ચલાવવાનું કામ આત્મા કરે છે. દા.ત. ટેપરેકર્ડરમાં અનેક પ્રકારના ધ્વનિઓનો સંગ્રહ થાય છે. તે જ પ્રમાણે મનમાં અનેક પ્રકારના વિચારો સંગ્રહિત રહે છે. જ્યારે વ્યક્તિ પોતાની ઈચ્છા કે પ્રયત્નથી ટેપ ચલાવે છે, ત્યારે જ ધ્વનિઓ સાંભળવા મળે છે. પોતાની મેળે ધ્વનિ સંભળાતો નથી. આ જ પ્રમાણે જ્યારે આત્મા, મનમાં સંગ્રહ પામેલા વિચારોને પોતાની ઈચ્છાથી જાગ્રત કરે છે, ત્યારે જ મનમાં વિચાર ઉત્પન્ન થાય છે. જ્યારે આત્માને પોતાની ચેતના અને કર્મ તથા મનની જડતાનું જ્ઞાન થાય છે ત્યારે તે મનને પોતાના અધિકારમાં રાખીને પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવે છે. એટલા માટે જ વિદ્વાન યોગી પોતાના જ્ઞાનને લીધે મનને અધિકારપૂર્વક પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવી શકે છે. યોગાભ્યાસ કરતી વખતે દરેક યોગાભ્યાસીને મનમાં નિશ્ચય કરવો જોઈએ કે ''મારું મન જડ છે. તેને ચલાવવાવાળી આત્મા છે. મારી ઈચ્છા કે પ્રયત્ન વિના આ જડ મન કોઈપણ વિષય પ્રત્યે વિચારતું નથી, હું તેને મારા અધિકારમાં રાખીને ઈશ્વરના ચિંતનમાં જ લગાવવાનો પ્રયત્ન કરીશ.''

### યોગાભ્યાસ અને માનસિક તણાવ

યોગાભ્યાસ એ કોઈ વિશેષ ક્રિયાનું નામ નથી પણ આ શબ્દમાં યોગનાં આઠ અંગોનો સમાવેશ થાય છે. મહર્ષિ પતંજલિએ યોગનાં આઠ અંગો સૂચવ્યાં છે. જેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સામધિનો સમાવેશ થાય છે. આ આઠ અંગો સમાવિષ્ટ યોગના અભ્યાસથી શરીર અને મન બંને પર અસર થાય છે. આ આઠ અંગો વિશે યોગ્ય રીતે જાણકારી મેળવીને, શ્રદ્ધાપૂર્વક લાંબા સમય સુધી તેનું પાલન કરવામાં આવે તો અનેક માનસિક લાભ થાય છે.

માનસિક તણાવ કે ચિંતા એ હાલના આધુનિક યુગનો પેચીદો પ્રશ્ન છે. માનસિક ચિંતા સિવાયની વ્યક્તિ જૂજ જ હોય છે. એટલા માટે જ મોટા ભાગની વ્યક્તિઓ મનો-શારીરિક રોગો જેવા કે ડાયબિટીસ, લોહીનું ઊંચું કે નીચું દબાણ, હાર્ટ એટેક, કેન્સર, અલ્સર વગેરેથી પીડાતી હોય છે. બીજી બાજુ મનની તંદુરસ્તી અને શાંતિ માટે જુદી જુદી પદ્ધતિઓ અસ્તિત્વમાં આવેલ છે, જેમાં યોગાસનો પ્રાણાયામ અને ધ્યાન એ શારીરિક અને માનસિક સુસજ્જતા માટેની મહત્ત્વની પદ્ધતિઓ છે. માનસિક તણાવના નિયમનમાં યોગ બે રીતે મહત્ત્વનો ફાળો આપે છે:

૧. હાયપોથેલેમસ પર અસર કરી ઉચ્ચ માનસિક કાર્યક્ષમતા વિકસાવે છે.

૨. જીવનની ફિલસૂફી દ્વારા વર્તનને અસર કરે છે.

### યોગાભ્યાસ દરમ્યાન ધ્યાનમાં રાખવા જેવી બાબતો

યોગાભ્યાસથી પૂરેપૂરો લાભ મેળવવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ:

૧. યોગાભ્યાસ પ્રાતઃકાલ શૌચક્રિયા કર્યા પછી કરવો જોઈએ. જો સ્નાન કરીને યોગાભ્યાસ કરવામાં આવે તો વધારે સારું કારણ કે સ્નાનથી શરીર હલકું અને સ્ફૂર્તિવાળું બને છે તેથી યોગાભ્યાસ સરળતાથી કરી શકાય છે.

૨. યોગાભ્યાસ કરવાની જગ્યા સમતલ, સ્વચ્છ અને શાંત હોવી જોઈએ. જમીન ઉપર શેતરંજી કે આસન પાથરીને યોગાભ્યાસ કરી શકાય.

૩. ઋતુ અનુસાર પોશાક પહેરવો જોઈએ. પુરુષો માટે લંગોટ અથવા જાંગિયો અને ચડ્ડી તથા સ્ત્રીઓ માટે પંજાબી ડ્રેસ અથવા સ્લેક્સ વધુ અનુકૂળ રહે છે.

૪. યોગાભ્યાસ કરતી વખતે વાતચીત કરવી નહિ.

૫. યોગાભ્યાસ શરૂ કરતાં પહેલાં શવાસન કરીને શ્વાસ, શરીર અને મનને શાંત કરવા જોઈએ.

૬. યોગભ્યાસ ધીમે ધીમે વધારવો જોઈએ. આમ કરવાથી શરીરમાં સુનમ્યતા, પેદા થશે અને તેનાથી યોગાભ્યાસ સરળતાથી કરી શકાશે.

૭. યોગાભ્યાસ કરનારે શક્ય હોય ત્યાં સુધી હલકો ખોરાક લેવો, જેથી શરીર હલકું રહે.

૮. યોગાભ્યાસ દરમ્યાન કદાપિ બિનજરૂરી ઉતાવળ ન કરવી.

૯. યોગાભ્યાસ કર્યા પછી શક્ય હોય ત્યાં સુધી થોડા સમય માટે શવાસન કરવું. શવાસનથી શરીરનો થાક ઝડપથી ઊતરી જાય છે અને શરીરમાં શક્તિઓનો સંચાર થાય છે.

૧૦. યોગાભ્યાસ માટેનો સમય ધીમે ધીમે વધારવો જોઈએ. પહેલાં જ દિવસે વધુ યોગાભ્યાસ કરી નાખવાનો આગ્રહ ન રાખવો.

૧૧. હરીફાઈ લાવથી કે દેખાવ કરવા માટે યોગાભ્યાસ ન કરવો જોઈએ.

૧૨. યોગાભ્યાસ નિયમિત થાય તે આવશ્યક છે, બહુ અનિયમિત યોગાભ્યાસ નુક્સાન પણ કરી શકે છે.

૧૩. કોઈ કારણસર લાંબા સમય સુધી યોગાભ્યાસ બંધ રહ્યો હોય તો ફરી પ્રારંભ કરતી વખતે હળવી શરૂઆત કરવી અને ધીમે ધીમે અભ્યાસ વધારવો.

૧૪. યોગાભ્યાસમાં શ્રદ્ધા રાખવી અને યોગાભ્યાસ કરતી વખતે ચિત્ત શાંત હોય તે જરૂરી છે.

## નિયમિત યોગાભ્યાસની અસરો

નિયમિત યોગ્ય રીતે યોગાભ્યાસ કરવાથી વ્યક્તિની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક કક્ષાઓમાં નિયંત્રણ જળવાય છે. વ્યક્તિ પોતાની પ્રકૃતિથી અવગત થાય તે ધ્યેયને અનુલક્ષી પ્રવૃત્તિ સામેલ કરાયેલ હોય છે અને તેથી નીચે દર્શાવેલ ફેરફારો થતા હોય છે:

૧. બુદ્ધિનો વિકાસ થાય છે, જેનાથી વ્યક્તિ કઠિન અને સૂક્ષ્મ વિષયોને પણ સરળતાથી સમજી શકે છે.

૨. સ્મરણશક્તિ વધે છે.

૩. કાર્ય કરવામાં એકાગ્રતા વધે છે. જેથી કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થાય છે.

૪. શરીર, મન, ઈન્દ્રિયો પર નિયંત્રણ રાખી શકાય છે.

૫. શારીરિક તથા માનસિક દુઃખ સહન કરવાની શક્તિ વધે છે.

૬. શરીર અને મનનું સંતુલન રહે છે.

૭. શરીરનો થાક દૂર થાય છે.

૮. ઈચ્છાશક્તિ વધે છે.

૯. માનસિક તણાવ દૂર થાય છે.

૧૦. નવી ઊર્જા એટલે કે જીવનની શક્તિ વધે છે.

૧૧. ક્રોધ પર કાબૂ આવે છે.

૧૨. મનની ચંચળતામાં ઘટાડો થાય છે.

૧૩. યોગથી સમતાનો ભાવ વિકસે છે. વ્યક્તિને રાગ, દ્વેષ, સુખ-દુઃખ, માન-અપમાન વગેરે દ્વન્દ્વો સહન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

૧૪. નિયમિત યોગાભ્યાસથી રોગ-પ્રતિકારક ક્ષમતામાં વધારો થાય છે.

૧૫. મોટી ઉંમરનાં ભાઈબહેનો પણ યોગાભ્યાસ કરી શકે છે. યોગ સંપૂર્ણ રીતે ભારતીય વ્યાયામપદ્ધતિ છે. આપણા ઋષિ મુનિઓએ હજારો વર્ષો સુધી યોગાભ્યાસ પદ્ધતિ અપનાવી હતી. પરિણામે તેઓ ઘણાં વર્ષો સુધી સ્વસ્થ અને તણાવમુક્ત રહેતા હતા.

૧૬. યોગાભ્યાસ વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે છે.

૧૭. નિયમિત યોગાભ્યાસ હૃદય અને જ્ઞાનતંત્રને બળવાન અને કાર્યક્ષમ બનાવે છે તેમજ ચિત્તને સમતા અને શાંતિ પ્રદાન કરે છે.

૧૮. નિયમિત યોગાભ્યાસ શરીરની જુદી જુદી અંતસ્ત્રાવી ગ્રંથિઓને જાગ્રત કરે છે, જેનાથી તેમનામાં યોગ્ય પ્રમાણમાં રસ ઉત્પન્ન થાય છે. આ રસ શરીરમાં ભળીને શરીરનો સંતુલિત વિકાસ કરે છે.

૧૯. નિયમિત યોગાભ્યાસ કરનારના શરીરમાં કોઈ અશુદ્ધિઓ રહેતી ન હોવાથી તે સદાય શાંત, પ્રસન્ન રહે છે.

આ રીતે નિયમિત યોગાભ્યાસ દ્વારા આત્મબળ અને મનોબળ બંને વિકસાવી શકાય છે.

જો એ બંને બળ બરાબર સંતુલિત રૂપથી કાર્ય કરે તો તે નિરુત્સાહી વ્યક્તિમાં પણ જીવન શક્તિનો સંચાર થાય છે. એટલે કહી શકાય કે નિયમિત યોગાભ્યાસથી વ્યક્તિનો મનો-શારીરિક વિકાસ થાય છે. યોગ એ જીવનથી અલગ નથી પરંતુ જીવવાની સુવ્યવસ્થિત, વૈજ્ઞાનિક શૈલી છે. આ જીવન શૈલીને અનુસરીને માનવી ધર્મ, સંપ્રદાય, જ્ઞાતિ, જાતિ વગેરે બધી જ સંકીર્ણતાઓથી ઉપર એક આધ્યાત્મિક ઊંચાઈ સાથે જીવન જીવી શકે છે અને જીવનનો સાચો ઉદ્દેશ્ય પરિપૂર્ણ કરી શકે છે.

B-1 Swiss Avenue, Patel Colony,
Opp Manekbaug Hall, Ambawadi,
Ahmedabad-380 015.
(R) 079-26564650 (M) 9898870840

**।। વિદ્યાવૃત્ત ।।**

CVM યુનિવર્સિટીની MBIT કોલેજના ટ્રેનીંગ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ માટે એક મહીના સુધી તૈયારી કરાવામાં આવી. આ કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓને Resume બનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. ત્યારબાદ વિદ્યાર્થીઓ માટે પાંચ Aptitude ટેસ્ટ અને પાંચ Technical ટેસ્ટ યોજવામાં આવ્યા હતા. અંતિમ તબક્કામાં વિદ્યાર્થીઓ માટે Mock HR ઈન્ટરવ્યૂ અને ટેકનિકલ ઇન્ટરવ્યૂ યોજવામાં આવ્યા હતા જેમાં ૭૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થાના આચાર્યા પ્રો. ડો. અર્ચના નાનોટીએ આ પ્લેસમેન્ટ સિઝનમાં પ્રથમ place થનાર વિદ્યાર્થીની કુમારી નિત્યા શાહને અભિનંદન પાઠવ્યા હતા તેમજ સંસ્થાના પ્રાધ્યાપકોને વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે આવા કાર્યક્રમો ભવિષ્યમાં પણ યોજવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

**।। વિદ્યાવૃત્ત ।।**

## રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝીક એન્ડ ડાન્સ કોલેજમાં દેશભક્તિ ગીત સ્પર્ધા યોજાઇ

કોલેજના વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના જાગૃત થાય એવા ઉદેશ્ય સાથે ચારુતર વિદ્યામંડળ સંચાલિત રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝીક એન્ડ ડાન્સ, વલ્લભ વિદ્યાનગર દ્વારા ૭૪માં સ્વતંત્રતા દિન નિમિત્તે કોલેજના વોકલ (કંઠ્ય સંગીત) વિભાગના તથા અન્ય વિભાગના વિદ્યાર્થીઓ માટે આ સ્પર્ધાનું આયોજન ગાયન વિભાગના અધ્યાપકશ્રી તસ્સવુર મલેક દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. નક્કી કરેલ માળખામાં નિયત સમયના વિડીયો ક્લિપિંગ એકત્ર કરી પ્રત્યેક વર્ગના વિજેતાઓને જાહેર કર્યા હતા. દરેક વર્ગમાં ત્રણ નંબર આપ્યા હતા એમાંના પ્રથમ વિજેતાઓના નામ આ પ્રમાણે છે. એફ.વાય.ડિપ્લોમાના પ્રથમ આધ્યા ગૌતમ, એસ.વાય.ડિપ્લોમાના પ્રથમ અમન રાયથાથા, એસ.વાય.ડિગ્રી પ્રથમ કલ્યાણી મહેતા, ટી.વાય. ડિગ્રીમાં પ્રથમ ભૌમિક બ્રહ્મભટ્ટ, વિજેતા થયા હતા. કોલેજના કાર્યવાહક આચાર્ય ડૉ. ધીરુભાઈ દેસાઈએ કાર્યક્રમની સફળતા બદલ વિદ્યાર્થીઓ, અધાપકો તથા સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

## સંગીત માર્તન્ડ પંડિત જસરાજજીને શબ્દાંજલિ.

આપણા દેશમાં શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે મહત્વના ઘરાના થયાં તેમાં પંજાબના મેવાત રાજ્યનું ઘરાનું તે મેવાતી ઘરાનું. આ મેવાતી ઘરાનાનું ઘરેણું એટલે દિગ્ગજ ગાયક જસરાજજી. પિતા પં. મોતીરામના સૌથી નાના લાડકા જસરાજ આખો પરિવાર સંગીતની દુનિયામાં ગાયકી અને વાદનકળામાં રાજ્યાશ્રય પામી ચૂકેલો.

મોટાભાઇ મણીરામ તથા તેઓ બંને સાણંદ દરબારમાં રાજ્યાશ્રય પામ્યા. દરબાર જસવંતસિંહજી માતા કાલિકાના પ્રખર ભક્ત અને સંગીતકાર તથા ઉત્તમ પ્રકારના ગાયક. તે વખતે જસરાજજી તબલાવાદન કરતા અને સંગત કરતાં. એમનો અવાજ સારો હતો આથી મોટાભાઇની સલાહથી ગાવાનું શરૂ કર્યું. દિન-બ-દિન એમની ગાયકીમાં એક પ્રકારની ખરજની આસ વર્તાવા લાગી અને પછી મેવાતી ઘરાનું સારાયે દેશમાં એમના થકી પ્રસિદ્ધ થયું.

૨૦ વર્ષની ઉંમરે જસરાજજીની ગાયકીની સુગંધ પ્રસરવા લાગી હતી. આ સમયમાં પ્રસિદ્ધ ફિલ્મ નિર્માતા વ્હી. શાંતારામનની પુત્રી મધુરા સાથે પરિચય થયો જે પરિણયમાં પરિણમ્યો. તેમના બે સંતાન રત્નોમાં પુત્ર પં. સારંગદેવ અને પુત્રી દુર્ગા પિતાશ્રીના શાસ્ત્રીય સંગીતના વારસાને ઉજાળી રહ્યા છે.

પંડિતજીની બિન્દાસ ગાયકીમાં હરિઓમ તત્ સત્ આલાપથી જ્યારે સ્વરોનું મંડાણ થાય ત્યારે શ્રોતા અને ગાયક બંને સમાધિમાં ડૂબતાં. તેઓ હવેલી સંગીતમાં કીર્તન કરતાં ત્યારે સાક્ષાત કૃષ્ણ તેમની સામે ખાડા થયાં હોય તેવો ભાવ ચહેરા પર અને લલાટમાં નિષ્પન્ન થતો. નંદ મહાર ઘર બાજે બધાઇ આ કૃષ્ણ જન્મની વધાઈનું કિર્તન અને કૃષ્ણના સ્તોત્રો આજે દેશ ના લખો ઘરોમાં વહેલી સવારે ગુંજતા હોય છે. તેનો મતલબ થાય છે કે તેઓ સુંદર સ્વરો અને અવાજ દ્વારા આપણી વચ્ચે હયાત છે. શું એમ નથી લાગતું કે જસરાજજી હજી કેટલીયે પેઢી સુધી સંગીતના પદો, કિર્તનો, ધૂનો, સ્તોત્રો, બંદીશો, દ્વારા આપણામાં સદાય જીવંત રહેશે!

સ્વરોની અદાયગી, આલાપચારી અને ભાવપૂર્ણ ગાયકીની ત્રિવેણી એના ગળામાં વહેતી ત્યારે જાણે હિમાલયમાંથી કલકલ કરતાં વહેતા જરણશ નો આભાસ કરતી. એમની ગાયકીમાં રસ ઉપરાંત ભાવનો સંવાદ હતો જાણે દૂધમાં સાકર.

પંડિતજીની સંગીત યાત્રા દેશ અને પરદેશમાં વણથંભી આગળ વધી. આકાશવાણી શાસ્ત્રીય સંગીતની મહેફિલો, જશરાજજીના નામથી શ્રોતાઓ હોલ યા સ્ટેડિયમ છલકાવી દેતા. નવ દાયકાના દીર્ઘ જીવનમાં સંગીત ક્ષેત્રે અનેક સન્માનો એવોર્ડ પ્રાપ્ત થયા.ભારત સરકારે જુદા જુદા મુકામે અનુક્રમે પદ્મશ્રી, પદ્મભૂષણ અને પદ્મવિભૂષણના એવોર્ડથી નવાજયા. દેશ પરદેશની છ યુનિવર્સિટીઓએ તેઓને માનદ ડોક્ટરેટ (Ph.D.)ની પદવી અર્પણ કરી.

કેટલાક નેતાઓ, મહાનેતાઓ, સર્જકો, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો, પોતાનાં કાર્યો દ્વારા આજેય એટલા જ પ્રસ્તુત છે, એમ જસરાજજી પણ સદીઓ સુધી સ્વર સંગીત દ્વારા લોક હૃદયમાં પ્રસ્તુત રહેશે.

સાચા સંગીતકારને સાચી શ્રધ્ધાંજલી આપવી હોય તો તેમના પદોને હૃદયસ્થ કરવા પડશે. શાસ્ત્રીય સંગીતમાં જોડાવું પડશે, શ્રવણ કરવું પડશે અને આપણાં મન અને આત્મા સાથે એમના સંગીતને અમર કરવું પડશે. આવો પ્રેમના એક અવતાર સમો ગાયક આપણી વચ્ચેથી વિદાય થાય ત્યારે સંગીત ક્ષેત્રમાં મોટો ખાલીપો સર્જાય છે.

આ ખાલીપો પૂરા કરવાનું કામ તેમના શાગિર્દોએ પંડિતજીનાં સ્વર અને સંગીતનો ભારતીય શાસ્ત્રીય સંગીત ક્ષેત્રમાં સાકારિત કરવા સતત સંઘર્ષ કરવો પડશે એ જ એમની સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.

સૌજન્ય ડૉ. ધીરુભાઈ દેસાઈ, આચાર્ય રમા મનુભાઈ દેસાઈ કોલેજ મ્યુઝીક એન્ડ ડાન્સ વલ્લભવિદ્યાનગર

## સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સ દ્વારા વેબીનારનું આયોજન થયું

સીવીએમ યુનિવર્સિટીની, સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સ દ્વારા, તારીખ એક ઓગસ્ટથી સાત ઓગસ્ટ સુધી સપ્તરંગી 'રવિ થી રવિ' શીર્ષક હેઠળ facebook ઉપર લાઈવ વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું, તારીખ ૧લી ઓગસ્ટ એટલે ઈપ્કોવાલા સંતરામ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સનો સ્થાપના દિવસ અને ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળનો જન્મદિવસ અને તારીખ ૭મી ઓગસ્ટ એટલે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરનો નિર્વાણ દિવસ. આ બંને મહાનુભાવોની જન્મતિથિ અને નિર્વાણતિથિને સાંકળી સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સ દ્વારા, સપ્તરંગી 'રવિ થી રવિ..' સુધી... વેબીનારનું આયોજન હાથ ધર્યું હતું. આ માટે જુદા જુદા વક્તાઓ દ્વારા વિધવિધ વિષયો પર વ્યાખ્યાનો આયોજિત કરવામાં આવ્યા.

જેમાં તારીખ ૧ ઓગસ્ટે ઇપ્કોવાલા સંતરામ કોલેજ ફાઇન આર્ટ્સના ૬૧માં સ્થાપના દિન અને ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળના ૧૨૯માં જન્મદિન નિમિત્તે કોલેજના ભૂતપૂર્વ આચાર્ય શ્રી અજીતભાઇ પટેલની ઉપસ્થિતિમાં, કોલેજના કેમ્પસમાં આવેલી સ્થાપક શ્રી રવિશંકર રાવળની પ્રતિમાને ફૂલ માળા અર્પણ કરી કોલેજનો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે કોલેજના વર્તમાન આચાર્ય શ્રીમતી ભાવનાબેને સ્વાગત પરિચય આપી કાર્યક્રમની શરૂઆત કરી હતી, મહેમાન શ્રી અજીતભાઈ પટેલે તેમના સંસ્મરણો વાગોળ્યા હતા.

ફાઇન આર્ટ્સ કોલેજના નિયામક શ્રી કનુ પટેલે સપ્તરંગી 'રવિ થી રવિ' વેબીનારના આયોજન વિશે વિગતે માહિતી આપી હતી. પ્રથમ દિવસે તારીખ પહેલી ઓગસ્ટે ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળના જીવન અને કવન તથા તેમની કલા વિષે કનુ પટેલે facebook ઉપર લાઈવ વ્યાખ્યાન આપ્યું હતું, શ્રી નરખડીવાળાએ કનુ પટેલનો પરિચય આપ્યો હતો. તારીખ બીજી ઓગસ્ટે પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી નટુભાઈ પરીખે રવિશંકર રાવળના શિષ્ય એવા શ્રી રસિકલાલ પરીખના વ્યક્તિત્વ, કલાકર્મ અને કલા શિક્ષણ પર વ્યાખ્યાન આપ્યું હતું, કૃષ્ણ પડિયા એ શ્રી નટુભાઈ પરીખનો પરિચય આપ્યો હતો.

તારીખ ત્રીજી ઓગસ્ટે આર્ટ ક્રિટીક શ્રી હર્ષદરાય પડિયાએ પ્રસિદ્ધ ચિત્રકાર કનુ દેસાઈની જીવન યાત્રા અને કલા અંગે વિગતે પરિચય આપી ચર્ચા કરી હતી, શ્રી કનુ દેસાઇના કલાક્ષેત્રના યોગદાનને મૂલવ્યું હતું. તેમનો પરિચય કૃષ્ણ પડિયાએ આપ્યો હતો. તારીખ ચોથી ઓગસ્ટના રોજ પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જયંતભાઈ પરીખે વડોદરા ફેકલ્ટી ઓફ ફાઇન આર્ટસના પૂર્વ અધ્યક્ષ અને ભારતના હસ્તાક્ષર એવા પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી એન. એસ. બેન્દ્રે વિશે પોતાના અનુભવો જણાવ્યા હતા. શ્રી જયંતભાઈ શ્રી એન. એસ. બેન્દ્રે સાહેબના સીધા શિષ્ય હોવાને કારણે એમણે પોતાની રસાળ શૈલીમાં આ વાર્તાલાપ કર્યો હતો. ચિત્રકારશ્રી જયંતભાઈનો પરિચય કોલેજના નિયામકશ્રી કનુ પટેલે આપ્યો હતો. તારીખ ૫ ઓગસ્ટના રોજ ભાવનગરના જાણીતા ચિત્રકાર અને કલાવિદ્ ડૉ. અશોક પટેલે ગુજરાતની કલામાં લોકકલાતત્વ વિશે વ્યાખ્યાન આપ્યું હતું. તેમનો પરિચય એપ્લાઇડઆર્ટના અધ્યાપકશ્રી રાજેન્દ્ર થાનકીએ આપ્યો હતો. તારીખ ૬ટ્ઠી ઓગસ્ટના રોજ વિખ્યાત કલા મરમી, કલા મિમાંસક, કલા અને સંસ્કૃતિના ઉપાસક એવા શ્રી નિસર્ગ આહિરે બંગાળ રેનેસાં વિશે ખૂબ જ વિશદપૂર્ણ, સચિત્ર માહિતી આપી અને બંગાળ પુનરુત્થાનમાં જે કલાકારોએ યોગદાન આપ્યું હતું, તે કલાકારોનો પરિચય કરાવ્યો હતો, શ્રી નિસર્ગ આહીરનો પરિચય કનુ પટેલે આપ્યો હતો. તારીખ ૭મી ઓગસ્ટના રોજ જામનગરથી ડૉ. સતિષચંદ્ર વ્યાસે રવીન્દ્રનાથ ટાગોરની કલા સૃષ્ટિ વિશે વાત કરી હતી, તેમણે રવીન્દ્રનાથે કરેલા ચિત્રો બતાવીને તેમની સર્જનાત્મકતાને વ્યાખ્યાયીત કરી હતી, તેમનો પરિચય ડોક્ટર દીપક ભટ્ટે આપ્યો હતો. આમ આ સપ્તરંગી 'રવિ થી રવિ' સુધી વેબીનારના આયોજનની પરિકલ્પના કોલેજના માનદ નિયામક અને સીવીએમ કોલેજ ઓફ ફાઇન આર્ટ્સના કાર્યવાહક આચાર્ય કનુ પટેલ કરી હતી, તેમાં ઈપ્કોવાલા સંતરામ કોલેજ ઓફ આર્ટ્સના આચાર્યા શ્રીમતી ભાવનાબેન પટેલે સહયોગ કર્યો હતો. ડૉ. દીપક ભટ્ટ, વિપુલ મકવાણા અને કુમારી શ્રેયાએ ટેકનિકલ સહયોગ પુરો પાડ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંયોજન કરનાર શ્રી કિશોર નરખડીવાળા અને શ્રીકૃષ્ણ પડિયા હતા. ફાઇન આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓ અને સમગ્ર ગુજરાતના કલાર્થીઓએ ખુબ જ આનંદ પૂર્વક આ કાર્યક્રમને નિહાળ્યો હતો.









ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ.ડો.એચ.એમ.પટેલ સાહેબની ૧૧૭મી જન્મજયંતિ નિમિત્તે વલ્લભ વિદ્યાનગર ખાતે નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટસ કોલેજની પાસે આવેલ પૂ.ડો.એચ.એમ.પટેલ સાહેબની પ્રતિમાએ તા.૨૭-૦૮-૨૦૨૦ને ગુરૂવારના રોજ સવારે ૯-૩૦ કલાકે પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ચારુતર વિદ્યામંડળના હોદ્દેદારો ચેરમેનશ્રી ભીખુભાઈ બી.પટેલ, માનદ્ મંત્રીશ્રી ડો.એસ.જી.પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ શ્રી બી.પી.પટેલ, શ્રી મેહુલ ડી.પટેલ, શ્રી રમેશ તલાટી, શ્રી વિશાલ એચ.પટેલ અને મંડળના કર્મચારીગણ તથા એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈંગ્લિશ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ અને નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના આચાર્યશ્રીઓ, કર્મચારીગણ ઉપસ્થિત રહયા હતા અને પૂ.ડો.એચ.એમ.પટેલ સાહેબને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. તસવીરમાં ભૂતપૂર્વ અધ્યક્ષને પુષ્પાંજલિ અર્પણ કરતા મહાનુભાવો દશ્યમાન થાય છે.

September 2020

V-Vidyanagar 22 (9)
Published on 05.09.2020
No. of Pages 48 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



# उमर कि ऐसि तैसि

## अटल बिहारी बाजपेई

(25 December 1924 to 16 August 2018)

घर चाहे कैसा भी हो.........
उसके एक कोने में...........
खुलकर हंसने की जगह रखना..

सूरज कितना भी दूर हो...........
उसको घर आने का रास्ता देना..

कभी कभी छत पर चढ़कर..
तारे अवश्य गिनना......
हो सके तो हाथ बढ़ा कर.....
चाँद को छूने की कोशिश करना....

अगर हो लोगों से मिलना जुलना.....
तो घर के पास पड़ोस ज़रूर रखना..

भीगने देना बारिश में...........
उछल कूद भी करने देना......
हो सके तो बच्चों को.......
एक कागज़ की किश्ती चलाने देना..

कभी हो फुरसत,आसमान भी साफ हो....
तो एक पतंग आसमान में चढ़ाना...........
हो सके तो एक छोटा सा पेंच भी लड़ाना..

घर के सामने रखना एक पेड़....
उस पर बैठे पक्षियों की..........
बातें अवश्य सुनना................

घर चाहे कैसा भी हो........
घर के एक कोने में...........
खुलकर हँसने की जगह रखना...

चाहे जिधर से गुज़रिये...........
मीठी सी हलचल मचा दीजिये..

उम्र का "हर एक दौर" मज़ेदार है
अपनी "उम्र" का मज़ा लीजिये...

ज़िंदा दिल रहिए जनाब........
ये चेहरे पे उदासी कैसी...........
वक्त तो बीत ही रहा है..............
"उम्र की ऐसी की तैसी...........!

**Editor: Dr. Urvish Chhaya || Printed at Lajja Communications, Vidyanagar 388 120**
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)